# મૂર્તિ

માર્ચ ૨૦૧૫
વર્ષ : ૧૨ – અંક ૩

દ્વિ વાર્ષિક : રૂા. ૧૦૦
પંચ વાર્ષિક : રૂા. ૨૦૦
આજીવન : રૂા. ૫૦૦

જીવને માયિક વસ્તુની કિંમત છે અને
શ્રીજીમહારાજ તથા અનાદિની કિંમત નથી
તે નાસ્તિકભાવ કહેવાય.






શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન દ્વારા પ્રસિધ્ધ થયેલ વિવિધ પુસ્તક, સી.ડી. તથા વચનામૃત મોબાઈલ એપ્લીકેશનનું વિમોચન

પ્રકાશક : શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર ટ્રસ્ટ, બળદિયા, તા. ભુજ, જિ. કચ્છ. પીન : 370 427

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થીભુવન, સુરેન્દ્રનગર ત્રિદિનાત્મક મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે છતેડીધામથી ઉપસ્થિત સદ્. શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી તથા સેક્રેટરીશ્રી છગનબાપા









## શ્રી સ્વામિનારાયણ પ્રા. મા. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રભાત-ભક્તિફેરી તથા ઈતર પ્રવૃત્તિ









# શ્રી ઘનશ્યામ એકેડેમીના વિદ્યાર્થીઓએ રજુ કરેલ વિજ્ઞાન તથા સાંસ્કૃતિક પ્રદર્શન















# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ આયોજીત પ.પૂ.અ.મુ. શ્રી નારાયણમામા પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે આશીર્વચન પાઠવતા સંતો


















Printed and Published by Kalyan Naran Vekara, on behalf of Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Printed at Swastik Offset - Basement Hotel Ratrani, New Station Road, Bhuj-Kachchh. 370001 and Published at Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Po. Baladia, Bhuj-Kachchh. Editor : Kalyan Naran Vekara

RNI No.: GUJGUJ/2004/52455

માર્ચ : ૨૦૧૫

વર્ષ : ૧૨

અંક : ૩



# મૂર્તિ



**દિવ્ય પ્રેરણા**



પ.પૂ. અ.મુ. મુનિસ્વામી
શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

**માર્ગદર્શક**

સાધુ ઘનશ્યામસ્વરૂપદાસજી સ્વામી

**તંત્રી**

શ્રી કલ્યાણ નારણ વેકરીયા

**પરામર્શક**

શ્રી અતુલ આર. પારેજીયા

**પ્રકાશક**

**શ્રી અબજીબાપાની છતેડી અને
હનુમાનજી મંદિર ટ્રસ્ટ**
બળદિયા-ભુજ (કચ્છ)
ફોન : ૦૨૮૩૨ - ૨૮૨૫૫૩
ફેક્સ : ૦૨૮૩૨ - ૨૮૨૨૫૩
E-mail : abjibapachhatedi@yahoo.com
Website : www.abjibapanichhatedi.org

**લવાજમ**

| | |
|---|---|
| દ્વિ વાર્ષિક | : રૂા. ૧૦૦/- |
| પંચ વાર્ષિક | : રૂા. ૨૦૦/- |
| આજીવન | : રૂા. ૫૦૦/- |
| વિદેશમાં આજીવન | : રૂા. ૪૦૦૦/- |

**પ્રકાશન તારીખ**

દર માસની ૧૧ તારીખે

**પ્રિન્ટીંગ**

**સ્વસ્તિક ઓફસેટ**
બેઝમેન્ટ, પિંડોરીયા ચેમ્બર્સ,
ન્યૂ સ્ટેશન રોડ, ભુજ-કચ્છ.
Tel : 02832-256368
E-mail : contact@swastikoffset.com

## દિવ્ય સંકલ્પવાણી

**આપણે મોટા મુક્ત તથા સંત-હરિભક્ત એ બધાયને ઘરના જાણવા કેમ કે બધાયમાં કર્તા એક મહારાજ જ છે, તેથી તેમને સેવાએ રાજી કરવા. આ સત્સંગરૂપ બગીચો શ્રીજીમહારાજનો કરેલો છે તેની પુષ્ટિ કર્યા કરવી.**

## પ્રસાદ

મારે મંદિર ના'વો રે, કે મોહન શા માટે ;
શિર સાટે ઘોળ્યું રે, કે વાલમ તમ માટે.. ૧
શું કરશે ઘોળ્યા રે, કે જુઠા સંસારી;
ઘરશોમાં શંકા રે, કે મનમાં ગિરધારી.. ૨
જગજીવન તમને રે, કે સાચા જાણીને;
કોણ માને જગની રે, કે ખોટી વાણીને.. ૩
મારે મનડે ભાવ્યા રે, કે મોહન મરમાળા;
સો માથા જાતાં રે, કે સોંઘા છોગાળા.. ૪
તમ સાથે જોડી રે, કે સૌથી તોડીને ;
દુરીજન શું કરશે રે, કે મુખડા મોડીને.. ૫
શિરસાટે સમજી રે, કે બાંધ્યુ છે બેલું;
બ્રહ્માનંદના વ્હાલા રે, કે તમને કેમ મેલું.. ૬

# અબજ અમૃત

- ખરો અધિકાર તો સંતના ચરણમાં રહીએ તે છે.
- મુક્તના જોગ વિના અંતર ખુલ્લા કરી શકે એવું કોઈ સાધન કે વિધિ નથી.
- શ્રીજીમહારાજનો અંતર્યામી જાણે અને મોટા અનાદિને અંતર્યામી ન જાણે તો અર્ધો નાસ્તિક કહેવાય.
- શ્રીજીમહારાજ મુક્ત દ્વારે ક્રિયા કરે છે એવું જેને જણાણું હોય તેને મુક્તની બધી ક્રિયા દિવ્ય લાગે.
- મોટાનો જોગ-સમાગમ કરવાથી મોટા મુક્ત જીવને પોતાના જેવા કરે છે.
- આજ તો સનાતન મહારાજ અને સનાતન મુક્ત મળ્યા છે. તેમની બરાબર બીજું કોઈ છે જ નહિ.
- કયાં મહારાજ અને અનાદિમુક્ત! તેમનું પ્રમાણ અવરભાવવાળા શું કરી શકે?
- મહારાજ અને અનાદિમુક્ત અરસપરસ, જળ તરંગવત્ છે.
- અનાદિના સંકલ્પે મૂર્તિ મળે છે. આપણે તો મહારાજ અને મોટાના ખોળામાં મસ્તક મૂકી દેવું
- કેવડા મહારાજ ને કેવડા અનાદિમુક્ત! આતો ભારે વાત બની ગઈ છે એવા જોગમાં હારી જવું નહીી

### કૃપાવર્ષા મહોત્સવ નિમિત્તે યોજાયેલ કાર્યક્રમો

બાપાશ્રી ખૂબ જ હેતવાળા તથા સંતોની સેવામાં હરઘડી તત્પર એવા પ.ભ. ગોવિંદભાઈના નૂતન મકાનના વાસ્તુ પૂજન નિમિત્તે બ્રહ્મયજ્ઞનું આયોજન છતેડીધામે ઉજવાનાર કૃપાવર્ષા મહોત્સવ અંતર્ગત કરેલ હતું.

આ બ્રહ્મયજ્ઞમાં પ.ભ. ગોવિંદભાઈના ખાસ આગ્રહથી છતેડીધામથી વયોવૃદ્ધ ૧૦૧ વર્ષના સ.ગુ.દેવપ્રસાદદાસજી ખાસ રાજી થઈને પધાર્યા હતા. તદુપરાંત મૂળીના કૃપાવર્ષા મહોત્સવના અધ્યક્ષશ્રી સ.ગુ.સ્વયં પ્રકાશદાસજી તથા વિશ્વપ્રકાશદાસજી, જોરાવરનગરથી સ.ગુ. પુરુષોત્તમચરણદાસજી, ચૈતન્યમુનિદાસજી તથા સેવાવત્સલદાસજી, છતેડીધામથી ધનશ્યામસ્વરૂપદાસજી તથા અન્ય સંતો પધાર્યા હતા અને પ.ભ.ગોવિંદભાઈ તથા તેમના કુંટુંબને આશીર્વાદ આપ્યા હતા.

હરિભક્તો પણ અનેક સ્થાનોએથી પધાર્યા હતા.

### કૃપાવર્ષા મહોત્સવ નિમિત્તે ૧૦૦ કે તેથી વધારે કલાક કરેલ ધૂનની યાદી

રામપુરા ૧૦૦, જરવલા ૩૦૦, ભરાડા ૧૬૦૦, કુંતલપુર ૧૦૦, ઉભડા ૧૦૦, નવરંગપુરા ૧૦૦, લીંબલી ૧૦૦, ટુવા ૧૦૦, દેદાદરા ૧૦૦, વાડલા ૧૦૦, આદલસર ૧૦૦, ભેચડા ૧૦૦, માંડલ ૧૦૦, માનસર ૧૦૦, ધોળી ૯૨૦, રતનપર ૧૦૦, ગુંદીયાળા ૧૦૦, ઘાંટીલા ૧૦૦, હળવદ ૫૦૦, અમદાવાદ મહિલા મંડળ ૧૦૦, મોટા ગોરૈયા ૧૦૦, ભડીયાદ ૧૦૦, નારીચાણા ૧૦૦, લુણસર ૧૦૦, લટુડા ૨૦૦, સોખડા ૧૦૦, સુરેન્દ્રનગર ૮૦ ફુટ રોડ ૪૬૦, નવાગઢ ૧૦૦, રામપુરા ૪૦૦ દેવદાસભાઈવાળા મંદીરની બાપાવાળુ.

-અ.મુ.સદ્. શ્રીઈશ્વરચરણદાસજી સ્વામી

# બાપાશ્રીએ કૃપા કરી વાત કરી જે

* સરસપુરના પ્રાણશંકરભાઈ પૂછ્યું જે,'' ગપ્પીને ઘેર ગપ્પી આવ્યા, કહો ગપ્પીજી, બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી'' તે શું સમજવું?

બાપાશ્રી બોલ્યા જે, ચીભડું તે માયા જાણવી અને બી તે જીવ જાણવો. જીવ જ્યારે માયાના બંધનથી છૂટે ત્યારે માયાથી મોટો થાય એમ સમજવું.

હળવદના ત્રિભોવનભાઈએ પૂછ્યું જે,''કીડીબાઈ ચાલ્યાં સાસરે, નવ મણ કાજળ સાઈ; હાથી લિયા ગોદમેં, ઊંટ લિયા લટકાઈ''એ સાખીનો અર્થ શો હશે?

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, કીડી તે જીવ જાણવો, સાસરું તે શ્રીજીમહારાજનું ધામ જાણવું, આંજણ તે નવ આવરણ જાણવાં, તે આવરણ ટળી જાય તે આંખમાં આંજી લીધાં; આગળ ચાલ્યો તે ઊંટને ઠેકાણે બ્રહ્મકોટી છે અને હાથીને ઠેકાણે અક્ષરકોટી છે, તેમને પોતાની સાથે શ્રીજીમહારાજ પાસે લઈ જાય એવો સમર્થ થાય છે.

સભામાં અમદાવાદના શેઠ બળદેવભાઈએ પૂછ્યું જે, ''અંતે યા મતિ સા ગતિ''એ શ્રુતિનો શો અર્થ સમજવો?

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ભગવાનના ભક્તને સદા અંત અવસ્થા જેવું સમજવું. કેમ જે, દેહનો નિરધાર નથી. આ ક્ષણ આ ઘડીમાં જરૂર મરવું છે. જેમ ખળામાં દાણાનો ઢગલો પડ્યો હોય ને ચારેકોરથી વરસાદ ચઢીને ઘુઘવતો આવે તો દાણા ઢાંકવાની ઉતાવળ થાય તેમ અંત અવસ્થા સદા સમજાય ત્યારે પૂરું કરવાની આતુરતા થાય. સાધનિકને મોટાએ વચન આપ્યું હોય ને તેને કદાપિ માયાના ગુણ અંતરાય કરતા હોય તો પણ તેને કેફ રહે. જેમ બાપે દીકરાને કહ્યું હોય જે આ ઠેકાણે દ્રવ્ય દાટેલું છે તો તેનો કેફ છોકરાને રહે છે જે મારું દ્રવ્ય દાટેલું છે; તેમ જેને મોટા મુક્ત મળ્યા હોય તેને કેફ રહે જે મારું કામ કરશે જ, તો એને સર્વે કામ પૂરાં થઈ જ રહ્યાં છે.જેને મોટા મળ્યા નથી તેને કામ, ક્રોધ, માન, સ્વાદ એ આદિકનો ભાર ઘણો જ રહે, તેથી એનું અંતે અધૂરું રહે. માટે કલ્યાણકારી સંતને એટલે મુક્તને જાણવા; અને કામ,ક્રોધ આદિકના અંકૂર ઊઠવા દેવા નહિ. તેને ટાળવાનો આદર રાખવો તો મોટા સહાય કરીને ટાળી નાખે.

''નરનારાયણ દિવ્ય મૂર્તિ સંતનકો વિશ્રામ''

પુરુષાકાર શ્રીજીમહારાજ દિવ્ય મૂર્તિ છે અને સંત જે મુક્ત તેમને મૂર્તિમાં રાખી સુખ આપનારા એવા મહારાજ છે.(નરનારાયણને ઠેકાણે શ્રીજીમહારાજને જાણવા.)

''મુજ વિના જાણજો રે બીજા માયિક સૌ આકાર.''

ભગવાન જે શ્રીજીમહારાજની મૂર્તિ વિના બીજા માયિક આકાર છે, એટલે પુરુષોત્તમ ભગવાન અને તેમના મુક્ત એ બે વિના સર્વે માયિક આકાર છે. સુખમાત્ર મહારાજની મૂર્તિમાં છે. જીવ માયિક પદાર્થમાં ઝાવાં નાખે અને ઐશ્વર્ય આદિકમાં ઝાવાં નાખે, એ નિશ્ચયમાં કસર છે. કીર્તનની પંકિતમાં દર્શાવ્યા પ્રમાણે જો પરિપક્વ નિશ્ચય થયો હોય તો કોઈની ખાડમાં ન પડે, મૂર્તિમાં ખેંચાઈ જાય.

''પતિવ્રતાનો ધર્મ અચળ કરી પાળજો.'' એટલે શ્રીજીમહારાજની જેટલી આજ્ઞા છે એટલી પાળે તો પતિવ્રતા કહેવાય. વર્તમાન ધારી શ્રીહરિ સાથે સગપણ કર્યું. હવે આજ્ઞા યથાર્થ પળે તો હરિ સાથે હથેવાળો કીધો કહેવાય. પણ ગમે તેમ વરતે તો કયાં પતિવ્રતાપણું રહ્યું? યથાર્થ વર્તમાનધારીના પ્રારબ્ધ શ્રીજીમહારાજ છે. જેમ છોકરાનું પ્રારબ્ધ તેનાં મા-બાપ, તેમ શ્રીજીમહારાજ આપણા પ્રારબ્ધ છે. છોકરાને અગ્નિ જળાદિકથી તેનાં માબાપ જાળવે છે તેમ શ્રીજીમહારાજ કાળ, કર્મ, માયાથી જાળવે છે. દંડ દેવો હોય તો શ્રીજીમહારાજ પોતે દે. માટે એ જ આપણું પ્રારબ્ધ છે. આપણે શા સારુ બીજું પ્રારબ્ધ કહીએ?

શ્રીજીમહારાજ અરેરા ગામમાં પધાર્યા હતા ત્યાંથી ગલુજીને કહાવી મોકલ્યું જે ખાવા બેઠા હોય તો પડ્યું મૂકીને ધન, ધાન્ય, માણસ, પશુ સર્વસ્વ લઈને અહીં આવો. તે સાંભળીને પોતાના માતુશ્રી માંદાં હતાં તેમને મૂકીને બીજું બધું લઈને રાત્રિએ ગયા. એવા વચનમાં રહેતા હતા. ગલુજીને ઘેર એ જ રાત્રિએ શત્રુ આવીને સર્વસ્વ લૂંટી જવાના હતા અને ગલુજીને તથા તેમના મનુષ્યોને મારી નાખવાના હતા. એટલા સારુ શ્રીજીમહારાજે મંગાવ્યું હતું. શત્રુઓ રાત્રે ગલુજીને ઘેર આવીને પાછા ગયા અને સવારમાં શ્રીજીમહારાજે ગલુજીને સર્વસ્વ પાછું આપીને ડુડુસર મોકલ્યા. એવી રીતે મહારાજે પોતાના દૃઢ નિશ્ચયવાળા ને વિશ્વાસુ ભક્તની રક્ષા કરી.

કુશળકુંવરબાઈએ શું કર્યું હશે? તે કૃપા કરીને કહો. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, કુશળકુંવરબાઈએ શ્રીજીમહારાજને પોતાના ઘેર ધર્મપુર તેડાવીને રાજ્ય આપવા માંડ્યું અને શ્રીજીમહારાજની મૂર્તિને નખથી શિખા પર્યંત સમગ્ર અંગ નીરખીને અંતરમાં ઉતારી લીધી અને મૂર્તિ ભૂલી જવાય તેની બીકે કરીને દેહની ક્રિયા જે નાવું-ધોવું, ખાવું-પીવું તેનો ત્યાગ કરીને મૂર્તિ ધારી રાખી ને પંદર દિવસે દેહ પડી ગયો પણ મૂર્તિ મૂકી નહિ એવાં હતાં.

અ.મુ.બ્ર. શ્રી નિર્ગુણાનંદજી વર્ણી

# શ્રી પુરુષોત્તમ લીલામૃત સુખસાગર

પૂર્વછાયો

સર્વોપરિ સમર્થ પ્રભુ, સર્વે સુખતણા દાતાર; અનંત કોટી મુક્તને, અક્ષરતણા આધાર. ૧
કરે ચરિત્ર વનમાં વળી, સુંદર શ્રી ઘનશ્યામ; સ્તુતિ બાળકે બહુ કરી, ત્યારે બોલ્યા પૂરણ કામ. ૨

ચોપાઈ

મને જાણતો હો ભગવાન, ત્યારે કહું તે કર નિદાન; સિંહ સામો ઉભો સ્થિર થઈ, તેને અડાડી આંગળી જઈ. ૩
ત્યારે બીતો બીતો જઈ પાસ, અડાડી આંગળી વળ્યો દાસ; વળી ફેર કહે મહારાજ, એમ ન માનીએ અમે આજ. ૪
એના મુખમાં દઈને હાથ, આવ્ય કહે હેતે કૃપાનાથ; કહે બાળક મને મહારાજ, એ તો ખાઈ જાય નકી આજ. ૫
હરિ કહે જા મારે વચને, સિંહ નહિ મારે ભાઈ તને; ત્યારે તેહ બીતો બીતો જઈ, આવ્યો છે મુખમાં હાથ દઈ. ૬
ફરીવાર કહે તેને હરિ, ઘોંચી આવ આંખમાં આંગળી; કહે બાળક હે હરિરાય, એતો મારા થકી કેમ થાય. ૭
આંખમાં આંગળી જો હું મારું, હું તો જીવવાને શિદ ધારુ; એતો જરૂર મારીજ નાખે, એમ એ સુત હરિને દાખે. ૮
ત્યારે શ્રી હરિ કહે છે હસી, બાળ બીક રાખીશ માં કશી; વચને અડી આવ્યો બે વાર, તેમાં દુઃખ ન થયું લગાર. ૯
તેમ મારે કહ્યે નહિ કરડે, એમ કહી કર મૂક્યો બરડે; સિંહ નહિ મારે તુને જરી, મારી વાત તું માનજે ખરી. ૧૦
ત્યારે બાળક આણી વિશ્વાસ, ગયો ઉભેલા સિંહની પાસ; જઈ આંખમાં આંગળી મારી, મરવાની તે બીક વીસારી. ૧૧
શ્રી હરિતણે વચને કરી, સિંહ બોલ્યો નહિ જાણો જરી; એવી પરીક્ષા તેહની લીધી, બાળકે તે સર્વે પૂરી કીધી. ૧૨
પછી રાજી થઈ કહે હરિ, તારી ધીરજ તો રહી ખરી; ત્યારે તે બાળ બોલ્યો છે એમ, તમારે વચને જીવ્યો તેમ. ૧૩
તમે છોજી પ્રભુ સુખકાર, એમ જાણું છું હું નિરધાર; સિંહને સમાધિ થઈ ખરી, માટે ભગવાન છો સર્વોપરિ. ૧૪
ત્યારે કહે છે શ્રીજીમહારાજ, તે જાણ્યા પ્રભુ અમને આજ; માટે અમે કહીએ રૂડી પેર, જા તું પાછો હવે તારે ઘેર. ૧૫
તારી મા બહેનને રાજી કરી, આવજે પશ્ચિમ દેશ ફરી; હું પણ જઈશ પશ્ચિમ દેશ, એમ બોલ્યા શ્રી વર્ણિ દીનેશ. ૧૬
ત્યારે બાળ કહે બહુ સારું, નાથ કરીશ ગમતું તમારુ; પણ પૂછે મને મારી માત, તેને ઉત્તર શું દઉ તાત. ૧૭
ત્યારે કહે છે શ્રીહરિ વાત, તારી માતાને તું કહેજે ભ્રાત; હું બાવાને તેડીને આવીશ, માતા તું ચિંતા નવ રાખીશ. ૧૮
એ બાવાને રાખજે સંભારી, પળ મેલીશ મા તું વિસારી; એમ તારી માતાને તું કહેજે, વચન એહ મારું માની લેજે. ૧૯
ગયો બાળક પાછો તે વારે, દેખી પૂછ્યું તેની માએ ત્યારે; બાવો ક્યાં છે એ દેખાતો નથી, ત્યારે બાળકે કહ્યું હેતથી. ૨૦
માત એ બાવાને તમે બહુ, સંભારજો અંતરમાં કહુ; ડોશી કહે હે ડાહ્યા દીકરા, તેને તો ભૂલતી નથી જરા. ૨૧
પણ તું એ બાવાને જરૂર, તેડી લાવને મારી હજુર; તેડ્યા વિના જો આવીશ ભાઈ, તને નહિ રાખું ઘરમાંઈ. ૨૨
ત્યારે છોકરો કહે છે માત, તેડી લાવીશ હું સાક્ષાત; પણ બાવો કેટલે દિવસે, શું જાણું ક્યારે મને મળશે. ૨૩
ત્યારે ડોશી કહે સુણ વાત, જ્યાં મળે ત્યાંથી લાવજે ભ્રાત; કહે બાળક હું તેડી આવું, પણ વાટમાં મારે શું ખાવું. ૨૪
ત્યારે સુખડી તે કરી આલી, લે બેટા હવે જાજે તું ચાલી; વળી કહે બાળ માને એમ, ટીમણ થઈ રહે કરું કેમ. ૨૫
ત્યારે માતા બોલી હેતે ઝાઝે, ગામ આવે ત્યાં જઈ માગી ખાજે; કરજે બાવાની પુછા તે જઈ, ભિક્ષા સહેજે મળે તેહ ખાઈ. ૨૬
એહ બાવાના પ્રતાપ થકી, તને દુઃખ નહિ આવે નક્કી; એવી રીતે માયે કહ્યું જ્યારે, ઘેરથી ચાલ્યો બાળક ત્યારે. ૨૭
પશ્ચિમ દિશતણી વાટ લઈ, ગામોગામ ફરે શોધે જઈ; એમ કરતાં વર્ષ વીત્યાં બાર, જડ્યા ક્યાંઈ ન પ્રાણઆધાર. ૨૮ *(ક્રમશઃ)*


મૂર્તિ વિનાં અન્ય પ્રદર્શનમાં રૂચિ તે જ મંદવાડ છે.

- અ.મુ.સદ્. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

# શિક્ષાપત્રી રહસ્યાર્થ

### શિ. શ્લો. ૧૦૮ મો

**અને તે ઈશ્વર તે કયા, તો પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણભગવાન તે ઈશ્વર છે. અને તે શ્રીકૃષ્ણ જે તે આપણા ઈષ્ટદેવ છે, ને ઉપાસના કરવા યોગ્ય છે અને સર્વ અવતારના કારણ છે.**

### ઈશ્વર કયા જાણવા?

**પ્રશ્નઃ-** શાસ્ત્રમાં પ્રધાનપુરુષ, વૈરાજપુરુષ આદિ અનંતકોટી ઈશ્વર કહ્યા છે, પણ આવા તેજ પ્રતાપવાળા સર્વના પ્રકાશક ઈશ્વર કયા જાણવા? તેનો ઉત્તર એ છે કે, વચનામૃત, સત્સંગિજીવન, સત્સંગિભૂષણ આદિ, શ્રીજીએ રચેલ-રચાવેલ શાસ્ત્રમાં, જેમને પરબ્રહ્મ પુરુષોત્તમ એવા શ્રીકૃષ્ણભગવાન કહ્યા છે, તેમને જ આ સ્થળે ઈશ્વર કહેલા છે.

### 'પરબ્રહ્મ'નો અર્થ

મૂળશ્લોકમાં- 'પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણભગવાન તે ઈશ્વર છે.' એમ કહ્યું. હવે 'परंब्रह्म' એટલે શું? તો, 'ब्रह्म = बृंहते = अपारमहिमत्वात्सर्वेभ्योऽधिकं भवतीति ब्रह्म।'

સર્વથી મોટું હોય તેને બ્રહ્મ કહેવાય છે ને 'परं'વિશેષણ જે છે, એ ત્રિપુટી બ્રહ્મની વ્યાવૃત્તિને અર્થે છે. તે ત્રિપુટી બ્રહ્મનું નિરૂપણ આ પ્રમાણે છેઃ-

### મહાપુરુષરૂપ બ્રહ્મ

શ્રીહરિ, સ.જી.પ્ર.૪, અ. ૬૮માં કહે છેઃ-

અનંતકોટી બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયના કર્તા મહાપુરુષ છે, તેને જીવ, નર, અક્ષર ને બ્રહ્મ નામે કહે છે. આમાં મહાપુરુષને બ્રહ્મ કહ્યા છે.

### મૂર્તિમાન અક્ષરરૂપ બ્રહ્મ

હવે મહાપુરુષબ્રહ્મથી પર મૂર્તિમાન અક્ષરને પણ સ.જી.પ્ર. ૧, અ.૫૧માં બ્રહ્મ કહેલા છેઃ-

સત્ય, જ્ઞાન ને ''અનંત એટલે પોતાના કાર્યમાં મોટા, ને 'પૂર્ણ' અર્થાત્ પોતાના કાર્યમાં જ વ્યાપકશક્તિએ રહેલા, ને અખંડ-આવા મૂર્તિમાન અક્ષર છે. અને પોતાના તેજરૂપે અમૂર્ત છે ને શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરબ્રહ્મને રહેવાનું ધામ છે, માટે મૂર્તિમાન અક્ષરબ્રહ્મ છે. ગઢડા પ્રથમ પ્ર.ના ૬૩માં વચનામૃતમાં આ અક્ષરને 'અક્ષરધામ' નામે કહ્યું છે. અને ગઢડા પ્રથમ પ્ર.ના ૭માં વચનામૃતમાં આ અક્ષરને પાંચ ભેદમાં ગણ્યા છે; આ અક્ષરને સાકાર અક્ષરબ્રહ્મ જાણવા.

### તેજરૂપ અક્ષરબ્રહ્મ

આ સાકાર અક્ષરબ્રહ્મથકી પર, ત્રીજું અક્ષરબ્રહ્મ શ્રીજીમહારાજના તેજના સમૂહરૂપ છે. તે 'બ્રહ્મ' ને ગઢડા મધ્ય પ્રકરણના ૩૦માં 'શુદ્ધ ચૈતન્યબ્રહ્મ' નામે કહ્યું છે. અને હરિવાકયસુધાસિંધુ તા. ૧૨૭માં આ બ્રહ્મને શ્રીહરિએ પોતાના અંગનો પ્રકાશ કહ્યો છે. શું તો -

સત્, ચિત્ ને આનંદરૂપ ને નિર્ગુણ એવું જે અક્ષરબ્રહ્મ છે, તે તો આ શ્રીસ્વામિનારાયણ ભગવાનના અંગનો પ્રકાશ છે- તેને જ ધામ એ પ્રકારે કહેવાય છે. આ તેજના સમૂહરૂપ બ્રહ્મના પણ શ્રીજીમહારાજ કારણ, આધાર ને શરીરી છે - માટે પરબ્રહ્મ કહેવાય છે. તથા જે સ્વરૂપ, રૂપ, ગુણૈશ્વર્યાદિ વડે બ્રહ્મથકી અધિક હોય તેપણ પરબ્રહ્મ કહેવાય. આવી રીતે ત્રિપુટીબ્રહ્મના કારણ પરબ્રહ્મ એવા શ્રીજીમહારાજ છે.

### પુરુષોત્તમ, શ્રીકૃષ્ણ ને ભગવાન - એ ત્રણ સંજ્ઞાનો હેતુ

આપણે પરબ્રહ્મનો અર્થ કર્યો. હવે મૂળશ્લોકમાં 'પુરુષોત્તમ એવા શ્રીકૃષ્ણભગવાન' કહ્યા તે કેમ સમજવું? તો શ્રીજીમહારાજ સર્વે મુક્ત તથા નિત્યમુક્તના સ્વામી, સુખદાતા ને નિયંતા છે માટે પોતાને **'પુરુષોત્તમ'** કહેલા છે. અને શ્રીહરિની મૂર્તિ સદા આનંદઘનસ્વરૂપ છે ને અનન્ય ભક્તને પોતાની મૂર્તિમાં આકર્ષણ કરે છે; વળી 'શ્રી' કહેતાં મુક્તને આનંદદાયી એવી શોભાએ યુક્ત છે માટે તેમને **'શ્રીકૃષ્ણ'** કહેવાય છે. અને 'ભગ' જે ભગવાનનાં અનંત ઐશ્વર્યને દિવ્યગુણ તેણે યુક્ત હોવું, તે **'ભગવાન'** પણાનું લક્ષણ છે.

### કયા કૃષ્ણ જાણવા?

'नन्वेवंभूतानुभावः कोऽसौ कृष्णः ?' અહીં એવી શંકા થાય કે, શિક્ષાપત્રીના આ ૧૦૮માં શ્લોકમાં 'શ્રીકૃષ્ણભગવાન' કહ્યા, તે ગોલોકધામના નિવાસી, રાધિકા-લક્ષ્મીજીના પતિ ને દેવકી-વસુદેવને ઘેર પ્રકટ થયા હતા અને જેમને વ્યાસજીએ ગીતા, તેમ જ શ્રીમદ્ભાગવતમાં પરબ્રહ્મ પુરુષોત્તમ આદિ નામે વર્ણવ્યા છે, એવા જે અવતારસ્વરૂપ શ્રીકૃષણભગવાન છે તેમને જાણવા? કે ગોલોકધામથી પર અક્ષરધામના નિવાસી તથા પરમ-એકાંતિક-અનાદિમુક્તના સ્વામી અને ભક્તિદેવી ને ધર્મદેવને ઘેર પ્રકટ થયા છે; તેમ જ વાસુદેવાનંદવર્ણી તથા શતાનંદમુનિ આદિ અનાદિમુક્તોએ સત્સંગિભૂષણ, સત્સંગિજીવન આદિ શાસ્ત્રમાં જેમને પરબ્રહ્મ પુરુષોત્તમ આદિ નામે કરીને કહ્યા છે, એવા અનાદિ શ્રીકૃષ્ણનામક સર્વ અવતારના અવતારી શ્રી સ્વામિનારાયણને જાણવા?

આ શંકાના સમાધાનનો ઉત્તર શ્રીસહજાનંદસ્વામી પોતે જ આપે છે : 'શિક્ષાપત્રી આદિ શાસ્ત્રમાં જેમને શ્રીકૃષ્ણભગવાન કહ્યા છે તે સહજાનંદસ્વામી હું જ છું.' -આમ પોતાના સર્વે આશ્રિતને પોતાના પ્રકટ સ્વરૂપનો સર્વોપરી ભગવાનપણાનો નિશ્ચય કરાવવાને અર્થે, પોતે જ પોતાને ત્રણ વિશેષણ આપીને સમજાવે છેઃ-

'યઃ' કહેતાં જે. 'नः = अस्माभिः' એટલે આપણા. 'उपास्यः, सर्वाविर्भावकारणं च.' 'स श्रीकृष्ण ज्ञेयः।'

'તે શ્રીકૃષ્ણ આપણા ઈષ્ટદેવ છે ને ઉપાસના કરવા યોગ્ય છે.' આવી રીતે શ્રીસહજાનંદસ્વામી પોતે ભક્તપણે જે બોલ્યા છે, એ તો અનેક જીવના સમાસને અર્થે છે; પણ શ્રીહરિનો રહસ્ય અભિપ્રાય એવો છે કે, 'નઃ' છઠ્ઠી વિભક્તિ કર્તામાં છે માટે 'नः = अस्माभि = भवद्भिः' શ્રીઅયોધ્યાપ્રસાદજી, શ્રીરઘુવીરજી, મુક્તાનંદ, મુકુંદાનંદ તથા મયારામ ભટ્ટ આદિ સર્વે મારા આશ્રિત તમોએ; 'उपास्यः' એટલે ઉપાસના કરવા યોગ્ય ને ઈષ્ટદેવપણે માનેલો; અને 'सर्वाविर्भावकारणम्' અર્થાત્ રામકૃષ્ણ આદિ સર્વે અવતારનો કારણ એવો પ્રત્યક્ષ પૂર્ણ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ હું જ છું, તે મને જ સંપ્રદાયના શાસ્ત્રમાં 'અનાદિ શ્રીકૃષ્ણ' નામે કહેલ છે.

એ જ હેતુથી તમોએ ધ્યેયસ્વરૂપ, પ્રાપ્ય-પ્રાપક તેમ જ સ્વસ્વરૂપના આનંદનો દાતા, એવો પોતાનો ઈષ્ટદેવ મને માન્યો છે. મારા આશ્રિત તમે સર્વે આમ સમજીને મારી ભક્તિ ઉપાસનાં કરો છો ને કરશો. આવો શ્રીસહજાનંદસ્વામીનો રહસ્ય અભિપ્રાય છે. તે સ.ભૂ. અંશ ૨, અ. ૫૮માં સ્વયં શ્રીહરિજીએ કહ્યું છેઃ-

સૃષ્ટિકાર્યમાં સર્વના કારણ અક્ષરબ્રહ્મ છે તેનો પણ કારણ, અને માયા તથા ઐશ્વર્યના રાગરૂપ જે અંધારું તેનો લય કરીને, મારા જ્ઞાનરૂપ પ્રકાશના પ્રકાશક એવા જે અનાદિમુક્ત, તેમનો પણ પ્રકાશક એવો સ્વામિનારાયણ ભગવાન-એ જ હું (અનાદિ) શ્રીકૃષ્ણભગવાન છું. વળી એ જ અંશના ૬૪માં અધ્યાયમાં શ્રીહરિ કહે છેઃ-

શ્રીસ્વામિનારાયણ ભગવાન જે હું, તે દિવ્યસ્વરૂપ ને મૂર્તિમાન છું. સદાય મારા બ્રહ્મપુરધામને વિષે નિવાસ કરીને રહ્યો છું. અનંતકોટી મુક્ત મારી સેવામાં રહ્યાં છે ને મારાં અપરિમિત ઐશ્વર્ય છે, એથી જ સર્વે મુક્તને મારાં દર્શન, સન્મુખ ને સમીપે જ આપું છું. અને અનંતકોટી બ્રહ્માંડમાં પણ મારા ભક્તને દર્શન દઉં છું.

સ.ભૂ. અંશ ૩, અ. ૫૦માં પણ શ્રીહરિજીએ કહ્યું છેઃ-

જીવાત્માઓનો પણ આત્મા, ચેતનોનો પણ ચેતન, જ્ઞાનીઓનો જ્ઞાતા, નિત્ય, અવ્યય, અનાદિ જ્ઞાનવાન, 'જીવ, ઈશ્વર અને માયા'નો નિયંતા, ગુણોનો ક્ષોભ કરનાર, કાળનો પણ કાળ, સ્વસ્વરૂપમાં ક્રિડા કરતો, મનુષ્યાકૃતિ એવો હું પરબ્રહ્મ તે તમારી સમીપે જ રહ્યો છે.

વળી એ જ અંશના ૧૩માં અધ્યાયમાં શ્રીહરિ કહે છેઃ જે નારાયણની આજ્ઞાથી સૂર્યચંદ્ર ઉદય-અસ્તને પામે છે; ઈંદ્ર વરસાદ વરસાવે છે; જેમની ઈચ્છાથી સ્વર્ગાદિ લોક તથા તારામંડળ અંતરીક્ષમાં રહ્યા છે - ઈત્યાદિ વાકયોવડે ભગવન્મહિમા કહીને પછી, શ્રીહરિ પોતે જ પોતાનું સ્વરૂપ સમજાવે છેઃ-

તે જ ભગવાન અત્યારે નરાકૃતિથકા પ્રત્યક્ષ મને મળ્યા છે. અને પૂર્વે જે જે આશ્ચર્યો થયાં તે બધાં આ નરાકૃતિ પ્રત્યક્ષ શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં જ કરેલાં છે તથા અત્યારે પણ આ જ ભગવાન તે તે આશ્ચર્યોને કરે છે અને આગળ પણ આ જ પ્રત્યક્ષ ભગવાન આશ્ચયોજ્ઞને કરશે. આવી રીતનું જે નારાયણસંબંધી જ્ઞાન તે ઉત્તમ માનેલું છે; અર્થાત્ પૂર્વ અવતારોએ જે જે આશ્ચર્ય બતાવ્યાં છે ને ભાવિ અવતારો જે જે આશ્ચર્ય બતાવશે તે સર્વેમાં મારી સત્તા રહેલી છે.

તેમ જ હરિવાકયસુધાસિંધુ તરંગ ૨૨૭માં કહ્યું છેઃ-

હું સ્વામિનારાયણ ભગવાન જ અનંતકોટી બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયનો કર્તા છું; મારા વિના બીજો કોઈ ભગવાન કોઈ કાળમાં છે જ નહિ; હું એક જ સર્વોપરી ભગવાન છું.

**શ્રીકૃષ્ણાદિ સર્વ નામ શ્રીજીમહારાજનાં છે.**

હરિદિગ્વિજય ગ્રંથના ઉલ્લાસ ૪૮માં સદ્. નિત્યાનંદસ્વામી શ્રીહરિની પ્રાર્થના કરતાં આ પ્રમાણે કહે છેઃ-

હે ધર્માત્મજ ! હે શ્રીહેર ! હે નારાયણ ! હે વાસુદેવ ! હે પરમાનંદ ! હે પ્રભો ! હે સત્પતે ! હે માયાધીશ ! હે બૃહત્પુરસ્થ ! હે સ્વામિનારાયણ ! તમે અક્ષરાત્મા, અક્ષર, પરમં બ્રહ્મ ને પુરુષોત્તમ છો. મૂર્તિમાન અક્ષરમાં પ્રકાશસ્વરૂપે તમે અંતર્યામીરૂપે રહ્યા છો માટે અક્ષરાત્મા; ને 'અક્ષર' કહેતાં, અચ્યુત અને 'પરમં બ્રહ્મ' એટલે પુરુષરૂપ બ્રહ્મ, મૂર્તિમાન અક્ષરબ્રહ્મ ને સ્વતેજઃપુંજબ્રહ્મ - આ ત્રણ બ્રહ્મથી પર છે. માટે પરમં બ્રહ્મ એવા અનાદિ શ્રીકૃષ્ણનામક આદિપુરુષ ભગવાન છે, તે તમે હરિકૃષ્ણ નામે તથા શ્રીસ્વામિનારાયણ નામે પ્રત્યક્ષ પુરુષોત્તમ છો.

**અનાદિ કૃષ્ણનિરૂપણ**

વળી શ્રીજીમહારાજ અનાદિમુક્ત પોતે જ છે એમ, સિદ્ધમુક્ત શતાનંદમુનિ શિક્ષાપત્રીના આ ૧૦૮માં શ્લોકની સ્વરચિત 'અર્થદીપિકા ટીકા'માં જણાવે છેઃ-

ક્ષર જે માયા ને માયાનું કાર્ય, અને અક્ષર જે મૂર્તિમાન અક્ષરબ્રહ્મ, જેને પાંચ ભેદમાં અક્ષરબ્રહ્મ કહ્યા છે તે, અને 'ક્ષર-અક્ષરથકી પર' એટલે સ્વતેજઃ પુંજરૂપ અક્ષરધામને વિષે; 'યઃ' જે

અનાદિ શ્રીકૃષ્ણભગવાન રહ્યા છે, એ જ પોતે અતિ કૃપા કરીને પૃથ્વીને વિષે, ભક્તિ-ધર્મથકી શ્રીસ્વામિનારાયણ નામે પ્રકટ થયા છે. પોતાના નરનાટકને શોભાશાળી કરવા, અજ્ઞજનને મોહ ઉપજાવવા તથા પોતાનું સ્વરૂપ ગુપ્ત રાખવા રૂપ મનુષ્યલીલાને કરતા થકા, પોતાના આશ્રિતના ગુરુપણાના ધર્મને વિષે તેઓ (હાલ) વર્તે છે. એ હેતુ માટે અનાદિકૃષ્ણ પોતે જ છે, તોપણ પોતાને પરોક્ષની માફક કહે છે; પરંતુ સર્વોપરી એવા અનાદિ શ્રીકૃષ્ણથકી શ્રીસહજાનંદસ્વામી 'અન્ય' કહેતાં પૃથક્ નથી; જે કારણપણા માટે રામકૃષ્ણાદિક અવતારના અવતારી સર્વોપરી અનાદિ શ્રીકૃષ્ણભગવાન છે તે જ પોતે સહજાનંદસ્વામી છે.

**સુંદરજીભાઈએ અક્ષરધામ તથા ગોલોક દીઠું**

ભૂજના સુંદરજીભાઈએ સમાધિમાં પ્રથમ તેજનો સમૂહ દીઠો અને તેમાં વર્ણિવેષ શ્રીજીમહારાજને દેખ્યા. પછી ગોલોકધામ દેખ્યું ને તેમાં મોરલીને વગાડતા એવા શ્રીકૃષ્ણને દેખ્યા. તે સ.જી.પ્ર.૨, અ.૧૮માં કહ્યું છેઃ-

તે સુંદરજીભાઈએ સમાધિમાં સર્વથી પર તેજનો સમૂહ દેખ્યો અને તે તેજઃપુંજરૂપ અક્ષરધામને વિષે, વર્ણિવેષ એવા આ શ્રીજીમહારાજને દેખ્યા. પછી ગોલોકધામને જોયું. અને ગોલોકમાં અક્ષરબ્રહ્મનું તેજ રહ્યું છે, તેમાં જે રાસમંડળ તેને વિષે રહ્યા ને મોરલી બજાવતા એવા શ્રીકૃષ્ણને જોયા.

**સુંદરજીભાઈની સ્તુતિ**

હવે સુંદરજીભાઈ નીચે પ્રમાણે શ્રીહરિની સ્તુતિ કરે છેઃ-

'ગો' જે શ્રીહરિનાં તેજનાં કિરણો તેનો 'લોક' કહેતાં સમૂહ જે અક્ષરધામ તેના અધિષ્ઠાતા; તથા 'પરેશ' એટલે મુક્ત ને નિત્યમુક્તના સ્વામી એવા અનાદિ કૃષ્ણનામક ભગવાન તમે છો. વળી કાળ-માયાના પ્રેરક, સર્વના નિયામક, મૂર્તિમાન જે અક્ષર તેથકી પર દિવ્યમૂર્તિમાન, સ્વપ્રકાશ ને સર્વના આત્મા એવા પુરુષોત્તમ ભગવાન તમે છો. તે તમે પોતાના પ્રેમી ભક્તના મનોરથ પૂરા કરવા મનુષ્યરૂપે પ્રકટ થયા છો; એ હેતુથી બ્રહ્મચારીનો વેશ ધરી રહ્યા છો તોપણ જેવા ધામમાં છો તેવા જ સર્વે ઐશ્વર્યે યુક્ત છો. આવા ભક્તકલ્પતરુ વર્ણિવેશ મારા સ્વામી જે શ્રીસ્વામિનારાયણ ભગવાન, તે તમને હું સદાય વંદન કરું છું.

**મુનિકૃત સ્તુતિ વગેરે**

મુક્તાનંદાદિ સંતમંડળ, સ.જી.પ્ર. ૩, અ. ૪૨માં શ્રીહરિની સ્તુતિ કરે છેઃ-

હે ભગવાન ! આ તમારી મૂર્તિ, મનુષ્યોના મૂળ અજ્ઞાનને જીવમાંથી ઉન્મૂલન કરવા તમે આ લોકમાં પ્રકટ કરી છે; તમે મુમુક્ષુ જીવોના આત્યંતિક મોક્ષ કરવા પ્રકટ થયા છો. હે કમળ સરખા નેત્રવાળા ! તમારે વિષે માયિકગુણકૃત ત્રણ અવસ્થાઓ નથી અને નિદ્રાએ રહિત છો. ત્યાગી સંતની શિક્ષાને અર્થે પરમહંસના ધર્મને ધારણ કરો છો. માયાના તથા ઐશ્વર્યના બંધનથકી જીવોને મુક્ત કરો છો. માયાના વિષે 'બ્રહ્મસ્વરૂપ' અર્થાત્ પરબ્રહ્મસ્વરૂપ-સ્થિતિ દેખાય છે. આવા હેતુથી જ તમે સર્વોપરી વર્તો છો અને તમે અમારા ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાન છો.

વળી મુનિઓ સ્તુતિ કરતાથકા શ્રીહરિને કહે છેઃ-

કોસલદેશમાં પ્રકટ થયા જે દેવશર્મા નામે વિપ્ર, તે પોતાના પરિવારે સહતિ ધન્યભાગ્યશાળી છે, અર્થાત્ અનાદિમુક્ત છે; અને યોષિત એવાં પણ પ્રેમવતી દેવી, તે પણ અતિશય જ ધન્યભાગ્યશાળી છે; કેમ કે એમના થકી સ્વયં શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુ તમે પ્રકટ થયા. વળી કળિકાળમાં આ લોકમાં જન્મ પામ્યા એવા તમારા સંત અમે પણ ધન્યભાગ્યશાળી છીએ; કેમ કે તમારા ચરણકમળનાં દર્શન થાય છે. અક્ષરધામના અધિપતિ સકલૈશ્વર્યસંપન્ન એવા શ્રીહરિ તમે, કેવળ કૃપા કરીને, મનુષ્યરૂપે પ્રકટ થઈ, વર્ણિવેશને ધરી રહ્યા છો એવા તમને અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ.

વળી જેતલપુરમાં મહોલ ઉપર તેજનો ગોળો દેખાયો તે શું હતું? તેના ઉત્તરમાં શ્રીહરિ, હરિકૃષ્ણલીલામૃતના અ.૫૯માં કહે છેઃ-

ધર્મદેવના પુત્ર શ્રીસ્વામિનારાયણ ભગવાન તેમના પ્રત્યે બોલ્યા : બ્રહ્મા, વિષ્ણુ ને મહેશાદિ મુખ્ય દેવતાઓ, અહીં નિત્ય અમારાં તેમ જ સર્વે મુનિઓનાં સંતોનાં દર્શન કરવા આવે છે; તથા દિગ્પાલો, તેત્રીસ કરોડ દેવો, ગંધર્વો, સિદ્ધો તથા દેવોના અનુચરો, તે સર્વે અદશ્યરૂપે આ સભામાં નિરંતર આવે છે. માટે ગઈ કાલે અમારી ઈચ્છાએ કરીને જે તેજનો ગોળો દેખાયો હતો, તે આ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરનારા મુખ્ય બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ હતા એમ તમે જાણો.

**સર્વ અવતારનું કારણપણું**

અનાદિ શ્રીકૃષ્ણભગવાન તે 'सर्वाविर्भावकारणम्' સર્વ અવતારના કારણ છે. તે સ.ભૂ.અ. ૫, અ. ૧૪માં મુક્તાનંદાદિ મુનિઓએ શ્રીહરિની સ્તુતિ કરતાં કહ્યું છેઃ-

મત્સ્ય, કચ્છ, વરાહ, નૃસિંહ, રામચંદ્ર, પરશુરામ, બળરામ, વામન, સત્યવતી પુત્ર વ્યાસ, કપિલ, શ્રીકૃષ્ણ, બુદ્ધ, પૃથુ, પવિત્ર કીર્તિવાળા કલ્કિ, દત્તાત્રેય, ઋષભદેવ અને બીજા પણ

અગણિત તમારા અવતારો, તમારી આ મૂર્તિમાંથી જ પ્રાદુર્ભાવ પામે છે અને પાછા આ મૂર્તિમાં જ લીન થાય છે. તે હેતુ માટે હે સર્વનિયંતા પ્રભો! તમારી આ મૂર્તિને, સ્વભક્તોને અતિ પ્રિય તથા રામ-કૃષ્ણાદિક અવતારોની કારણભૂત જાણી તમને અમે સર્વ પાપહર પુરુષોત્તમ કહીએ છીએ.

વળી સ.ભૂ. અંશ ૩, અ. ૪૬માં સનકાદિકો શ્રીહરિની સ્તુતિ કરે છેઃ-

હે પ્રભો ! અમે તો એટલું જ જાણીએ છીએ કે, લક્ષ્મીપતિ ભગવાનના અવતારો કેટલાક થઈ ગયા અને થશે તથા વર્તમાનકાળે છે, તે સર્વ અવતારોના ધારણ કરનાર તમે છો; તથા હે અવ્યય ! પ્રકૃતિ જે મહામાયા, તેથી પર ગોલોક, શ્વેતદ્વીપ, સૂર્યસમાન અવ્યાકૃત, વૈકુંઠ, ક્ષીરસાગર, અગ્નિલોક, સૂર્યબિંબ, બદરિકાશ્રમ અને બીજાં ધામોમાં પણ હે શ્રીહરે ! જે શ્રીકૃષ્ણ, નરનારાયણ આદિ મૂર્તિઓ રહેલી છે તે સર્વે મૂર્તિઓના ધર્તા પણ, 'બ્રહ્મપુર' જે અક્ષરધામ તેના અધિપતિ સર્વેશ્વર એવા શ્રીસ્વામિનારાયણ ભગવાન તમે એક જ છો; બીજો કોઈ નથી; અર્થાત્ તમારી શક્તિદ્વારે તે તે ઐશ્વર્યાવિશ અવતારને પૃથ્વીપર ધારણ કરો છો, ને ગોલોકાદિક ધામમાં તે તે અવતારોને વિષે તમારી જ શક્તિ રહેલી છે.

**શ્રીહરિજીનું સર્વેશ્વરપણું**

વળી શ્રીજીસમકાલીન અનાદિમુક્ત સદ્. ભૂમાનંદસ્વામીકૃત 'શ્રીઘનશ્યામ લીલામૃતસાગર' -ઉત્તરાર્ધ તરંગ ૮૩માં, આદિ આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ તથા રામશરણજીના સંવાદમાં પણ, આ વાતનું જ વિધાન કરેલું છે. શ્રીહરિજી કહે છેઃ ''સાત ધામના મુક્ત અત્યારે આ પૃથ્વીપર મારી સમીપે રહેલા છે; પરંતુ તેમાંથી મૃત્યુલોક, દેવલોક, વૈકુંઠલોક, બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ અને ગોલોક-એ છ ધામોના મુક્તો, મારી મરજી જાણી શકતા નથી; તથા મારી પ્રમાણે વર્તન પણ કરી શકતા નથી. પરંતુ સાતમા જે અક્ષરધામના મુક્ત છે, તે જ મારી મરજી જાણી શકે છે ને તે જ મારી આજ્ઞા પ્રમાણે વર્તે છે.'' એમ કહ્યું છે.

**ભાવાર્થ** - શ્રીહરિના આ વચનથી બદરિકાશ્રમવાસી નરનારાયણ, શ્વેતદ્વીપપતિ વાસુદેવબ્રહ્મ અને ગોલોકપતિ શ્રીકૃષ્ણ, તે સર્વેથી શ્રીજીમહારાજનું પૃથક્પણું તથા મહત્પણું જણાય છે; જો એમ ન હોય, ને સર્વે ધામોમાં એક જ તત્ત્વ હોય, તો બદરિકાશ્રમ આદિ ધામોના મુક્તનું તથા અક્ષરધામના મુક્તનું સમપણું હોવું જોઈએ; પરંતુ આ તરંગમાં તો પૃથક્પણું વિધાન કરેલું છે. તેમ જ ગઢડા અંત્ય પ્રકરણના બીજા વચનામૃતમાં- વૈકુંઠ, ગોલોક, બદરિકાશ્રમ ને શ્વેતદ્વીપની સભાથી 'આ સત્સંગીની' એટલે અક્ષરધામના મુક્તની સભા અધિક છે. એમ શ્રીજીએ પોતે જ સમ ખાઈને કહેલું છે.

વળી શ્રીહરિ સહજાનંદસ્વામી મહાપ્રભુ, નરનારાયણ ભગવાનના પણ કારણ છે, -એમ આદિ આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ હરિલીલાકલ્પતરુ સ્કં.૧, અ. ૧૬માં જણાવે છેઃ-

બદરિકાશ્રમમાં શ્રીનરનારાયણદેવે, પોતાનો નિત્યવિધિ કરીને પોતાના ઈષ્ટદેવ શ્રીવાસુદેવ ભગવાનનું ધ્યાન કર્યું. તે જ સમયે અક્ષરથી પર અમૃતઅક્ષરપર્યંત સર્વના એક નિયંતા, અવતારી ને અતિશય કરુણાવાળા તે શ્રીહરિકૃષ્ણ ભગવાન, મનુષ્યોના જન્મમરણરૂપી સંસારના પાશનો નાશ કરવાના જ એક હેતુથી, નરનારાયણના મનમાં સમાધિમાં પ્રકટ થયા.

વળી આ પ્રસંગનું આગળ વર્ણન કરતાં એ જ અધ્યાયમાં ગ્રંથકાર લખે છેઃ-

પછી તે નરનારાયણ ઋષિએ, પરાત્પર શ્રીહરિને સુંદર આસન ઉપર બેસાડીને, અતિ હર્ષથી તેમનાં યથાયોગ્ય સન્માન અને સ્તુતિ કર્યા.

હવે શ્રીહરિ, નરનારાયણ ઋષિને આ પ્રકારે કહે છેઃ-

સમગ્ર અવતારોના કારણ અને સ્વતંત્ર એવા મારા આ અવતારી સ્વરૂપના તમે અવતાર છો, માટે મારા આત્મા સમાન છો અને મને અત્યંત પ્રિય છો. આ હેતુથી તમને નિમિત્ત બનાવી; અર્થાત્ નરનારાયણ પ્રકટ થશે એમ સૌને જણાવી આ ભૂતળમાં પૃથ્વી ઉપર હું જ, ધર્મ અને ભક્તિથકી પ્રાદુર્ભાવ પામીશ.

વળી સદ્. નિત્યાનંદસ્વામી રચિત, શ્રીહરિદિગ્વિજય ગ્રંથના બીજા ઉલ્લાસમાં પણ આ જ વાત છે : શ્રીજીમહારાજે નરનારાયણ દેવને દર્શન દઈને કહ્યું કે, પૃથ્વી અધર્મના ભારથી પીડાય છે તેથી હું જ પૃથ્વી ઉપર પ્રકટ થઈશ. તે પછી નરનારાયણ દેવને શ્રીજીમહારાજે નીચે પ્રમાણે કહ્યું છેઃ-

મારા ધામમાંથી મારા પ્રાદુર્ભાવનો સંભવ નથી; અર્થાત્ મને પ્રકટ થવાનું કોઈને જાણી શકાય તેમ નથી. એ હેતુથી આ બદરિકાશ્રમમાં દુર્વાસાના 'શાપનું નિમિત્ત કરી' એટલે, મારે પ્રકટ થવાનો હેતું ઉત્પન્ન કરી તમારા ઉદ્દેશથી અર્થાત નરનારાયણ પ્રકટ થશે -એમ અન્ય ઉપાસકોને એ વાત જણાવીને, થોડા સમયમાં જ, જે મેં સંકલ્પ કર્યો છે તે હું જ સત્ય કરીશ. અર્થાત્ મારા આશ્રિતને મારું સર્વોપરી જ્ઞાન સમજાવીને આત્યંતિક મોક્ષ કરીશ. એ હેતુ માટે હે નરનારાયણ ! તમારે સર્વપ્રકારે આગળ થઈને કહેવું કે, હું જ પ્રકટ થઈશ એમ કહીને 'एषः अर्थः' એટલે આ મારી વાત, જે હું અક્ષરધામમાંથી પોતે પ્રકટ થવાનો છું તે હાલ ગુપ્ત રાખવી; અર્થાત્ મારા મુક્ત એ વાત ધીરે ધીરે સમજાવશે. આવી રીતે શ્રીહરિજીનું સર્વેશ્વરપણું જાણવું. ઈતિ શ્લો. ૧૦૮

– અ.મુ. શ્રી સોમચંદબાપા

# અ.મુ. શ્રી સોમચંદબાપાએ પત્ર દ્વારા આપેલ ઉપદેશ

મહારાજ કહેઃ અમે કાંકરીએ ચોરાસી કરી ને શ્રી નરનારાયણ દેવની શ્રીનગરમાં પ્રતિષ્ઠા કરી તેમાં લાખો માણસોનો મેળો થયેલો. તે પ્રવૃત્તિ વિસારી દેવા ગણેશ ધોળકાની રાણ્યમાં ગયા ને અંતઃવૃત્તિ રાખવા માંડી, પછી એમ થયું કે અમે તો કાંઈ કર્યું જ નથી. અમે દિવ્ય મૂર્તિ-અનંત અનાદિ મુક્તને સહિત સદાય અક્ષરધામમાં જ છીએ. માટે પ્રવૃત્તિ વિસારવા અંતઃવૃત્તિએ મહારાજ સભાસહિત જોવા. પરમ કૃપાળુ બાપાશ્રી કહે છે કેઃ એક છોગલાવાળા સ્વામિનારાયણ રહે તો હૈય્યો. મૂર્તિ એ મુદ્દો છે, તે મુદ્દો રાખવો. મૂર્તિ વિના રોગી વાની છે. મૂર્તિ પરમ ચિંતામણિ, કલ્પતરુ અને મહામોંઘી વસ્તુ છે. તે મૂર્તિ અનેક બ્રહ્માંડમાં કોઈને ન મળે તે આપણને ''સહેજે મળ્યા સહજાનંદ, પુરુષોત્તમ પ્રગટી રે'' એવું સુગમ થયું છે. શ્રીહરિ અનેક પ્રકારે નિજાશ્રિતને સુખિયા રાખે છે. આ લોકનું સરખું હોય તો આપણને સાનુકૂળ થાય. જેથી મહારાજ ઠીક થાય તેમ રાખે છે. અ.મુ.સદ્‌ગુરુ ગોપાનંદ સ્વામી, સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જેવા શ્રીજીમહારાજના સંકલ્પથી જીવોને દૃષ્ટિગોચર થયેલા. એ મહાઅનાદિ સ્વરૂપોએ જીવોને દૃષ્ટિમાત્રે સુખિયા કર્યા. શ્રીજીમહારાજનું સર્વોપરી જ્ઞાન પ્રવર્તાવ્યું. પરમ કૃપાળુ બાપાશ્રીએ પણ સૌને મૂર્તિરૂપી અભયદાન આપ્યું. મહારાજ અને મહારાજના મુક્ત એ બંને દિવ્યરૂપો સૌના આત્યંતિક મોક્ષ કરવા આ બ્રહ્માંડમાં પધાર્યા. એમના દિવ્ય ચરિત્રોનાં ગ્રંથો લખાયા છે. તેમના વૃત્તાંતો બહુ જ ચમત્કારી, કોઈ તેમની સરખામણી કરી ન શકે. જેમ સહજાનંદજી સૂર્ય એક જ, તેમ અનાદિ મહામુક્તોની સભાની જોડમાં કોઈ ધામની સભા આવી ન શકે. સૂર્યની પેઠે ચંદ્ર પણ આકાશમાં સર્વોત્તમ, તેની તુલ્ય બીજા તારાથી ન થવાય, એવા અક્ષરાધિપતિ પુરુષોત્તમ નારાયણ અને એમના લાડીલા મુક્તોની આપણને પ્રાપ્તિ થઈ. એમણે આપણને પોતાના કર્યા, તેથી વધુ શું છે? કાંઈ નથી. આપણા કુટુંબમાં સૌને આ શ્રીહરિની એક સરખી ઓળખાણ છે. બધાને એમ જ કે વહેલા મહારાજનું દિવ્ય સુખ કેમ આવે! નાના-મોટા પર મહારાજ તથા મોટા મુક્ત રાજી થયા છે તેમનું આ ફળ છે. બાપાશ્રી કહે છે કે આપણે ધુણી-પાણી ભેળા કર્યા હશે. અનંત જન્મના સુકૃત ઉદય થયા હોય તેને આ પ્રાપ્તિ થાય છે. ક્યાં મહારાજ! ક્યાં જીવ! એ ન બનવાનું બની ગયું. જીવમાંથી શિવ એટલે મુક્ત કર્યા. મૂર્તિમાં રાખી અખંડ સોહાગી કર્યા. હવે તો એવું જ મનન કરવું કે ''શ્રીજીમહારાજે મારા ચૈતન્યને મુક્ત કરી મૂર્તિમાં રાખ્યો છે, હું અનાદિમુક્ત છું.'' બાપાશ્રીનો આ રહસ્ય અભિપ્રાય છે. શ્રીજીમહારાજના સંકલ્પથી બાપાશ્રીનું પ્રગટપણું થયું. તેમાં ચોરાશી વર્ષ સુધી નરનાટકમાં અનેક ચરિત્રો બતાવ્યા. સત્સંગમાં ગામે ગામ ફરી અનેકને શ્રીહરિનો સંદેશો પહોંચાડ્યો. આઠ તો મોટા યજ્ઞો કર્યા, જેમાં હજારો સંત હરિભક્તો આવતા, સૌના આત્યંતિક મોક્ષનો જ સંકલ્પ કે આ યજ્ઞમાં જે કોઈ જમશે તેમનો આત્યંતિક મોક્ષ થશે. આવા મહાન કાર્યથી અનેક જીવોને શ્રીજીમહારાજના દિવ્ય સુખમાં પહોંચાડ્યા. આ બધાં કાર્ય થતાં જાય તે સાથે મૂર્તિના દિવ્ય સુખની, મૂર્તિમાં રહેલા અનાદિ મુક્તની વાતો પણ થતી જાય, જેથી સમાગમ કરનારા સંત-હરિભક્ત તથા બાઈઓમાં ઘણાં જાણી ગયા કે બાપાશ્રીનું પ્રગટપણું અનાદિમુક્તની સ્થિતિ સમજાવવા, એ સ્થિતિ પમાડવા અર્થે છે. જે જાણી ગયા તે માણી ગયા. જેમ મહારાજ દિવ્ય તેમ તેમના મહામુક્તો પણ દિવ્ય છે, સનાતન અને તેજોમય છે, સત્ય સંકલ્પ છે. આવી વાતોનું જાણપણું એમના રાજીપાથી જ થાય છે. દિન-પ્રતિદિન શ્રીહરિના ઐશ્વર્ય-ચમત્કાર-પરચા-પ્રતાપ વધુ ને વધુ સમજાતા જાય છે. અ.મુ.સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે અમે મૂર્તિ ભૂલીએ તો તાળવું ફાટી જાય. એવા અખંડ સ્થિતિવાળા સદ્‌ગુરુએ જીવોને ન્યાલ કરવા, અભય કરવા, પોતાના કલ્યાણકારી ચરિત્રો કરવા ઉપરાંત મહારાજના સર્વોપરીપણાની અનંત વાતો કરી. એવી જ રીતે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તથા બીજા અનેક મુક્તોએ એ એક જ કાર્ય કર્યું છે. પોતે તો મૂર્તિના સુખે સુખિયા હતા છતાં મહારાજના સંકલ્પથી અનેકને ચરિત્ર-પ્રતાપ ને સર્વોપરીપણાની, આજ્ઞા-ઉપાસનાની વાતોથી પૂર્ણકામ કર્યા. કૃપામાં આવનારને મનાવી દીધું કે જેને દેહ મૂક્યા પછી પામવા હતા તે તો દેહ છતાં મળ્યા. આ કાર્ય બીજાથી બને નહીં. એટલા માટે મહારાજ અને મહારાજના મળેલા-બે જ મોક્ષના દાતા ગણાયા છે.

**'શોભે અખંડ એવાતન જોડ;**
**માથે બત્રીસ ભમરીની મોડ.'**

બત્રીસ ભમરી એટલે કલ્યાણકારી સંતનાં બત્રીસ લક્ષણ. શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિના પ્રતાપે આપણે પણ ન્યાલ થયા છીએ.

**'જાઉં ધર્મકુંવરને વારણે રે લોલ;**
**ભવ બૂડતાં ઝાલી મારી બાંય.'**

એવું આપણને થયું છે. બાપાશ્રી કહે છે કે: ''તમને સ્વામિનારાયણ ઢુંકડા થયા છે, તમને ન્યાલકરણ મળ્યા છે, તમારા ખોટનાં ખાતાં વાળી નાખ્યા છે, તમને પ્રત્યક્ષ વાદળી છૂટી પડી છે, તમારે જીતનો ડંકો વાગી ગયો છે, તમારા કાળ, કર્મને માયા નાશ કરી નાખ્યા છે, તમને મૂર્તિમાં રાખ્યા છે, અક્ષરધામના ધામી શ્રી પુરુષોત્તમ નારાયણનો ચાંદલો આવ્યો એ કેવડી વાત! આજ એ મહાપ્રભુ અઢળક ઢળ્યા છે.'' આવાં અનેક કૃપાનાં વચનોથી બે ભાગ લખાણા એટલી વાતો છપાણી તો પણ જેને ગાયનો વાઘ થઈ ગયો છે તે લાભ લઈ શકતા નથી. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ આ વાત દૃષ્ટાંત આપી સમજાવી છે કે બ્રાહ્મણને કોઈએ ગાય આપેલી તે ત્રણ-ચાર માણસે વાઘ છે, વાઘ છે કીધું તેથી ગાય મૂકી દીધી. પણ બુદ્ધિ નહીં, નહિ તો વિચાર કરે કે શિંગડાં-પૂંછડું ને આંચળ વાઘને ન હોય! પણ જેના પર મહારાજ અને મોટા મુક્ત રાજી થયા હોય તેમને જ આવી દિવ્ય પ્રાપ્તિ મળે છે. આપણે અનેક જન્મ ધર્યા પણ ટાણું આવી ગયું. શ્રીજીમહારાજ અને સદ્‌ગુરુઓના સમયમાં હોઈશું, પણ પોતાપણું કાંઈક રાખ્યું હશે, તો પણ કૃપામાં આવેલા બીજીવાર આવે તોય બળિયા હોય કેમ કે શ્રીજીમહારાજનું વચન છે કે આ જ્ઞાન વૃત્રાસુરની પેઠે જાય નહીં. એવું આ જ્ઞાનનું માહાત્મ્ય છે. નારદ, સનકાદિક ને બ્રહ્માદિકની સભામાં નિરંતર આ જ વાત થાય છે, તે અનેક વાતની યુકિત લાવીને પ્રગટ ભગવાનને પ્રગટ સંતને જ કલ્યાણના દાતા બતાવે છે. અનેક આજ્ઞાઓ પળાવીને, શુદ્ધ ઉપાસના સમજાવીને, મોટા અનાદિનો જોગ-સમાગમ કરાવીને મહારાજના દિવ્ય સુખની પ્રાપ્તિ કરાવવી છે. આવો લાભ આપણને મળ્યો એટલે કૃતાર્થ થયા

**'ભવબ્રહ્માદિકને નિશ્ચે મળતી નથી,**
**પુરુષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો.'**

તે લાભ આપણને મળ્યો. એ આનંદમાં રહેવું. બહારવૃત્તિમાં પ્રદેશ ગમે તેવો ભલે હોય, પણ અંતઃવૃત્તિએ તો ચિદ્‌ઘન તેજનો રાશિ જે પુરુષોત્તમનું ધામ જ્યાં તેજ તેજના અંબાર છે, તે મધ્યે દિવ્ય સાકાર સનાતન મૂર્તિ બિરાજે છે, તે મૂર્તિ ભેળા અનંત અનાદિ મુક્તો છે, તે જ રીતે અનંત પરમ એકાંતિકની સભા છે. સદાય સાકાર દિવ્ય તેજોમય એ મહાપ્રભુએ આપણા ચૈતન્યને દિવ્ય સાકાર કરી મૂર્તિમાં રાખેલ છે એ દૃઢતા કાયમ રાખવી. ચાલોચાલ અને કાર્ય સત્સંગથી આવું મનાતું નથી. આ પ્રાપ્તિ તો કેવળ કૃપાની છે. બાપાશ્રી કહે છે કે: ''આપણને કૃપાસાધ્ય પુરુષ મળી ગયા છે. આપણે એક મૂર્તિને બાઝવું, મૂર્તિ ભૂલીને હલર વલર ન કરવું, મૂર્તિમાં બધું ય છે, મૂર્તિ ન્યાલકરણ છે. આ વાતનો આલોચ રાખવો. મહારાજ સાથે હોય એટલે બધેય સુખ. દિન-પ્રતિદિન સત્સંગનું બળ વૃદ્ધિ પમાડવું.'' સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ મહારાજની પ્રાર્થના કરી છે કે:

**'ક્યાં અમે ને ક્યાં આપ, જીવન જાણું છું;**
**કીડી કુંજરનો મેળાપ, જીવન જાણું છું.**
**તમે મેર્ય મુજ પર કીધી, જીવન જાણું છું;**
**મારી બૂડતાં બાંય ગ્રહી લીધી, જીવન જાણું છું.**
**તમે બિરદ પાળ્યું પોતાનું, જીવન જાણું છું;**
**શીદ શંકા મનમાં આણું, જીવન જાણું છું.**
**મારે અચળ તમારો આશરો, જીવન જાણું છું;**
**દોયલા દિનમાં ખરખરો, જીવન જાણું છું.**
**મારી મરણ ટાણાની મૂડી, જીવન જાણું છું;**
**વળી ભવસાગરની હુંડી, જીવન જાણું છું.'**

આવાં અનેક વચનો 'હરિ સ્મૃતિ' રૂપ ચિંતામણિમાં છે. મોટા મુક્તોએ જે જે વચનો આવાં કહ્યાં છે તે આપણને મહિમા સમજાવવા કહ્યાં છે. શ્રીજીમહારાજની દિવ્ય સભામાં બેસારી અખંડ સુખ પમાડવા એમનાં બધાં કાર્ય છે. નાના બાળકમાંથી મોટા કરવા જેમ જીવને જનેતા જેવું કોઈ નથી તેમ આત્યંતિક મોક્ષ કરવાના અનેક પ્રકાર સમજાવવામાં અનાદિ મહામુક્ત જેવું કોઈ નથી. એમની કૃપાથી મહારાજની પ્રસન્નતા તુરત થાય છે કેમકે એમણે શ્રીહરિને વશ કરી લીધા છે. વચનામૃતરૂપી દિવ્ય ગ્રંથમાં મહારાજ અને મહારાજના મુક્ત બંને કલ્યાણકારી છે, એવું દરેક પ્રશ્ન ઉત્તરના વિવેચનમાં સમજાવેલું છે. આવા મોક્ષના દાતા મહાપ્રભુ અને તેમની દિવ્ય સભા ભેળા સદાય રહેવું. એમનો અખંડ દિવ્ય ભાવ રાખવો. શ્રીજીમહારાજ અખંડ, સનાતન ને દિવ્ય છે, તેમ જ ધામની સભા પણ દિવ્ય છે. શ્રીહરિએ દિવ્યભાવની જેતલપુરમાં વાત કરી કે:

**'આ સભામાં આપણા સૌનાં તેજોમય તન છે,**
**છટા છૂટે છે તેજની જાણે પ્રગટ્યા કોટિક ઈંદુ છે.**
**એટલું જો સમજશો તો કરવું તમારે કાંઈ નથી,**
**મળ્યા છે જે તમને તે પાર છે અક્ષરથી.'**

વળી, પોતે જ સમજાવે છે કે ''આ ગઢડું શહેર કે ઓશરી કાંઈ નથી, તમે સર્વે ત્યાં જ બેઠા છો, એમ હું દેખું છું.'' આવા વચનનું મનન, નિદિધ્યાસ કરતાં એ શ્રીહરિના વચન યથાર્થ જણાય. મહારાજની દયા અપાર છે, એમની કૃપાથી જ આત્યંતિક મોક્ષ થાય છે, એ અનુસંધાન રાખવાથી સદાય આનંદ આનંદ વર્તે.

- કલ્યાણભાઈ એન. વેકરિયા

# શ્રીજી મહારાજના ચરણારવિંદ તથા છતેડીધામ

## શતવર્ષ ગાથા (સં. ૧૯૭૧ થી સં. ૨૦૭૧ ઈ.સ.૧૯૧૫ થી ઈ.સ.૨૦૧૫)

સંવત ૧૯૭૧માં ભુજ મંદિરમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવી મોટો યજ્ઞ કરવાની ઈચ્છા બાપાશ્રીએ ભુજ મંદિરના મહંત સદ્. શ્રી મહાપુરૂષદાસજી સ્વામીને જણાવી. મહંત સ્વામીએ બીજા મોટેરા સંતો સાથે મળીને નિર્ણય કર્યો અને બાપાશ્રીને કહ્યું કે મંદિરમાં સંકડાશ ઘણી છે તો આપ રાજી રહો એમ કરો. ત્યારે બાપાશ્રીએ કાળી તલાવડીના કાંઠે શ્રીજીમહારાજ સભા કરી બેસતા અને પોતાના માતુશ્રીને પુત્રપણાનું વરદાન આપ્યું હતું તે સ્થળે છતેડી કરી મોટો યજ્ઞ કરવાની ઈચ્છા જણાવી. સહુ સંતોએ એ વાત સહર્ષ સ્વીકારી લીધી. ત્યારબાદ બાપાશ્રીએ અમદાવાદ સદ્.સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સદ્.સ્વામી વૃંદાવનદાસજીને પત્ર લખી પૂછાવ્યું 'અમારા માતુશ્રીને કાળી તલાવડી પર મહારાજે દર્શન આપી વર આપેલો એ સ્થાને છતેડી કરાવી ચરણારવિંદ પધરાવવાનો અમે વિચાર કર્યો છે, એ બાબતમાં તમારો શું અભિપ્રાય છે? બન્ને સદ્ગુરુઓએ જીવનપ્રાણ બાપાશ્રીના વિચારને સહર્ષ વધાવી લીધો. કાળી તલાવડીની આજુબાજુ ગાઢ વનરાજીને લીધે કેટલાક વાસનિક ભૂતો ઘણાં વખતથી રહેતા હતા. બાપાશ્રીએ ગોળ-સાકરની પ્રસાદી હવામાં ઉછાળી તે સર્વે ભૂતોએ ઝીલી લીધી અને તે જમવાથી તેમના પાપ બળી ગયાં અને તેમનો મોક્ષ થયો. ભુજ મંદિરના મહંત સદ્. શ્રી મહાપુરુષદાસજી સ્વામીની અનુમતિથી સાધુ વિજ્ઞાનદાસજી તેમના સંતમંડળ સાથે બળદિયા આવી શ્રીહરિના પ્રસાદીના પથ્થરને સ્થાને છતેડીના નિર્માણનો પ્રારંભ કર્યો. સં.૧૯૭૧ની વસંતપંચમી સુધીમાં તો છતેડી, તલાવડીનો આરો, પગથિયાં અને છતેડી ફરતો વંડો એટલા કામ પૂર્ણ થઈ ગયા. બાપાશ્રીએ કચ્છની ચોવીસી, સમગ્ર સંપ્રદાય તથા ધામધામના સંતોને આમંત્રી શ્રીહરિ ચરણારવિંદ પ્રતિષ્ઠા નિમિત્તે સાત દિવસનો મોટો યજ્ઞ કર્યો. (બાપાશ્રીએ આવા બીજા છ મોટા યજ્ઞ કર્યા હતા.) ભુજથી સદ્. સ્વામી શ્રી મહાપુરુષદાસજી સ્વામી આદિ સંતો, અમદાવાદથી સદ્.શ્રી ઈશ્વરચરણદાસજી આદિ સંતો, મૂળીથી સદ્.શ્રી ધર્મકિશોરદાસજી આદિ સંતો તથા ગઢડા, વડતાલ આદિના મળી કુલ ૪૦૦ સંતો તથા ૨૫,૦૦૦ હરિભક્તોની ઉપસ્થિતિમાં સંવત ૧૯૭૧ના ચૈત્ર સુદ ૩ના રોજ (તા ૧૮-૩-૧૯૧૫) રોજ બાપાશ્રીએ શ્રીહરિના ચરણારવિંદની ધામધૂમથી પ્રતિષ્ઠા કરી આરતી ઉતારી. આ પ્રસંગે સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીએ બાપાશ્રીને પ્રાર્થના કરી : બાપા! આ ટાણે દેશ પરદેશથી આવેલા અસંખ્ય મુમુક્ષુઓને કાંઈક વરદાન આપો.' ત્યારે બાપાશ્રી અત્યંત પ્રસન્ન થઈને બોલ્યા...

**' સ્વામી, આ સ્થાન મહાપ્રસાદિનું છે.'**

**''આ છત્રી તથા આ સ્થાનના જે કોઈ દેવ તથા મનુષ્ય દર્શન કરશે અને ઉપર થઈને પક્ષી ઉડીને જશે તે સર્વેનો અમે આત્યંતિક મોક્ષ કરી મહારાજની મૂર્તિમાં લઈ જશું.''**

બાપાશ્રી કહેતા,'' આ અમારૂં જન્મસ્થાન. કારણકે અમારા માતૃશ્રીને શ્રીજીમહારાજે આ જગ્યાએ વરદાન આપેલ હતું.''

### ભીડભંજન હનુમાનજી

બળદિયામાં કાળી તલાવડી પાસે છતેડીની સમીપે બાપાશ્રીએ સં.૧૯૭૮ના વૈશાખ સુદ ત્રીજે ભુજ, અમદાવાદ, મૂળી આદિ ધામોમાંથી પધારેલ સંતોની ઉપસ્થિતિમાં ભીડભંજન હનુમાનજી પધરાવ્યા. વળી એ પ્રસંગે સદ્.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીએ બાપાશ્રીને કહ્યું, ''બાપા! હવે અહીં દર્શને આવનારને કંઈક વર આપો.'' ત્યારે બાપાશ્રીએ અત્યંત પ્રસન્નતાથી કહ્યું, '' આ હનુમાનજી સારંગપુરના કષ્ટભંજનદેવની પેઠે કામ કરશે અને જે કોઈ અહીં દર્શન કરવા આવશે તે સૌને અમે અક્ષરધામમાં તેડી જઈશું.'' અત્રે એ વાત ખાસ ઉલ્લેખનીય છે કે બાપાશ્રીના દરેક યજ્ઞ મહોત્સવમાં તથા હનુમાનજી પ્રતિષ્ઠા મહોત્સવમાં પણ રામપરથી મહામુક્ત ધનબા ફઈબા પધાર્યા હતા અને આ છતેડી સ્થાનમાં શ્રીજીમહારાજ, નંદ સંતો તથા અનેક મુક્તોના દિવ્યરૂપે દર્શન થયા હતા.

### અબજીબાપાશ્રીનું સાહિત્ય

### અબજીબાપાશ્રીની છતેડી મંદિર, દિવ્ય દર્શનમ્ અને અતિથિભવન

અગણિત જીવોને શ્રીજીમહારાજના સ્વરૂપમાં જોડીને અનાદિમુક્તરાજ અબજીબાપાશ્રીએ સં.૧૯૮૪ના અષાઢ સુદ ૫ને શુક્રવારે (તા.૨૨ જૂન ૧૯૨૮) પોતાની મનુષ્ય લીલા સંકેલી અક્ષરધામમાં પધાર્યા, ત્યારે ભુજ મંદિરના શ્રી તદ્રુપદાસજી સ્વામી, શ્રી નીલકંઠ સ્વામી આદિ પાંચ મોટેરા સંતો તત્કાળ બળદિયા પધાર્યા અને બાપાશ્રીના અંતિમ દર્શન કરવા માટે દોડી આવ્યા. બાપાશ્રીની અગાઉની સૂચના મુજબ બાપાશ્રીની અંત્યેષ્ટિ વિધિ શ્રીજીમહારાજની છતેડીના દક્ષિણ ભાગમાં

કરવામાં આવી. જે સ્થાને બાપાશ્રીનો પાર્થિવ દેહ પંચ મહાભૂતમાં વિલીન થયો ત્યાં સદ્‌ગુરુઓની પ્રેરણાથી ભુજ મંદિરના મહંત સદ્. શ્રી ભકિતપ્રિયદાસજી સ્વામી, શ્રી યોગેશ્વરદાસજી સ્વામી, શ્રી કૃષ્ણજીવનદાસજી સ્વામી અને મુનિ સ્વામી કેશવપ્રિયદાસજી સ્વામી, કોઠારી શ્રી વેલજી ભગત, બાપાશ્રીના પુત્ર શ્રી કાનજીભાઈ અને મનજીભાઈ તથા તેઓનો પરિવાર, ભુજના શ્રી ભોગીલાલ મહેતા, શ્રી ધનજીભાઈ કોટવાલ, ભારાસરના શ્રી કેસરાભાઈ આદિ મોટેરા હરિભક્તોએ આ સ્થાને અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીની બીજી છત્રી કરી ચરણારવિંદ પધરાવ્યા. ત્યારબાદ સંવત ૧૯૨૦માં આ સ્થાનમાં શ્રી હરિમંદિર તથા સંવત ૧૯૩૦માં વિશાળ સભામંડપ સદ્.મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી દ્વારા બાંધવામાં આવેલ છે. અને દેશ-વિદેશથી આ દિવ્ય ધામમાં હજારો હરિભક્તો દર્શને આવતા હોવાથી સુંદર અતિથિભવનની વ્યવસ્થા પણ અહીં કરવામાં આવી છે. શ્રીજીમહારાજ અને અબજીબાપાશ્રીના જીવનપ્રસંગોને દ્રશ્ય-શ્રાવ્ય ટેકનિક દ્વારા જીવંત બનાવતું 'દિવ્યદર્શનમ્' પ્રદર્શન એ અત્યારે છતેડી ધામનું એક આગવું આકર્ષણ છે. અને છેલ્લે છતેડીમંદિરનો જીર્ણોદ્ધાર કરી, નૂતન છતેડી મંદિરનું નિર્માણ પણ શતાબ્દી મહોત્સવ(સં. ૨૦૭૧) પ્રસંગે પૂર્ણ થાશે.

**શ્રી સ્વામિનારાયણ વિદ્યાસંકુલ તથા શ્રી અબજીબાપા સંસ્કારધામ**

અ.મુ.શ્રી જાદવજીબાપા તથા અ.મુ.શ્રી નારાયણમામાની પ્રેરણા અને આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ વિદ્યાસંકુલ તથા શ્રીઅબજીબાપા સંસ્કારધામની સ્થાપના ઈ.સ.૧૯૯૫માં કરવામાં આવી. આ સંસ્કારધામમાં સાવ નજીવા લવાજમમાં ઉત્તમ સગવડતા સાથે ધો.૫ થી ૧૦ સુધી, ભાગ્યશાળી ૩૦૦ વિદ્યાર્થીઓ સંતોની નિશ્રામાં રહી વિદ્યા સાથે સદાચારના ઉત્તમ સંસ્કાર પ્રાપ્ત કરી સ્વજીવનને ઉજ્જ્વળ બનાવી રહ્યા છે. અહીં બાલમંદિરથી શરૂ કરી ધો.૧૦ સુધી અંગ્રેજી માધ્યમમાં કુમાર તેમજ કન્યાઓને શિક્ષણ આપવામાં આવે છે.

તદ્ઉપરાંત દીનદુઃખીની સારવાર માટે આરોગ્ય કેમ્પના આયોજન પણ અહીં થતા હોય છે. જેમાં વિવિધ દર્દોના ઈલાજ વિના મુલ્યે કરી આપવામાં આવે છે.

કાળી તલાવડીના કિનારે પશ્ચિમ બાજુ છતેડી, મંદિર અને વિશાળ સંસ્કારધામ છે તો દક્ષિણ બાજુ મનોરમ્ય ઉદ્યાન છે જેમાં બાળકો માટે હીંચકા, લપસણી વગેરે સાથેનો ક્રિડાંગણ છે. પૂર્વ દિશાએ વિદ્યાસંકુલ છે જ્યારે ઉત્તર દિશામાં ગાયોને ચરવા માટેની ગોચર ભૂમિ છે. કુદરતે આ ભૂમિને અખૂટ સૌંદર્ય બક્ષ્યું છે. તો અબજીબાપાશ્રીએ આ ભૂમિની રજેરજ આત્યંતિક કલ્યાણના અમોઘ આશીર્વાદથી દિવ્યતામાં રસતરબોળ કરી ધન્ય બનાવી છે.

આમ બાપાશ્રી સ્થાપિત છતેડીના ૧૦૦ વર્ષનું વિહંગાવલોકન કરવું હોય તો આ રીતે કરી શકાય.

**પ્રથમ ચરણ :-** (સંવત ૧૯૭૧ થી ૧૯૮૪) બાપાશ્રીએ છતેડી બનાવી ચરણારવિંદ પધરાવ્યા અને આત્યંતિક કલ્યાણના આશીર્વાદ આપ્યા. છતેડીએ હનુમાનજી પધરાવ્યા અને આ હનુમાનજી સારંગપુરના હનુમાનજીની પેઠે કામ કરશે એવા બાપાશ્રીએ આશીર્વાદ આપ્યા. ત્યારબાદ બાપાશ્રી અંતરધ્યાન થયા અને તેમની સ્મૃતિ છત્રી બનાવવમાં આવી.

**દ્વિતિય ચરણઃ-** (સંવત ૧૯૮૫થી સંવત ૨૦૩૦) બાપાશ્રીની છતેડીની કપરા સમયમાં બાપાશ્રીના પુત્ર શ્રી કાનજીબાપા તથા શ્રી મનજીબાપાએ સંભાળ રાખી અને સં ૨૦૨૦ થી સં.૨૦૩૦ ના માત્ર દસ વર્ષના ગાળામાં બાપાશ્રીના શિષ્ય મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામીએ ટ્રસ્ટ રચી છતેડીમંદિર, સભામંડપ અને અતિથિભવન બનાવ્યા.

**તૃતિય ચરણઃ-** (સંવત ૨૦૩૧ થી સં૨૦૫૦) બાપાશ્રીના પૌત્ર અ.મુ.શ્રી જાદવજીબાપા તથા અ.મુ.શ્રી નારાયણમામાની પ્રેરણાથી છતેડીમંદિર, સભામંડપ તથા અતિથિભવનનું વિસ્તરણ, બહેનોનું મંદિર, ટાવર વગેરે તથા છતેડીમાં શ્રીજીમહારાજ, બાપાશ્રી, ધર્મદેવ, ભકિતમાતા, હરિકૃષ્ણ (ઘનશ્યામ) મહારાજ, અયોધ્યાપ્રસાદજી મહારાજ પધરાવ્યા તથા ગામની અંદર બાપાશ્રીના ઘરમાં બાપાશ્રીની મૂર્તિ પધરાવી દર્શન અર્થે ખુલ્લું મુક્યું. અને છતેડી બગીચો બનાવી એ સર્વેની જાણવણીની વ્યવસ્થા કરી.

**ચતુર્થચરણઃ** (સંવત ૨૦૫૧ થી સં ૨૦૭૧) પ.પૂ. અ.મુ.શ્રી જાદવજીબાપા તથા પ.પૂ.અ.મુ.શ્રી નારાયણમામાની પ્રેરણાથી વિદ્યાર્થીઓ ને રહેવા તથા ભણવા માટે શ્રી અબજીબાપા સંસ્કારધામ તથા શ્રી સ્વામિનારાયણ વિદ્યાસંકુલ અંતર્ગત ગુજરાતી તથા અંગ્રેજી એમ બંને માધ્યમની ધો.૧૦ સુધીની શાળા, દિવ્યદર્શન પ્રદર્શન, કાળી તલાવડીએ ઘાટ, સંતોના ઉતારા અને છેલ્લે મંદિર નવનિર્માણ અને કૃપાવર્ષા મહોત્સવ. સં.૨૦૭૧ વૈશાખ સુદ ૧૧ થી વૈશાખ વદ-૧(તા.૨૯-૪-૨૦૧૫ થી ૫-૫-૨૦૧૫).

**આવી છે છતેડીની દિવ્યગાથા. તો આવો મહારાજ અને મુક્તની આ દિવ્યભૂમિની દિવ્યતાના સાક્ષી બનીએ.**


છેવટે આ દેહમાંથી છુટું પડવું છે ત્યારે અત્યારથી જ જુદા થાવું.

– પ.ભ.રમેશભાઈ ભગવાનદાસ સોની (વડોદરા)

# ચેતનાની અટારીએથી

પ્રશ્નઃ ગુરુજી, કારણસત્સંગમાં ઘણાં સત્સંગીઓ પાસેથી એવું સાંભળવા મળે છે કે, 'આપણને મહારાજ મળ્યા, બાપા મળ્યા, હવે આપણે કાંઈ કરવાનું રહેતું નથી..' આવું માનવું કેટલે અંશે યોગ્ય છે?

પ.પૂ.ગુરુવર્યઃ મેં જોયું છે કે કારણ સત્સંગમાં અવરભાવ અને પરભાવની સમજણમાં જ્યારે ભેળસેળ થાય છે ત્યારે આવા ગોટાળા સર્જાય છે. મોટા મુક્તો મોટેભાગે પરભાવમાં જ બોલતા હોય છે, એને સામાન્ય સાધનિકો અવરભાવનું કથન માનીને સ્વીકારી લે છે ત્યારે આવું બને છે. પહેલાં તો આપણે એ સમજવાનું છે કે મહારાજ મળ્યાં ક્યારે કહેવાય? મનુષ્યરૂપે આ લોકમાં પ્રગટ થયાં ત્યારે એમનાં સંપર્કમાં જેજે જીવો આવ્યા તેમને મહારાજ મંળ્યા કહેવાય? શ્રીજીમહારાજ અંતેવાસી થઈને જે જે સંતો ને હરિભક્તો એમની સાથે રહ્યા તેમને મહારાજ મળ્યાં કહેવાય? અવરભાવમાં મળ્યા કહેવાય, પરંતુ પરભાવમાં મહારાજ ત્યારે જ મળ્યા કહેવાય જ્યારે જીવમાં મૂર્તિનો સાક્ષાત્કાર થઈ જાય! જ્યારે સ્થૂળ, સૂક્ષ્મને કારણ દેહના ભાવ ટળી જાય, જીવાત્મામાં માયાના જે રાગ રહેલા છે, કામક્રોધાદિક સ્વભાવ રહ્યાં છે. ઐશ્વર્યની એષણાઓ રહેલી છે, એ બધી ટળી જાય અને આત્મા પુરુષોત્તમના ભાવને પામીને સાકાર મૂર્તિરૂપ થઈને મહારાજ સાથે પ્રગાઢ તાદાત્મ્ય અનુભવે ત્યારે મહારાજ મળ્યા કહેવાય. આને અનાદિ મુક્તની સ્થિતિ કહે છે. અને આ રીતે મહારાજ મળ્યા પછી પણ શ્રીજીમહારાજની પ્રસન્નતાના સાધન તો કરતા જ રહેવાના છે. સાધનિકોએ સાધન મૂર્તિરૂપ થવા માટે કરવાના છે અને સિદ્ધ મુક્તોએ સાધન અન્ય મુમુક્ષુઓને મૂર્તિરૂપ કરવા માટે કરવાના છે. આ બંન્ને પ્રકારે સાધન કરવાથી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. 'હવે આપણે કાંઈ કરવાનું રહેતું નથી.' એ કથન પરભાવમાં પૂર્ણકામપણું માનવા માટેનો ભાવ છે, પરંતુ અવરભાવમાં તો પ્રસન્નતાના સાધન આ લોકમાં રહીએ ત્યાં સુધી બધાએ કરતા જ રહેવાના છે!

દાદાખાચર શ્રીજીમહારાજના પરમ કૃપાપાત્ર અંતેવાસી હતા. મહારાજે ધામમાં પધારતી વખતે તેમને સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવાની ખાસ ભલામણ કરી હતી. એકવાર તેમણે ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું કે,'સ્વામી, મારા એવાં મોટા શું પુણ્ય હશે કે અનંત કોટિ બ્રહ્માંડોનાં અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ મારા ઘેર આવીને તેને પોતાનું ઘર માનીને રહ્યા ને મારા પરિવારને પોતાનો પરિવાર માનીને તેમની મહામૂલી સેવા અમને આપી? ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યુંઃ ' દાદા, તમારા ભાગ્યનો ને તમારા પુણ્યનો તો પાર જ નથી! આ બ્રહ્માંડમાં શ્રીહરિજી મહારાજ પ્રગટ થયા ત્યારે તો તમને સપરિવાર તેમની અલભ્ય સેવાનો લાભ મળ્યો, પંરતુ એ પહેલાં બીજા એક બ્રહ્માંડમાં મહારાજ પધાર્યા હતા ત્યારે પણ તમને એમની એવી જ અંગત સેવાનો ભરપુર લાભ મળ્યો હતો. પરંતુ દાદાખાચર, આ લાભ અને આ પ્રાપ્તિ અવરભાવની હતી. પરભાવમાં હજી તમને મહારાજ મળ્યાં નથી. માટે આ પિંડ–બ્રહ્માંડનો વિચારે કરીને પ્રલય કરી તમારા આત્માને અક્ષરધામરૂપમાની તેમાં મૂર્તિ ધારી મૂર્તિમાં જોડાઈ જાઓ. ત્યારે તમને મહારાજ અણુમાત્ર પણ છેટા નહિ ભાસે, એ આવ્યાને ગયા એમ નહિ લાગે.' પછી દાદાખાચરે એ પ્રમાણે પ્રતિલોમ ધ્યાન કરવા માંડ્યું એટલે ગણતરીના દિવસોમાં જ તેમની અનાદિ મુક્તની સ્થિતિ થઈ ગઈ. છતાં પણ જીવનની અંતિમ ઘડી સુધી તેઓ શ્રીજીમહારાજની પ્રસન્નતાના સાધન કરતા રહ્યા હતા. એકવાર કોઈ સરકારી કામ અર્થે તેઓ ધ્રાંગધ્રા આવેલા ત્યારે રાત્રે મંદિર બંધ થઈ ગયું હોવાથી આખી રાત તેઓ મંદિરના ઓટલા ઉપર સૂઈ રહ્યા. સવારે પૂજારીએ દરવાજો ખૂલ્યો ત્યારે જોયું તો કોઈ કાઠી ઓટલા ઉપર સૂતો હતો. પૂજારીએ પૂછ્યું કે,'ક્યાંથી આવો છો?' તો કહે, ' ગઢડાથી..મંદિરમાં દર્શન કર્યા પછી જતી વખતે થાળ ભેટ લખાવ્યો ત્યારે પહોંચ માટે નામ પૂછ્યું એટલે ખબર પડી કે આ ગઢડાના દરબાર દાદાખાચર છે! આટલાં બધાં નિર્માની હતા તેઓ!

મોટા મુક્તો પણ ત્યારે જ મળ્યા કહેવાય જ્યારે તેમનામાં અદમ્ય આત્મબુદ્ધિ થાય. દેહે કરીને મળવું, સંપર્કમાં આવવું કે સમાગમ કરવો એ અવરભાવમાં મળ્યા કહેવાય, પરંતુ પરભાવમાં મળ્યા ન કહેવાય. મહારાજની મૂર્તિરૂપ થઈએ એટલે મૂર્તિમાં અનંતકોટી મુક્તો રહ્યા છે તે

-રમણભાઈ ગજ્જર, ભુજ

# જીવનમૂલ્ય

**કોઈપણ ધર્મ-સંપ્રદાય ''હિંસા'' કરવાની છૂટ આપતો નથી.**

જો તમે કોઈને જીવન આપી શકતા નથી તો તમને તેનું કોઈનું જીવન ઝૂંટવી લેવાનો, તે જીવની હિંસા કરવાનો કોઈ જ અધિકાર નથી. ''જીવો અને જીવવા દો'' તો આપણી ભારતીય સંસ્કૃતિનો આદર્શ છે.

પણ આજે કળિયુગનો સમય એવો તો છે કે, બીજાની વાતો તો ઠીક પણ માણસ હેવાન બનીને પોતાના પરિવારના સભ્યની હત્યા કરી નાંખતા પણ અચકાતો નથી.

અરે ડ્રાઈવિંગ કરતી વખતે પણ આપણે માત્ર આપણો જ વિચાર કરીને રોડ ઉપર કેટલાં બધા નાના મોટા જીવોને મારી નાંખીએ છીએ. અને પાપના પોટલા બાંધીને ફરીએ છીએ. તેમાંથી ક્યારે છૂટી શકાશે?

આજે બીજાનું જીવન બચાવનારાઓ કરતાં બીજાના જીવનનો અંત લાવનારાઓની સંખ્યા કૂદકે ને ભૂસકે વધતી જાય છે. આ એક વરવી વાસ્તવિકતા છે.

માણસ સવારે ઊઠે ત્યાંથી રાત્રે સૂઈ જાય ત્યાં સુધી તે કેટલા બધાં નાના મોટા જીવોની હિંસા કરે છે? આ વિચાર કરતાં જ આપણા રૂવાંડા ઊભા થઈ જાય છે.

કદાચ માની લોકે અજાણતા કોઈ જીવની હિંસા થઈ જાય તો તેનું પ્રાયશ્ચિત ધર્મશાસ્ત્રોના પાના ઊથલાવીએ તો મળી જશે જ.

મિતાક્ષરા ટીકા ગ્રંથ કહે છે કે, ''જે અજ્ઞાનથી કરેલું પાપ હોય તે પ્રાયશ્ચિતથી નાશ પામે છે. પણ જાણીને કરેલાં પાપ નાશ પામતા નથી.''

આપદ્ ધર્મમાં કહ્યું છે કે,'' અજાણે કરેલા પાપનું જે પ્રાયશ્ચિત છે તેના કરતાં જાણીને કરેલાં પાપનું પ્રાયશ્ચિત બેવડું કરવું જોઈએ.'' પણ તે યોગ્ય ન જ ગણાય.

પ્રાયશ્ચિત તો પાપમાંથી છૂટવાની એક બારી છે. કોઈને મારીને પછી રડવા બેસીએ તેના જેવી આ વાત છે. શું પ્રાયશ્ચિત કરવાથી હિંસા કરેલો જીવ પાછો થોડો જ આવવાનો છે? ના તો પછી તેવું શા માટે કરવું?

જગતના સર્વ શાસ્ત્રોમાં અહિંસાનો મહિમા ગાવામાં આવ્યો છે. કોઈ ધર્મ-સંપ્રદાય હિંસા કરવાની છૂટ આપે છે? નથી આપતો. તો પછી હિંસા શા માટે કરવી?

હિંસાની વ્યાખ્યામાં તો જીવને મારવો તેટલું પૂરતું નથી. શરીર, મન કે વાણીથી કોઈનો દ્રોહ કરવો એને પણ હિંસા કહેવામાં આવે છે.

કોઈપણ જીવની હત્યા કરવી તે કુદરતી ન્યાયના સિદ્ધાંત વિરુદ્ધની વાત છે. કીડીને મારો કે હાથીને મારો પણ જીવ હિંસા બંને સ્થળે થઈ છે. એટલે નાના જીવને મારવો અને મોટાને ન મારવો. બંનેમાં પાપ લાગે છે. આ મનુષ્ય જન્મ પુણ્યની કમાણી કરવા માટે છે. પાપ કરવા માટે નહિ.

કોઈપણ પ્રકારના ધર્મ માટે પણ હિંસા કરવી જોઈએ નહિ. શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી ગ્રંથમાં ૧૧મી આજ્ઞામાં કહ્યું છે કે,'' અમારા આશ્રિતોએ આ જગતમાં કોઈ પણ પ્રાણીની કદી હિંસા ન કરવી. અને ઝીણા એવા જૂ, માંકડ વગેરેની હિંસા બુદ્ધિપૂર્વક તો ક્યારેય ન કરવી.''

ઘણી બહેનો માથાના વાળની જૂ ને પાણીમાં નાંખીને મારે છે. ઘણા મચ્છરને ટપલી મારીને મારી નાંખે છે. ઘણા માંકડને મસળી નાંખીને મારે છે. તે કેટલે અંશે ઊચિત છે. મહિલાઓ શાક ભાજીને સુધારે છે તથા અનાજ સાફ કરે છે ત્યારે પણ હિંસા અનાયાસે થઈ જતી હોય છે. પણ જો સાવધાનીપૂર્વક વર્તે તો અહિંસાનું પાલન થઈ શકે.

જે માણસે પોતાનું હીત ઈચ્છવું હોય, કલ્યાણ ઈચ્છવું હોય, સુખી-સમુદ્ધ થવું હોય તો કોઈપણ પ્રકારની હિંસાથી દૂર રહેવું જોઈએ જ.

ઘણાં ઔષધો તૈયાર કરવામાં પણ જાણે અજાણે નાની મોટી જીવહિંસા થતી હોય છે. જે ઊચિત ન ગણાય.

લોકો રહેવા માટે મકાન નિર્માણ કરે છે ત્યારે પણ કેટલી બધી જીવાત મારી નાખવામાં આવે છે. અરે ખેતરમાં ખેત ઉત્પાદનની સલામતી માટે વાપરવામાં આવતી જંતુનાશક દવાઓ વાપરવાથી પણ જીવહિંસા થાય છે. મધ ભેગું કરવા માટે પણ ઘણી વખત મધમાખીઓની હિંસા થતી હોય છે.

''રાત્રિ-દિવસ ચાલતા કતલખાનાની જો મુલાકાત લો તો તે સ્થળે સર્જાતા ક્રુર દશ્યો જોયા પછી ભાગ્યે જ કોઈ માંસાહારી થવાનું પસંદ કરે?'' એમ ક્રાંતિકારી સંત શ્રી તરુણ સાગર મહારાજ સાહેબ કહે છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા કહે છે કે,'' અહિંસા પરમ ધર્મ છે. અહિંસા પરમ તપ છે. અહિંસા પરમ જ્ઞાન છે. અને અહિંસા જ પરમ પદ છે.'' માટે હિંસાથી દૂર રહીને અહિંસા ધર્મનું પાલન કરવામાં જ માનવજાતની ભલાઈ છે.

કેટલીક હિંસા તો પર્યાવરણ જાળવણી સામે જોખમો ઊભા કરે છે. આટલા નાના લખાણમાં તે બાબતની વિસ્તૃત છણાવટ કરવી અશકય છે.

ટૂંકમાં આપણે આપણાથી બનતી મહેનત કરીને હિંસા કરીએ નહિ. અને બીજાને હિંસા કરવા દઈએ નહિ તે માનવતાનું કાર્ય છે. પ્રયત્ન તો કરી જુઓ ગુમાવવાનું કંઈ જ નથી. પુણ્ય સંચયનું આ કાર્ય છે.

મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે,''અહિંસા નો અર્થ છે, ઈશ્વર પર ભરોસો રાખવો.'' અને ઈશ્વર ઉપર શ્રદ્ધા-વિશ્વાસ રાખનાર કદાપિ નિરાશ થતા નથી. બસ ત્યારે આજથી હિંસા બધ...બંધ..ને બંધ.

-એચ.એન.વેકરીયા

# આંતર જીવનની પવિત્રતા

ભગવાનનું સ્વરૂપ દિવ્ય છે, ભવ્ય છે, અલૌકિક છે. તો એ મૂર્તિને પધરાવવા માટે આપણા આ નિજમંદીરની પવિત્રતા અને દિવ્યતા જરૂર જોઈએ. અહીં મહાપ્રભુ સત્પુરૂષને પૂછશે કે મારી મૂર્તિ તમે નિજમંદિરમાં પધરાવવા માંગો છો તો તે માટે તમે મંદિરનો નકશો બતાવો. તો કેવું છે તે અમે જોઈએ. પછી એ પ્રમાણે અમારી મૂર્તિ સોંપીએ.

સંતો ઘણીવાર દૃષ્ટાંત આપે છે કે ' જેમ કોઈ દિકરો હોય, તેને નાકે લીટ ચોટ્યું હોય, માટીમાં રમીને આવ્યો હોય, તદ્દન ગંદો થયેલ હોય, એ વખતે જો તેના બાપ પાસે જાય તો તેનો બાપ ન સ્વીકારે. પણ જો તેની મા પાસે જાય તો તે નવરાવી ધોવરાવીને ચોખ્ખો કરી બાપને સોંપે તો તેનો બાપ એ પુત્રને સ્વીકારશે, રમાડશે, વ્હાલ કરશે.

અહીં બાપને સ્થાને શ્રીજી મહારાજ છે. જ્યારે મા ને સ્થાને સત્પુરૂષ છે. સત્પુરુષરૂપી મા, માયાથી ખરડાયેલા આપણા જીવાત્માને, ચોખ્ખો અને નિર્મળ કરી પ્રભુને સોંપે તો પ્રભુ આપણો સ્વીકાર કરે.

આ દૃષ્ટાંત પરથી આપણે જોયું કે મહારાજનો સિદ્ધાંત શો છે? શ્રીજી મહારાજ શું કહેવા માંગે છે? એમનું ગમતું શું છે?

મહાપ્રભુનું તો એ જ ગમતું છે કે મારા ભક્તનું આંતરજીવન પવિત્ર હોવું જોઈએ. એનામાં કામ, ક્રોધ, લોભ, દોષરૂપી દુર્ગુણો, માન, ઈર્ષ્યા, કામના, વાસના વગેરે માયિક ગંદકી ન હોવી જોઈએ. આ પ્રકારના દુર્ગુણો માણસમાં પ્રવેશે ત્યારે તેની ઝેર જેવી અસર થાય છે. આ ઝેર ન ચડે તે માટે ફક્ત એક જ ઉપાય છે કે સત્પુરુષના ગમતામાં રહીને તેમને રાજી કરી લેવા જોઈએ.

બાપાશ્રીએ વાતોમાં લખ્યું ''જેનું અંતઃકરણ પવિત્ર હોય એને ભગવાન મળે છે. એ જ મૂર્તિસુખનો અધિકારી બને છે.'' સ્પષ્ટ વાત છે કે રોગ શરીરમાંથી જાય તો શરીર તંદુરસ્ત રહે. તેમ આંતરજીવની શુદ્ધિ થાય ત્યારે ભગવાન પાસે જવાય. આંતરજીવનની શુદ્ધિ વગર ભગવાન સુધી પહોંચી શકાય નહીં. ગ.પ્ર.ના ૭૬માં વચનામૃતમાં શ્રીજીમહારાજે સ્પષ્ટ અભિપ્રાય આપ્યો છે તે, ''ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી અને માની એ ચારેય હરિભક્ત સાથે અમારે બને જ નહીં. અને કામીનો તો કોઈ કાળે વિશ્વાસ ન આવે. તે સત્સંગમાં છે છતાંય તે અમારાથી વિમુખ છે.''

આ ઉપરના વાક્યમાં પ્રભુ આપણને ટકોર કરે છે કે જો તમારે સત્સંગમાં ટકી રહેવું હોય અને અમારી પ્રાપ્તિ કરવી હોય તો આ તમામ દુર્ગુણો કાઢી અને સાચા ભાવથી પ્રભુની ભજન ભક્તિ કરો. પરંતુ આ દુર્ગુણો એમના એમ જાય એવા નથી. જેમ કોઈ રોગ થયો હોય તો તેની દવા લેવાથી રોગ દુર થાય તેમજ આપણામાં રહેલા દુર્ગુણોને દુર કરવા સાચા સત્પુરૂષની અવશ્ય જરૂર પડે છે. તેના વગર દુર્ગુણો કાઢવા શક્ય નથી.

ગ.મ.પ્ર.ના ૪૫માં વચનામૃતમાં શ્રીજીમહારાજ એમ કહે છે, ''જે અમારા કહેવાણા છે તેમાં અમારે એક તલમાત્રની પણ કસર રહેવા દેવી નથી. માટે તમે પણ સુધા સાવધાન રહેજો. જો જરાય ગાફલાઈ રાખશો તો તમારો પગ ટકશે નહિ અને અમારે તો તમે ભગવાનના ભક્ત છો તો તમારા હૃદયમાં કોઈ જાતની વાસના તથા કોઈ જાતનો અયોગ્ય સ્વભાવ રહેવા દેવો નથી.'' જો આપણા પ્રભુનો આવો ભવ્ય સંકલ્પ હોય તો આપણે તેવી જ તૈયારી સાથે પ્રભુના સંકલ્પમાં જોડાવવાની ઈચ્છા રાખવી.

આંતરજીવન માટે પ્રભુનો અને તેના સત્પુરૂષનો સંબંધ અતિ આવશ્યક છે. કદાચ આપણે બહારની શુદ્ધિ માટે બીજા ઉપાય કરી શકીએ પરંતુ આપણી અંદર રહેલા કચરાની શુદ્ધિ માટે આપણે પોતે જ મનોબળ કેળવવું પડશે. અને સાચા સત્પુરૂષની આગળ આ બધો કચરો કઢાવવો પડશે તેના વગર છૂટકો નથી. માટે આપણે મોટા સત્પુરૂષની આગળ આપણું ગમતું મૂકીને તે સત્પુરૂષ રાજી રહે તેવું જીવન જીવવું જેથી કરી આપણે પ્રભુના સાચા ભક્ત બની અને આ જ જન્મે શ્રીજીમહારાજને પામી શકીએ.

પટેલ હરિભાઈ રણછોડભાઈ - જમિયતપુરા

# પતિવ્રતાની ભક્તિ

**''અમદાવાદનું ૭ વચનામૃત''**

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે કે સર્વે બ્રહ્માંડોની ઉત્પતિ, સ્થિતિને પ્રલય તેનો કર્તા હું જ છું તથા અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે અને મારે પગને અંગુઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડોની પૃથ્વી ડગવા લાગે તથા સૂર્ય, ચંદ્ર, તારા આદિ મારે તેજે તેજાયમાન છે તથા અનંતકોટિ બ્રહ્માડોનો આધાર ને સર્વેનો કારણ હું જ પુરૂષોત્તમ છું મારા વિના બીજો કોઈ મોટો દેખ્યો નહિં. આવા સર્વોપરિ ભગવાન સ્વામિનારાયણ આપણને કેવળ દયા કરી સહેજ મળ્યા. આમ સમજીને નિશ્ચ કરે તો તે ભક્ત કયારેય નિશ્ચમાંથી ડગે નહિ. આવા અનંત કોટાનકોટી બ્રહ્માંડોના શ્રીજીમહારાજ પોતે સર્વના સ્વામી (કારણ) થયા. તોપણ આ જીવોને જેમ છે તેમ શ્રીહરિનો મહિમા કેમ સમજાતો નથી તે બીજા અવતારોનું નામ સર્વોપરિ પુરૂષોત્તમનારાયણનું ભેળું ને ભેળું વર્ણન કરે છે. કયાં શ્રીજીમહારાજ ને કયાં અવતાર? શ્રીજીમહારાજની કોઈ જોડ નથી એમના જેવા તો તે એક જ છે. વૈરાગ્ય મૂર્તિ સદ્‌ગુરુ અ.મુ. નિષ્કુળાનંદસ્વામીએ સાર્થક કરીને જેવા છે તેવા તેમના કિર્તનોમાં ભક્ત ચિંતામણી ગ્રંથમાં લખ્યા, વર્ણવ્યા, માણ્યા અને ભરપુર ભાવે કરીને ગાયા કે ''આ મૂર્તિ સૌથી નોખી અચરજ કારી છે આ મૂર્તિની શી કહું મોટાઈ અચરજ કારી છે.'' જોવા રાખી નહિ જોડ પુરૂષોત્તમ પ્રગટી રે. ઝાઝા કીધા બીજા ઝાકળ પુરૂષોત્તમ પ્રગટી રે, શ્રીજીમહારાજને સર્વના કારણ, સર્વના નિયંતા, સર્વોપરિ, સર્વાધાર જાણ્યા વિના આ જીવાત્માનો આત્યાંતિક મોક્ષ ન થાય. એટલા માટે શ્રીજીમહારાજ પોતે કહે છે કે શ્વેતદ્વીપ તથા ગોલોક, વૈકુંઠ, બદરિકાશ્રમ આદિ ધામોની સભા કરતા આ મારા દિવ્ય સત્સંગની સભાને અધિક જાણું છું. તે (ગ.છે. ૨)માં અને સર્વે હરિભક્તોને અતિશે પ્રકાશે યુક્ત દેખુ છું એમાં જો લગારેક પણ મિથ્યા કહેતા હોઈએ. તો સંત સભાના સમ છે. આવી રીતે શ્રીજીમહારાજે સમ ખાધા છે. તોય કેટલાક જુના અને નવા આદરવાળા અવતાર અને અવતારીની વાત સમજી શકતા નથી. જીવોનું કેટલું અજ્ઞાન? તે વાતને આપણા અનાદિ મુક્ત સદ્‌ગુરુ મુનિ સ્વામી અ.મુ. જાદવજીબાપા, અ.મુ. પૂજય નારાયણમામાએ તેમની દિવ્ય સરળ વાણીમાં આપણને સમજાવ્યું છે. માટે શ્રીજીના મુખકમળ વચનામૃત અમદાવાદનું સાતમું દરોરજ વાંચી મનન સાથે નિદિધ્યાસ કરીયે તો જરૂર સમજાય તેવું છે.


ફોર્મ - ૪, **મૂર્તિ માસિક અંગેની વિગત** રૂલ નં. ૮ (૧૯૫૬)

ન્યુઝપેપર રજીસ્ટ્રેશન અન્વયે જાહેરનામું

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | પ્રકાશન સ્થળ | : શ્રી અબજીબાપાશ્રીની છત્રી-બળદીયા | ૨. | પ્રકાશન સમય | : દર સામની ૧૧મી તારીખ |
| ૩. | પ્રિન્ટર્સનું નામ | : એલ. એસ. પિન્ડોરીયા | ૪. | પ્રકાશકનું નામ | : કલ્યાણભાઈ નારણભાઈ વેકરીયા |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય | | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : સ્વસ્તિક ઓફસેટ, ભુજ-કચ્છ. | | સરનામું | : શ્રી અબજીબાપાની છત્રી-બળદીયા |
| ૫. | તંત્રીનું નામ | : કલ્યાણભાઈ નારણભાઈ વેકરીયા | ૬. | માસિકના માલિક | : શ્રી અબજીબાપાની છત્રી અને |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય | | | : હનુમાનજીનું મંદિર ટ્રસ્ટ, |
| | સરનામું | : શ્રી અબજીબાપાની છત્રી-બળદીયા | | | : બળદિયા, તા. ભુજ - કચ્છ. |

હું કલ્યાણભાઈ નારણભાઈ વેકરીયા આથી જાહેર કરૂ છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.

-સહી : કલ્યાણભાઈ નારણભાઈ વેકરીયા

જયેશકુમાર એમ. જેશાણી – બળદિયા

# એકાદશીનું મહત્વ

**કોંડે કોંડે એકાદશી કીજીએ રે, એવું વ્રત જોવા નવ દીજીએ રે,**
**એવું વ્રત કરે તે ધન્ય માનવી રે, તેતો નાહ્યો કોટિકવાર જાહ્નવી રે.**

આપણાં ભારતીય શાસ્ત્રોએ એકાદશીનાં વ્રતને ખૂબ મહત્ત્વ આપ્યું છે એનું મુખ્ય કારણ એ છે કે શાસ્ત્રોમાં કહ્યું છે કે સંસારમાં રહેલા મનુષ્યોની દૃષ્ટિ સામાન્ય રીતે રાગભોગ અને વિષયાનંદ તરફ હોય છે જેને કારણે મનુષ્યનું મન સદૈવ ભોગવૃતિ તરફ રહેતું હોય છે. આ ભોગવૃતિને કારણે રોજબરોજના વિપરીત અને અશુધ્ધ આહારથી મનુષ્યોનાં તન અને મન બંને બગડે છે આથી ધર્મ કહે છે કે મનુષ્યએ પોતાનાં તન, મન અને ચિત્તની વિશુધ્ધિ વ્રતનાં ઉપવાસથી કરવી જોઈએ. પરંતુ અહીં પ્રશ્ન થાય કે ઉપવાસ એટલે શું? અને એકાદશી એટલે શું? ઉપવાસનો અર્થ જોઈએ તો ઉપ એટલે નજીક અને વાસ એટલે કે રહેવું અર્થાત નજીક રહેવું પરંતુ પ્રશ્ન એ થાય કે જીવોએ નજીક કોની રહેવાનું છે? સંતો કહે છે કે આ દિવસે જીવોએ પોતાની તમામ ઈન્દ્રિયોને સાંસારિક અને દોષયુક્ત પ્રવૃત્તિઓમાંથી કાઢીને પ્રભુની નજીક રહેવું જોઈએ. જયારે એકાદશી એ શબ્દ એકાદશ પરથી બન્યો છે. પૂનમથી અમાસ સુધીના શુક્લ અને વદનાં પંદર દિવસોમાં અગિયારમાં દિવસે કરવાનું વ્રત તે એકાદશીનું વ્રત. બીજા અર્થમાં જોઈએ તો એકાદશી એટલે કે એક અંતઃકરણ અને દશ ઈન્દ્રિયો જેનાં વડે જીવોએ પોતાનાં જીવનનું અંતિમ લક્ષ્ય પ્રભુ અને બ્રહ્મની પ્રાપ્તિ કરવાની છે આથી સંતો કહે છે કે મનુષ્યોની આ પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને આપણાં અંતઃકરણની વિશુધ્ધિ કરવાનું વ્રત તે એકાદશી છે. સામાન્ય રીતે બે એકાદશી પંદર પંદર દિવસે બે વાર આવે છે પરંતુ ઘણીવાર એવું થાય છે કે એકાદશી કદાચિત બેવાર સાથે આવી જાય છે ત્યારે તેમાં પ્રથમ એકાદશીને સ્માર્ત એકાદશી કહેવામાં આવે છે અને બીજી એકાદશીને વૈષ્ણવ એકાદશી તરીકે ઓળખવામાં આવે છે.

એકાદશીની તિથિ એ સૂર્યોદયનાં એક કલાક અને ૩૬ મિનિટ પહેલા શરૂ થતી હોય તો તે પૂર્ણ એકાદશી કહેવાય છે. પરંતુ જો એકાદશી સૂર્યોદય પહેલા એક કલાક ૩૬ મિનિટ કરતા ઓછી મિનિટોમાં શરૂ થતી હોય તો તે અપૂર્ણ એકાદશી કહેવાય છે. જો એકાદશીનો દિવસ આગળની તિથિ સાથે ભેગો થઈ જતો હોય તો તે એકાદશી બીજા દિવસે કરવી અને ત્યાર પછીનાં ત્રીજા દિવસે એકાદશીનો ઉપવાસ છોડવો. ઉપનિષદમાં આજ્ઞા કરતાં કહ્યું છે કે સંકલ્પપૂર્વક જીવોએ એકાદશીનું વ્રત કરવું જોઈએ આ વ્રત સામાન્ય રીતે ત્રણ દિવસનાં વિધાનથી થાય છે જેમાં દશમીનાં દિવસે મનુષ્યએ એકવાર ભોજન કરવું, એકાદશીનાં દિવસે કેવળ જળ પર આધાર રાખવો અને બારસનાં દિવસે ફરી એકટાણું કરવું. સંતો અને વિદ્વાનો કહે છે કે પ્રભુ પ્રત્યેની સાયુજ્ય ભક્તિ સાધવા માટે, ભગવદ્ પ્રાપ્તિ અને પોતાનાં જીવનની વિશુધ્ધિ અર્થે એકાદશીનું વ્રત કરવું જોઈએ. કારણ કે એકાદશીનું વ્રત કરવાથી સુખ, શાંતિ તથા સમૃધ્ધિની સાથે નિરોગી પણ થવાય છે. પરંતુ વિજ્ઞાન કહે છે કે પંદર દિવસે એક દિવસ ઉપવાસ કરવાથી પાચંનતંત્રને આરામ મળે છે અને શારીરિક આધિ વ્યાધિઓ દૂર થાય છે.

એકાદશી કરી રહેલા ભક્તજનો માટે થોડાં નિયમ બતાવેલાં છે. જેમકે એકાદશીના દિવસે તામસ અન્નનો ત્યાગ કરવો જોઈએ અને અન્ન ખાવું જ ન જોઈએ. આ દિવસે અન્નનું દાન પણ ન કરવું જોઈએ. બને ત્યાં સુધી કેવળ જળ કે દૂધ, અથવા ફળ જેવા સાત્વિક અન્ન ઉપર દિવસ પસાર કરવો જોઈએ. એકાદશીની રાત્રીએ જાગરણ કરવું અને જાગરણ દરમ્યાન પ્રભુ સ્મરણ, અને મનન કરવું જોઈએ. એકાદશીમાં ભક્તજનો માટે અમુક ખાદ્યવસ્તુઓનો નિષેધ પણ કરવામાં આવ્યો છે. જે વસ્તુઓનો નિષેધ કરવામાં આવ્યો છે તેમાં તમામ પ્રકારનાં સૂકા અને લીલા કઠોળ અને કઠોળમાંથી બનતી વસ્તુઓ જેવા કે ચણા, સોયા, મગ વગેરે લીલા શાકભાજી જેવા કે પરવળ, તૂરિયાં, ભીંડા, સરગવાની શીંગ, ગલકા, દૂધી વગેરે, લીલી ભાજીઓ જેવીકે તાંદળજા, પાલક, કડવો–મીઠો લીમડો, સેલાડ કોબી વગેરે અનાજમાં બાજરી, ઘઉં, ચોખા મકાઈ વગેરે તેમજ આ અનાજમાંથી બનતી વસ્તુઓ, વાનગીઓ, તેલ અને આ તેલમાં તળાયેલી કોઈપણ વસ્તુઓ વગેરે લેવાનો નિષેધ માનવામાં આવ્યો છે. જયારે કાળા મરી, સિંધવ મીઠું, આદુ, તાજા મેવા (ફળો) અને સૂકા મેવા (બદામ, કાજુ, મગફળી વગેરે), બટેટા, શક્કરીયા, ઓલિવ અને ઓલિવમાંથી બનતી વસ્તુઓ તથા ઓલિવનું તેલ, લીંબુ, પપૈયાં, નાળિયેર, ખાંડ, દૂધ અને દૂધમાંથી બનતી વસ્તુઓ વગેરે વસ્તુઓને એકાદશીનાં દિવસે માન્ય માનવામાં આવી છે.

મનુષ્યોએ જીવનનાં પ્રત્યેક પંદર દિવસે પોતાનું મન અને જિહવાને રાગભોગ તરફથી બહાર કાઢીને થોડી નજર વૈરાગ્ય તરફ પણ કરવી જોઈએ કારણ કે વૈરાગ્ય રૂપ વિરક્તિથી મનુષ્યને પોતાનાં સ્વરૂપની અનુભૂતિ થાય છે જેને કારણે મનુષ્યની પ્રભુ પ્રત્યેની સાયુજ્ય ભક્તિમાં ચિત્ત લાગે છે. અણુભાષ્ય નામના ગ્રથમાં કહે છે કે એકાદશીનું બીજું નામ હરિ વસારા છે કારણ કે એકાદશી એ વ્રત છે જેનાં દ્વારા ભક્તજનો પોતાનાં પ્રભુને પોતાની તમામ ઈન્દ્રિયોથી પ્રસન્ન કરી શકે છે એકાદશીનાં વ્રતની શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરવાથી જીવો પર ભક્તિદેવીની કૃપા ઉતરે છે જેનાં કારણે જીવો અને જીવાત્મા પોતાનાં કર્મનાં બંધનો ખોલીને મોક્ષના દ્વાર તરફ આગળ વધે છે.

# કેળવણી

### શ્રી ઘનશ્યામ એકેડમી શાળામાં ઉજવાયેલ વસંત પંચમી / શિક્ષાપત્રી જયંતીપર્વ

શ્રી ઘનશ્યામ એકેડમીનાં પ્રાંગણમાં તા. ૨૪-૦૧-૨૦૧૫નાં રોજ વસંત પંચમીનો પર્વ ઊજવાઈ ગયો. જેમાં ધોરણ-૯માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી વેકરિયા હસમુખે વસંત પંચમી વિશે માહિતી આપી હતી. ઉપરાંત, ધોરણ -૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની જેશાણી વૈભવીએ વસંત પંચમીના દિવસે ઊજવાતા બીજા પર્વ 'શિક્ષાપત્રી જયંતી'ના અનુલક્ષમાં શિક્ષાપત્રીના શ્લોકોનું ગાન કર્યું હતું. ત્યારબાદ શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોષીના માર્ગદર્શન હેઠળ શિક્ષકો દ્વારા બાળકો પાસે પુસ્તક પૂજન કરાવવામાં આવ્યું હતું. બધા વિદ્યાર્થીઓએ 'વિદ્યાની દેવી સરસ્વતી'ને વિદ્યાદાન માટે પ્રાર્થના કરી હતી. પૂજન બાદ શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોષીએ વિદ્યાર્થીઓને વસંત પંચમી નિમિતે અભિનંદન પાઠવી બધા વિદ્યાર્થીઓ છૂટા પડ્યા હતા.

### ''દેશ ભક્તિ ગીત સ્પર્ધા''
### Patriotic Song Compe.

તા. ૨૮-૧ના રોજ શ્રી ઘનશ્યામ એકેડેમીના આચાર્યશ્રી ના માર્ગદર્શન હેઠળ દેશભક્તિ ગીતની હરીફાઈ (Comp) રાખવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીએ આપણા દેશ પ્રત્યેનો પ્રેમભાવ દર્શાવતા ગીતો રજુ કર્યા હતા.

ભારતીય વીર સૈનિકો (જવાનો)ને આપણા દેશ માટે વિરતા અને ખુમારી દાખવી તેને વિદ્યાર્થીઓએ પોતાની આગવી ભાષાશૈલીમાં વ્યક્ત કર્યા હતા. તો કેટલાક વિદ્યાર્થીઓએ 'મેરે વતન કે લોગો...' જેવા ગીત ગાઈને વિદ્યાર્થીઓની આંખ ભીની કરાવી હતી. તો કેટલાક વિદ્યાર્થીઓએ આપણા રાષ્ટ્રધ્વજની શાન ને ઉજાગર કરતા ગીત રજુ કર્યા હતા. બાળકોએ આપણા ભારતદેશના નદીઓ, પહાડો તેમજ સમુદ્રનું વર્ણન કરીને પણ વ્યક્ત કર્યું હતું. તો કેટલાક વિદ્યાર્થીઓએ ગ્રુપ સોન્ગ દ્વારા ભારતીય પ્રેમ વ્યક્ત કર્યો હતો. આપણા દેશમાં જોવા મળતી સર્વધર્મ સમભાવનાને પણ ગીતમાં વ્યક્ત કરી હતી. જેનું પરિણામ નીચે મુજબ છે.

| | |
|---|---|
| **5th** | **Std.** |
| 1th | Bajaniya Kuldeep |
| 2nd | Bhojani Diya |
| 3rd | Tilak Dev |
| **6th** | **Std.** |
| 1st | Vaghela Mihir |
| 2nd | Vekariya Bansi |
| 2nd | Bhudiya Sweta |
| 3rd | Khokharai Bhavika |
| **7th** | **Std.** |
| 1st | Senghani Swati |
| 2nd | Hirani Sanskruti |
| 3rd | Kerai Nikul |
| **8th** | **Std.** |
| 1st | Pindoriya Arjun |
| 2nd | Vora Hari Krishna |
| 3rd | Joshi Siddharth |
| **9th** | **Std.** |
| 1st | Thakkar Bhavesh |
| 2nd | Hirani Piyush |
| 3rd | Vekariya Hasmukh |
| 3rd | Senghani Manish |

### ''વાર્તા કથન સ્પર્ધા - કે.જી. સેકસન''
### "Story Telling Compe."

તા. ૨૯-૧-'૧૫ના રોજ શ્રી ઘનશ્યામ એકેડમીમાં કે.જી.સેકસનના બાળકોનું ''Story Telling Compe.'' રાખવામાં આવ્યું હતું. જેમાં P.G. Jr. kgઅને Sr. kg.ના બાળકો પોતાની કાલીઘેલી ભાષામાં વિવિધ વાર્તા રજૂ કરી હતી. બાળકોને હંમેશા કાલ્પનિક જગતની વાર્તાઓ સાંભળવામાં રુચી હોય છે. વાર્તામાં પશુ, પક્ષી અને પ્રાણીઓને ઉદ્દેશીને બોધ આપવામાં આવે છે. બાળકોએ હોંશભેર સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમા વિજેતાઓના નામ નીચે પ્રમાણે છે.

**P.G**

| | |
|---|---|
| 1st | Bhuva Rashmi |
| 2nd | Sevak Riddhi |
| 3rd | Meheta Shloka |

**Jr. kg**

| | |
|---|---|
| 1st | Thakkar Rajvi |
| 2nd | Sharma Diya |
| 3rd | Parmar Devanshu |

**Sr. kg**

1st Kerai Darshan
2nd Kerai Priyanshi
3rd Vekariya Shreeya

**ચિત્ર સ્પધા-ગાંધીજી અને સ્વચ્છતા**

**Drg. Competition**
**"Gandhiji and Cleanliness"**

તા. ૩૦-૧-'૧૫ એટલે ગાંધી નિર્વાણ દિન ગાંધીજી જીવનમાં સફાઈને ખૂબ જ મહત્ત્વ આપતા અને એટલે જ ગાંધી નિર્વાણ દિન નિમિત્તે સફાઈ અભિયાન અંતર્ગત ગુજરાત સરકારે એક ચિત્ર સ્પર્ધાનું આયોજન હાથ ધર્યુ હતું. જેનો વિષય હતો 'ગાંધીજી અને સ્વચ્છતા' અથવા 'સ્વચ્છ ભારત'. આ દિવસે સમગ્ર ગુજરાતની દરેક શાળાએ સ્વચ્છતા અંગે ચિત્ર દોર્યા હતાં. જેમાં શ્રી ઘનશ્યામ એકેડમી શાળાના આચાર્યા શ્રી શુભાંગીબેન જોષીના માર્ગદર્શન હેઠળ શાળાના દરેક વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેની સાથો સાથ શાળાના દરેક શિક્ષકોએ પણ આ સ્પર્ધા અતંગર્ત ચિત્રો દોર્યા હતા. આ દિવસે સૌ પ્રથમ બાળકોને ગાંધી નિર્વાણ દિન વિશેની માહિતી અપાઈ હતી. ત્યારબાદ સફાઈ બાબતે પ્રતિજ્ઞા લેવડાવી હતી. જેમાં બાળકો પોતાના શરીરની, ઘરની, આંગણાની, શેરીની, ગામની, શહેરની તથા દેશની સફાઈ રાખે એવી પ્રતિજ્ઞા લીધી હતી. ત્યારબાદ એક કલાકની સમય મર્યાદાને ધ્યાનમાં લઈ ચિત્ર સ્પર્ધા શરૂ કરાઈ હતી. આ ચિત્ર સ્પર્ધામાં શાળાના દરેક બાળકોએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. દરેક વિદ્યાર્થીઓએ સફાઈને અનુરૂપ જાત-જાત અને ભાત-ભાતના ચિત્રો દોર્યા હતા. એ ચિત્રોમાં વિવિધ રંગો પણ ભર્યા હતા. આ ચિત્રોમાં બાળકોએ સફાઈને અનુરૂપ વિવિધ સૂત્રો પણ ટાંક્યા હતાં. આ આયોજનનો મુખ્ય હેતું બાળકોં પોતાના મનની સાથે તનથી માંડી અને દેશની સફાઈ અંગે જાગૃતિ લાવવાનો રહ્યો હતો.

**પરિણામ**

**1st to 5th std**

1St Tilak Dev
2nd Senghani Tincy
3rd Jeshani Shivani

**6th to 8th std**

1St Raghvani Kavita
2nd Senghani Swati
3rd Mepani Anish

**Teachers Name**

1St Halai Jyotsana
2nd Tilak Hiral
3rd Raghvani Jyotsana

**"Indoor Game"**
**Pin Ball - Kg Section**

તા. ૩૧-૧-'૧૫ના રોજ શ્રી ઘનશ્યામ એકેડેમીમાં Indoor Game અતંર્ગત Pinball Gameનું આયોજન થયું હતું. જેમાં KG Sectionના બાળકો એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ Gameમાં બાળકો એ Number લખેલ Pin(બોટલ) ઉપર ball throw કરતા હતા અને સાથે સાથે તેના ઉપર લખેલ Number Count કરતા હતા. આ Game પાછળનો હેતુ બાળકોની ગાણિતીક શક્તિ વિકસાવવાનો હતો.

**Maths Activity - KG Section**

Kgના બાળકોને તા. ૧૪-૨ના Make Number on Chart Activity કરાવવામાં આવી હતી. આમાં બાળકોએ કલર પેપર ઉપર નંબર Draw કરી અને તેને કટ કર્યા હતા અને પછી તે નંબરોને Chart ઉપર Stick કર્યા હતા. આમાં બાળકોએ વિવિધ રંગોના કાગળનો ઉપયોગ કર્યો હતો. તો કેટલાક બાળકોએ વિવિધ રંગોના પેન્સિલ કલર તથા સ્કેચ કલરનો ઉપયોગ કર્યો હતો. આમ, ગમ્મત સાથે ગણિત (Fun with Count, Maths) એટલે કે આમા બાળકોને નંબર વિશેનું જ્ઞાન પણ મેળવ્યું હતું. તથા વિવિધ કલરની પણ ઓળખ મેળવી હતી.

**1st to 4th Quiz Comp.-સામાન્ય જ્ઞાન પ્રશ્નોત્તરી**

શ્રી ઘનશ્યામ એકેડમીમાં વિદ્યાર્થીઓના જ્ઞાનને ચકાસવા અને ઉજાગર કરવા માટે તા. ૨/૨/૨૦૧૫ના રોજ std. 1 to 4 Quiz Competitionનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ ૧થી ૪ના ચારેય હાઉસના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિજ્ઞાન અને સામાન્યજ્ઞાનને લગતા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. જેમાં દરેક વિદ્યાર્થીઓએ ખૂબ જ સારા જવાબ આપ્યા હતા. અને તેમાં જ તેમની પ્રતિભાની ઝલક દેખાઈ હતી. આ Quiz Competitionce માં Knowledge house પ્રથમ નંબરે રહ્યું હતું અને Intelligen house દ્વિતીય નંબરે રહ્યું હતું. Quiz Competition માં બધા જ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

**1st - Knowledge house-Std**
Gusai Vandan - 3rd
Bhudia Hency - 4th
Ahir Krupa - 2nd
Kerai Harshil - 4th
Bhudia Mahek - 2nd
**2nd - Intelligence house-Std**
Mundhava Nikul - 1st
Halai Kashish - 2nd
Halai Diya - 3rd
Hirani Dainik - 3rd
Pindoria Bhumesh - 4th
Raghavani Parth - 4th

**"Match Stick Activity - KG Section"**
**''દિવસાળીની સળી દ્વારા પ્રવૃત્તિ''**

તા. ૨૧-૨ શનિવારના રોજ K.G Sectionમાં બાળકોને દિવાસળીની સળી દ્વારા પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. આમા બાળકો ઘરેથી માચીસ લઈ આવ્યા હતા. અને તેના દ્વારા વિવિધ 'Shapes' ની Activity કરાવવામાં આવી હતી. કેટલાક બાળકોએ ચાર્ટ પેપર ઉપર ડ્રો કરી અને તેના ઉપર દિવાસળીઓ લગાવી હતી. તો બીજા બાળકોએ દિવાસળીની ટ્રેન બનાવી હતી. આમ, Triangle, Circle, Rectangle Square વગેરે આકારો બનાવ્યા હતા. આમ, Match Stick Activityથી બાળકો Shapesનું જ્ઞાન મેળવે તે હેતુથી આ Activityનું આયોજન કરવામાં આવ્યું હતું.

**Shape and Colourful Day - KG Sec.**

તા. ૭-૨-૨૦૧૫ના રોજ શ્રી ઘનશ્યામ એકેડમીમાં આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોષીના માર્ગદર્શન હેઠળ Kg. Sec.ના બાળકો નો 'Shape Day' ઉજવામાં આવ્યો હતો. જેમાં, P.G ના બાળકો Green, Jr. Kg. ના બાળકો Red તેમજ Sr.Kg_ની Girl Pink અને Boys-Blue કલરના કપડામાં ઉપસ્થિત થયા હતા. ત્યારબાદ બાળકોને વિવિધ Shapeમાં ઉભા રાખવામાં આવ્યા હતા. જેમકે, ચોરસ, ત્રિકોણ, વર્તુળ, લંબચોરસ જેવા આકાર બનાવી અને આકારની સમજણ આપવામાં આવી હતી. વળી, બાળકોને કેસરી, સફેદ, લીલામાં ઉભા રાખી રાષ્ટ્રધ્વજ બનાવવામાં આવ્યો હતો. તમામ બાળકોએ ઉત્સાહ ભેર આ પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો.

**વિષયઃ- શાળામાં સમૂહ-પ્રાર્થના દરમિયાન અપાયેલ વક્તવ્યો બાબતે**

શ્રી ઘનશ્યામ એકેડમી શાળામાં દરરોજ સમૂહ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવે છે. જેમાં વિવિધ વિશેષ દિન વિશે શાળાના શિક્ષકોનાં માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ વિવિધ વકતવ્ય રજૂ કરે છે.

તા. ૨૪-૧-'૧૫નાં રોજ 'વસંત પંચમી' નિમિત્તે શાળાનાં શિક્ષક શ્રીમતી રેશમા સોનીના માર્ગદર્શન હેઠળ ધોરણ ૯માં અભ્યાસ કરનાર વિદ્યાર્થી વેકરિયા હસમુખે સુંદર વકતવ્ય આપ્યું હતું. જેમાં તેમને વસંત પંચમીનું મહત્ત્વ સમજાવ્યું હતું. પ્રાર્થના સભા દરમિયાન ધોરણ ૮અને ૯ની વિદ્યાર્થિનીઓએ સરસ્વતી પૂજન પણ કર્યું હતું. શાળામાં અભ્યાસ કરતા બધા વિદ્યાર્થીઓએ પોત-પોતાના પુસ્તકનું પૂજન પણ કર્યું હતું.

તા. ૨૭-૦૧-'૧૫નાં રોજ શાળાના શિક્ષક શ્રીમતી નીતા જોષીના માર્ગદર્શન હેઠળ ધોરણ ૮માં અભ્યાસ કરતા જોષી સિદ્ધાર્થે આપણા રાષ્ટ્રીય તહેવાર Republic Day વિશે માહિતી આપી હતી.

તા. ૩૦-૦૧-'૧૫નાં રોજ 'ગાંધી નિર્વાણદિન' નિમિત્તે શાળાના શિક્ષક શ્રીમતી પિંડોરિયા હંસાના માર્ગદર્શન હેઠળ ધોરણ ૯માં અભ્યાસ કરનાર વિદ્યાર્થી સેંઘાણી મનિષે ગાંધીજીના જીવન અને તેઓના યોગદાન વિશે માહિતી પૂરી પાડી હતી.

તા. ૦૪-૦૨-'૧૫ એટલે 'વિશ્વ કેન્સર દિવસ' આ બાબતે શાળાના શિક્ષક શ્રીમતી પદમજા વાયડાના માર્ગદર્શન હેઠળ ધોરણ ૯માં અભ્યાસ કરનાર ઠક્કર ભાવેશે આ દિવસ વિશે માહિતી આપી હતી. કેન્સથી સાવધાન રહેવા બાબતે તેમણે સારી અને વિસ્તૃત માહિતી આપી હતી.

તા. ૧૬-૦૨-'૧૫નાં રોજ ધાર્મિક પ્રસંગ તરીકે ઊજવાતા પર્વ 'મહાશિવરાત્રી'ની માહિતી શ્રીમતી કસ્તૂરબેનના માર્ગદર્શન હેઠળ ધોરણ ૭માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની હિરાણી મયૂરીએ આપી હતી. ભગવાન શિવ વિશે તેમણે સારી માહિતી આપી હતી.

શાળાના શિક્ષક દ્વારા અપાયેલ વિશેષ વક્તવ્ય બાબતે.

તા. ૨૮-૦૧-'૧૫ના રોજ શાળાના શિક્ષક શ્રીમતી પદમજા વાયડાએ વિદ્યાર્થીઓને 'ટાઈમ મેનેજમેન્ટ' કઈ રીતે કરવું તેની વિસ્તૃત જાણકારી આપી હતી. વિદ્યાર્થીઓ શાળાઅભ્યાસ સિવાય કઈ રીતે તેનું પુનરાવર્તન કરી શકે તેના વિશે તેઓએ સારી માહિતી આપી હતી.

**સ્વાઈન ફ્લુ**

શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળામાં તારીખ : ૯/૦૨/૨૦૧૫, સોમવારને રોજ, બાયસેગના માધ્યમ દ્વારા સ્વાઈન ફ્લુ અંકુશ રાખવા અંગેનો કાર્યક્રમ ૧૧ થી ૧૧:૪૫ વાગ્યા સુધી બાયસેગ દ્વારા બતાવવામાં આવ્યો હતો. જેમાં ધોરણ-૫ થી ધોરણ - ૧૦ના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો જોડાયા હતાં.

કાર્યક્રમની શરૂઆત કલેક્ટરશ્રી દ્વારા કરવામાં આવી હતી. તેમના મતે ૧૦૩ થી ૧૦૪ ફિવર એ સ્વાઈનફ્લુ માટે પોઝિટિવ લક્ષણ છે. સ્વાઈન ફ્લુ કેવી રીતે થાય છે તે તેમણે જણાવ્યું હતું. ત્યારબાદ જનરલ હોસ્પિટલના વડાએ સ્વાઈન ફ્લુ અંગેની માહિતી આપી હતી, અને સૌને આ ઝુંબેશમાં જોડાવા અંગેની માહિતી આપી હતી. ત્યારબાદ સી.એ.સાહેબે સ્વાઈન ફ્લુ અંગેની ટેકનિકલ માહિતી આપી હતી. તેમના મતે સ્વાઈન ફ્લૂનું નિદાન માત્ર બે દિવસમાં કરી શકાય છે. તેમના મતે હોસ્પિટલના સ્ટાફ પાસે સ્વાઈન ફ્લુની દવાનો પૂરેપૂરો જથ્થો છે. જેથી આ રોગનો તાત્કાલિક ઉપાય કરી શકાય. સ્વાઈન ફ્લુ દર્દીના સંપર્કમાં આવતા લોકોને સ્વાઈન ફ્લુની દવાઓ ડોક્ટરને બતાવ્યા પછી તેમની સલાહ મુજબ લેવાની હોય છે. ડોક્ટરને પણ તેમણે અપીલ કરી કે કોઈપણ વ્યકિતને સ્વાઈન ફ્લુ ન હોય તો તેમને બિનજરૂરી દવાઓ ન આપવી. તેમણે ડોક્ટરને ફરીવાર અપીલ કરી હતી કે દર્દી સાથે સારો વ્યવહાર કરવો જેથી દર્દીને સારું લાગે અને તેમની અપેક્ષાઓ જળવાઈ રહે. ત્યારબાદ તેમણે પોતાની વાણીને વિરામ આપી. અંતે કચ્છ જિલ્લા કલેક્ટર શ્રી મહેન્દ્રભાઈ પટેલે પણ સ્વાઈન ફ્લુ અંગેની વધુ માહિતી આપી હતી. ત્યારબાદ કચ્છ જિલ્લા વિકાસ અધિકારી આર.જી.ભિલોરાએ પણ સ્વાઈન ફ્લુની અંગેની ઊંડી સમજ આપી હતી. ડો.સતીષ મકવાણા જિલ્લા આરોગ્ય અધિકારી-કચ્છ તેમણે લોકોને વિનંતી કરી કે આજુબાજુના વિસ્તારમાં જે કોઈને પણ આવા લક્ષણો જોવાં મળે તો તેને તાત્કાલિક નજીકનાં આરોગ્ય કેન્દ્રમાં તપાસ કરાવવા વિનંતી કરી હતી. તાવ, શરદી, ઉધરસ, માથાનો દુઃખાવો વગેરે એ સ્વાઈન ફ્લુના સામાન્ય લક્ષણો છે. અંતમાં શાળાના પ્રિન્સિપાલશ્રી કે.કે.પટેલે વિદ્યાર્થીઓને સ્વચ્છતા રાખવાની તેમજ કોઈપણ સ્વાઈન ફ્લુના લક્ષણ જણાય તો કોઈ પણ શિક્ષકશ્રીનો તાત્કાલિક સંપર્ક કરવો. તેમજ કોઈ પણ પ્રકારનો ગભરાટ રાખવો નહિ તેવી અપીલ કરી.

**જોડણી અંતાક્ષરી સ્પર્ધા**

અમારી શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળા-બળદિયામાં તા.૧૪-૨-૧૫ને શનિવારના રોજ જોડણી-અંતાક્ષરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર સ્પર્ધાનું સંચાલન શ્રીમતિ મધુબેન પટેલ અને શ્રી જનકભાઈ પટેલએ કર્યું હતું. ઈત્તર પ્રવૃત્તિનો મુખ્ય ઉદ્દેશ બાળકોનો સર્વાંગી વિકાસ થાય તેવો હોય છે. જોડણી-અંતાક્ષરી સ્પર્ધાનો ઉદ્દેશ બાળકોમાં જોડણીના લખાણ દ્વારા ગુજરાતી ભાષા લેખનમાં જોડણીનો સુધાર થાય અને અંતાક્ષરી દ્વારા આનંદની અનુભૂતિ થાય તેવો હતો. આ સ્પર્ધામાં ધો-૫ થી ધો-૯ સુધીના એક-એક ગૃહમાંથી એક-એક વિદ્યાર્થી લેવામાં આવ્યા હતા. સ્પર્ધામાં પાંચ રાઉન્ડ રાખવામાં આવ્યા હતા. ૧) ફિલ્મગીત ૨) ભજન/કીર્તન ૩) દેશભકિત ગીત ૪) લગ્નગીત અને છેલ્લો રાઉન્ડ ૫) કાવ્યગાનનો રાખવામાં આવ્યો હતો. તેમાં પ્રથમ ફિલ્મીગીતને લગતી જોડણી જેવી કે ભગવાન તો તેના પરથી આવતું ફિલ્મી ગીત યે તો સચ હૈ કિ ભગવાન હૈ....એટલે કે જોડણીનો શબ્દ ગીતમાં આવી જાય તે પ્રમાણેનું આયોજન કરવામાં આવ્યું હતું. ફિલ્મી ગીત પ્રમાણેનું પાંચે રાઉન્ડમાં આયોજન કરવામાં આવ્યું હતું. અંતાક્ષરીનું નામ સાંભળતા જ બાળકોમાં ઉત્સાહનો સંચાર થયેલો તેમના મુખ ઉપર જોવા મળતો હતો. સ્પર્ધાની શરૂઆતથી અંત સુધીનો સમગ્ર કાર્યક્રમ ખૂબ જ રસપ્રદ રહ્યો હતો. જોડણી-અંતાક્ષરી સ્પર્ધાનું નિરિક્ષકનું કામ વેકરીયા ભાવિકાબેન અને હિરાણી રીંકલબેન એ કર્યું હતું. સ્પર્ધા પૂર્ણ થતાં સ્પર્ધાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું તેમાં પ્રથમ નંબર મુક્તાનંદ ગૃહ, દ્વિતિય નંબરે ઘનશ્યામગૃહ અને તૃતીય નંબરે અબજીબાપાગૃહ વિજેતા થયા હતા.

અંતે વિજેતા થનાર ગૃહોના વિદ્યાર્થીઓને આચાર્ય શ્રી કે.કે.પટેલ સાહેબને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. અને ગુજરાતી ભાષાનું મહત્ત્વ સમજાવતો એક સરસ મજાનો પ્રસંગ કહી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

**કિવઝ સ્પર્ધા**

તારીખ ૧૪/૨/'૧૫ના રોજ શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળા ૧૨:૧૦ થી ૧:૦૦ વાગ્યા સુધી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌપ્રથમ શાળાના શિક્ષીકા શ્રીમતિ મધુબેન પટેલ દ્વારા જોડણી-અંતાક્ષરીનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ત્યારબાદ M.Dકોલેજ ઓફ એજ્યુકેશન ના B.Ed ના તાલીમાર્થીઓ દ્વારા જી.કે. કિવઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો થાય તે હેતુને ધ્યાનમાં રાખીને આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાગ લેનાર વિદ્યાર્થીઓ ને ચાર ગ્રુપ A,B,C,D માં વિભાજિત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધાના સંચાલક તરીકે નીતાબેન હાલાઈને નિમવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં તમામ વિષયોને આવરી લેતા પ્રશ્ન પૂછવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. નિર્ણાયક તરીકે આ સ્પર્ધામાં મંજુલાબેન હિરાણી, ખત્રી હેતલબેન હતા. એમાં વિજયી થયેલી ટીમને મહેશ્વરી વિશાલ અને ભુવા ડિમ્પલ દ્વારા ઈનામ આપીને પ્રોત્સાહન અપાયું હતું.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળાના આચાર્યશ્રી શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓનો પુરતો સાથ સહકાર મળ્યો હતો. સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો. અંતે શાળાના આચાર્યશ્રી કે.કે.પટેલ સાહેબે વિદ્યાર્થીઓને કહ્યું કે આજના કોમ્પિટેશનના યુગમાં જનરલ નોલેજ કેટલું જરૂરી છે તે વિશે સરસ રસપ્રદ માહિતી આપી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

**માતૃભાષા ગૌરવદિન નિમિત્તે**

**માતૃભાષા સપ્તાહની ઉજવણી**

અમારી શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલ બળદિયામાં માતૃભાષા ગૌરવદિનની ઉજવણી તારીખ ૨૧ થી ૨૬ દરમ્યાન કરવામાં આવી હતી. જેનું સંચાલન શ્રીમતિ મધુબેન પટેલે કર્યું હતું. તારીખ ૨૧ ફેબ્રુઆરીનો દિવસ સમગ્ર વિશ્વમાં માતૃભાષા ગૌરવદિન તરીકે ઉજવવામાં આવ્યો હતો. અમારી શાળામાં ૨૧ ફેબ્રુઆરી શનિવારે શ્રીમતિ મધુબેન પટેલે માતૃભાષા ગુજરાતી વિશે સરસ મજાની માહિતી આપી માતૃભાષા પ્રત્યે પ્રેમ અને લાગણી કેળવાય તેવા પ્રયત્નો આપણે સતત કરતા રહેવું જોઈએ તેમ જણાવ્યું હતું. ત્યારબાદ ધોરણ-૮ નો વિદ્યાર્થી ખુંગલા ઋત્વિક અને ધોરણ-૯નો વિદ્યાર્થી ખુંગલા સચિનએ માતૃભાષાનું મહત્વ અને ભણતરનું માધ્યમ તો ગુજરાતી જ હોવું જોઈએ. તે વિશે સરસ વકતવ્ય આપ્યું હતું ત્યારબાદ ધો-૯ના વિદ્યાર્થી જાદવ ભાવેશે કવયિત્રી મીરાંબાઈના જીવન કવન વિશે સરસ રૂજઆત કરી હતી. ત્યારબાદ ધોરણ-૯ના વિદ્યાર્થી જરૂ ભૌતિકે ઝવેરચંદ મેઘાણીના જીવન પર આધારિત પ્રસંગ અને તેમની કૃતિઓ વિશે સમજૂતી આપી હતી. ત્યારબાદ બાભણીયા પારસે પ્રેમાનંદ વિશે સરસ રજૂઆત કરી હતી. ત્યારબાદ M.D કોલેજમાંથી આવેલ B.Edની તાલીમાર્થી બહેનો અનુક્રમે ભુવા ડિમ્પલબેન, હિરાણી મંજુલાબેન અને ખત્રી હેતલબેન માતૃભાષા ઉપર સરસ વકતવ્ય આપ્યું હતું.

અંતમાં શ્રીમતિ મધુબેન બાળકોને સંબોધતા જણાવ્યું હતું કે ''બાળકને જે ભાષામાં સ્વપ્ન આવે તે ભાષામાં શિક્ષણ આપવું જોઈએ.'' અંગ્રેજી ભાષાનું મહત્ત્વ સમજાવતાં કહ્યું હતું કે આજના  સ્પર્ધાત્મક યુગમાં અંગ્રેજી ભાષાની તાતી જરૂરીયાત છે. તે શીખવી જ જોઈએ પણ માતૃભાષાને ભૂલવી ન જોઈએ. અંતમાં પટેલ રાજેશભાઈ સાહેબે માતૃભાષાનું મહત્ત્વ સમજાવતું સરસ મજાનું ગીત રજૂ કર્યું હતું. શાળાનો સમય પૂર્ણ થતો અંતે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

તા.૨૩-૨-૧૫ને સોમવારની પ્રાર્થના સભામાં માતૃભાષા સપ્તાહની ઉજવણી નિમિત્તે ગીત-ગઝલ કાવ્ય પઠન-ગાન સ્પર્ધા યોજવામાં આવી હતી. તેમાં ધોરણ-૯ માંથી જરૂ ભૌતિકે હાજી કાસમ તારી વિજળી રે...કાવ્યગાન કર્યું હતું. ધો-૬ના વિદ્યાર્થી હડિયા વિવેકે મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત...કાવ્યનું પઠન કર્યું હતું. ત્યારબાદ ગઢવી કેતને નયનને બંધ રાખીને..ગઝલ ગાઈ હતી અને કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

તા.૨૪-૨-૧૫ને મંગળવારના રોજ પ્રાર્થનાસભામાં ધોરણ-૯ના વિદ્યાર્થી ખુંગલા સચિને માતૃભાષા વિશે કાવ્યસર્જન કરી તેની રજૂઆત કરી હતી. ત્યારબાદ જરૂ ભૌતિકે વિદ્યાર્થીએ અભ્યાસ દરમ્યાન કયા કયા ગુણો કેળવવા જોઈએ તે વિશે કાવ્યસર્જન કર્યું હતું. ધોરણ-૭ ના વિદ્યાર્થી ધા.પરમાર ઉપેન્દ્રએ ગીત રજૂ કર્યું હતું અને કાર્યક્રમ પૂર્ણ જાહેર કર્યો હતો.

તા.૨૫-૨-'૧૫ને બુધવારના રોજ માતૃભાષા ગૌરવદિન ઉજવણી સપ્તાહ નિમિત્તે શાળામાં પુસ્તક પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. શાળાના દરેક વિદ્યાર્થીઓએ તે પ્રદર્શન જોયું હતું. અને ઐતિહાસિક, વિષય તથા ધર્મને લગતા પુસ્તકોથી માહિતગાર થયા હતા. પ્રદર્શનમાં ધોરણ-૫ થી ૧૦ એમ ક્રમાનુસાર વિદ્યાર્થીઓને લઈ જવામાં આવ્યા હતા અને ધો-૧૦ના વિદ્યાર્થીઓએ જોયા પછી આ કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

તા.૨૬-૨-'૧૫ ને ગુરુવારના રોજ લોકો માતૃભાષા વિશે સજાગ બને તે હેતુથી ગામમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ સવારે ૮ વાગે સ્વામિનારાયણ શાળાથી લઈને ગામની પ્રાથમિક શાળા સુધી રેલી યોજી હતી. તેમાં માતૃભાષાને લગતા સૂત્રો બોલાવવામાં આવ્યા હતા.

માતૃભાષા ગૌરવદિન સપ્તાહની ઉજવણી પૂર્ણ થતાં શાળાના આચાર્ય શ્રી કે.કે.પટેલ સાહેબે માતૃભાષાના મહત્ત્વ વિશે સુંદર દ્રષ્ટાંત કહ્યું હતું અને માતૃભાષાનું મહત્ત્વ સમજાવતાં કહ્યું હતું કે માતૃભાષાએ તો 'આંખ' છે જ્યારે પરભાષાએ 'ચશ્માં' છે કદાચ ચશ્મા વગર માનવી ચલાવી શકે પણ આંખ વિના ચલાવી શકે? તેવી સરસ મજાની સમજ આપી હતી. સમય પૂર્ણ થતા કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

### ઈન્ટરશિપ માટે આવેલ B.Edના તાલીમાર્થીઓ

અમારી શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક તો માધ્યમિક શાળા બળદિયામાં તા.૧૩-૨-૧૫ થી તા.૨૫-૨-૧૫ દરમિયાન M.D કોલેજના તાલીમાર્થી ભાઈ તથા બહેનો ઈન્ટરશીપ કાર્યક્રમ માટે આવેલ હતા. જેમાં ગણિત-વિજ્ઞાનના તાલીમાર્થી બહેન હાલાઈ નીતાબેન અંગ્રેજી - સા.વિના તાલીમાર્થી ભાઈ મહેશ્વરી વિશાલભાઈ ગુજરાતી સંસ્કૃતના તાલીમાર્થી બહેન ભુવા ડિમ્પલબેન ગુજરાતી-હિન્દીના બહેન હિરાણી મંજુલાબેન અને ખત્રી હેતલબેન હતા. આ બધા તાલીમાર્થીઓએ આ ઈન્ટર્નશિપ કાર્યક્રમ દરમ્યાન ખૂબ જ ઉત્સાહથી પોતાનું શિક્ષણકાર્ય કર્યું હતું તથા શિક્ષણના એક અંગ સ્વરૂપ ઈત્તર પ્રવૃત્તિઓનું આયોજન તા.૨૫-૨-'૧૫ને બુધવારને રોજ કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ મીટર દોડ, સંગીત ખુરશી અને લંગડી સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં ૧૦૦ મી દોડ્યા. ધો-૫માંથી કેરાઈ હર્ષિલ, ધો-૬માંથી સેંઘાણી કૃષ્ણ, ધો-૭માંથી કાપડી કિશન, ધો-૮માંથી ચાવડા મનિષ, ધો-૯માંથી શઠવા દિનેશ આ વિદ્યાર્થીઓ વિજેતા થયા હતા. સંગીત ખુરશીની સ્પર્ધામાં પ્રાથમિકમાંથી વ્યાસ મીત તથા માધ્યમિકમાંથી મ્યાત્રા હરી કે વિજેતા થયા હતા. લંગડી સ્પર્ધામાં પ્રાથમિકમાંથી ગોયલ અશ્વિન તથા માધ્યમિકમાંથી જાડેજા વિજય ગુલાબસિંહ વિજેતા થયા હતા. સ્પર્ધાઓ પૂર્ણ થતા વિજેતા વિદ્યાર્થીઓને તેમના તરફથી ઈનામ આપવામાં આવ્યા હતા. તથા શાળાને પણ ભેટમાં વિદ્યાદેવી સરસ્વતી માતાની મૂર્તિ આપી હતી. તથા શાળાના શિક્ષકો, આચાર્યશ્રી, તથા વિદ્યાર્થીઓને તેઓએ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો. અંતે શાળાના આચાર્યશ્રી કે.કે.પટેલ સાહેબે તેમની મહેનત અને લગનના વખાણ કર્યા હતા. તથા તેઓ જીવનમાં ખૂબ જ પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવીને કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

### ઈન્સપેકશન

તા.૨૫-૨-૨૦૧૫ ને બુધવારના રોજ સરકારશ્રી દ્વારા શાળાનું ઈન્સપેકશન કરવામાં આવ્યું હતું A.D.Iશ્રી રાજગોર સાહેબ S.S.C ના ૧૦૦% રીઝલ્ટ તથા દર સાલનું રીઝલ્ટ માધ્યમિક શિક્ષણ બોર્ડ કરતા ઊંચુ આવેલું જોઈને પ્રિન્સિપાલશ્રી કે.કે.પટેલ સાહેબ તથા સમગ્ર સ્ટાફ તથા ટ્રસ્ટીમંડળને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા. શાળાની ભૌતિક સુવિધાઓ સાયન્સ લેબોરેટરી, કોમ્પ્યૂટર રૂમ, પુસ્તકાલય, પ્રાર્થના ખંડ, વર્ગખંડો, રમતનું મેદાન વગેરે જોઈને સંતોષ વ્યકત કર્યો હતો. શાળાની વીકલી,

પખવાહિક, મંથલી પરીક્ષાઓ, ઈત્તર પ્રવૃત્તિઓનું ગૃહ પ્રમાણેનું આયોજન, લેખન આયોજન, પ્રાર્થના સભાનું આયોજન બુલેટીન બોર્ડનું મેટર, પ્રોજેક્ટ વર્ક શિક્ષણ પદ્ધતિ વગેરે નિહાળીને આનંદ વ્યક્ત કર્યો હતો.

**''વિજ્ઞાન દિનની ઉજવણી''**

તા.૨૮-૨-'૧૫ ને શનિવારના રોજ અમારી શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળામાં ''વિજ્ઞાન દિવસ''ની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં કાર્યક્રમનું સમગ્ર સંચાલન શ્રીમતિ કૃપાલીબેન કાલરિયા અને શ્રી શૈલેષભાઈ પટેલે કર્યું હતું અને આ દિવસની ઉજવણી વિશે માહિતી આપી હતી.

તા.૨૮-૨-'૧૫ને ''વિજ્ઞાન દિવસ'' તરીકે ડો.સી.વી.રામની યાદમાં ઉજવવામાં આવે છે. તેમને કરેલી શોધ માટે તેના બહુમાનમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે આપણા આખા દેશમાં તમામ શાળા-કોલેજોમાં વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ''વિજ્ઞાન પ્રદર્શન, ક્વીઝ સ્પર્ધા, Live demonstrytion" તેમજ ટી.વી અને રેડિયોમાં વિજ્ઞાન વિશેના અનેક નવતર પ્રયોગો બતાવીને આ દિવસ ઉજવાય છે. અમારી શાળામાં પણ અમારા શિક્ષકો શ્રીમતિ કૃપાલીબેન અને શ્રી શૈલેષભાઈએ વિજ્ઞાનની શોધ દ્વારા આપણા દેશને અવનવી શોધો અને ટેકનોલોજીનાં ઉપયોગ દ્વારા થતા પર્યાવરણને લાભ આધારીત માહિતી આપી અને પ્રયોગો કરી બતાવ્યા હતા.

આ ઉપરાંત આપણા દેશમાં દરવર્ષે અલગ અલગ થીમ ઉપર વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેમકે વર્ષ

2000- Our changing earth
2001- Information Technoloy for Science education
2002- Wealth from waste
2003- The blue print of life
2004- Encuraginy scientic Awarness in community
2005- Celebrating physics
2006- Narture Nature for our fature
2007- more gop per drop
2008- understaning the planet earth
2009- expanding Horizontal science
2010- Gender equity science & Technology for justaunable development
2011- chemistry energy option for Nacler safely
2013- Genctically modify crops.
2014- for stering scintic temper.

આ રીતે વિવિધ થીમ આધારીત આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. અને લોકોમાં જાગૃતિ લાવવામાં અવનવા પ્રયાસો કરવામાં આવે છે. અને આ વર્ષ ૨૦૧૫ને Science for Nation Building આ થીમ ઉપર ઉજવવનો નિર્દેશ કરવામાં આવ્યો છે. અને અનેક પ્રયાસો દ્વારા લોકોમાં જાગૃતિ કેળવવાની એક પહેલ કરવામાં આવશે તો આપણા દેશનું ઘડતર સારી રીતે થઈ શકે છે અને કોઈપણ દેશનાં વિકાસમાં પાયામાં વિજ્ઞાન જ રહેલું છે એ વાતને સાર્થક કરવા આ થીમ આધારિત વિજ્ઞાન દિનની ઉજવણી કરવાની છે.

આ ઉપરાંત આ દેશની ઉજવણીમાં દર વર્ષે Racc Radio Astronony Centrecoty તેમજ GMRT (Giant metro wate Radio Telescope) અને NCRA (National Centre for Radio Astro Physics) તેમજ TIFRC (Tata Insiture for fundamn Resrarch) દ્વારા પણ ઉજવવામાં આવે છે. વગેરે જેવી માહિતી શ્રીમતી કૃપાલીબેન કાલરિયા દ્વારા આપવામાં આવી હતી. તેમજ વિજ્ઞાન પ્રદર્શનની મુલાકાત અંગ્રેજી માધ્યમમાં સર્વે વિદ્યાર્થીઓએ લીધી હતી.

અને અંતે આચાર્યશ્રી કે.કે.સાહેબે વિજ્ઞાનના મહત્ત્વ વિશે માહિતી આપી અને કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

**''શ્રી ઘનશ્યામ એકેડમી-બળદિયા''**

**''શૈક્ષણિક પ્રવાસ''**

શ્રી ઘનશ્યામ એકેડમી-બળદિયામાં શાળાના વિદ્યાર્થીઓના અભ્યાસને ધ્યાનમાં રાખીને શાળાના આચાર્યાશ્રીએ તા. ૨૨-૨-૧૫ને રવિવારનાં દિવસે પ્રવાસનું આયોજન કરેલ.

આ પ્રવાસમાં બે મુખ્ય સ્થળોની મુલાકાત લેવામાં આવેલ. કાળો ડુંગર અને ધોરડો(સફેદરણ) જેમાં શાળાના

ધોરણ-૬ થી ધોરણ-૯ના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ.

તા.૨૨-૨-૧૫ને રવિવારના રોજ સવારના ૭:૩૦ વાગ્યે શાળાની બસમાં જ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સૌપ્રથમ કાળો ડુંગર જવા નીકળેલા. પ્રથમ બે કલાકનો સમય શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ બસમાં અંતાક્ષરી રમતા-રમતા વિતાવ્યા. ત્યારબાદ અમે ૧૧:૦૦ વાગ્યે કાળો ડુંગર પહોચ્યા. જ્યાં એક દતાત્રેયનું મંદિર આવેલું છે. એક લોકવાયકા મુજબ એવું માનવામાં આવે છે કે આ દતાત્રેયનાં મંદિરમાં કાચમાંથી સૂર્યનું પ્રથમ કિરણ ભગવાન દતાત્રેય પર પડ્યું હતું. ખૂબ જ સુંદર અને ઈતિહાસની ઝાંખી કરાવતો આ પર્વત ખૂબ જ આકર્ષક અને સુંદર છે. મંદિરથી થોડે ઉપરના ભાગમાં એક સુંદર વૃક્ષો અને પક્ષીઓનું મહત્ત્વ સમજાવતું પરિસર છે. જેની ઉપરથી આપણે કચ્છના સફેદરણ અને કાળો ડુંગરનું અદ્ભૂત સૌંદર્યને નિહાળી શકીએ છીએ. ડુંગર ઉપસ સુંદર મજાનું ભોજનાલય આવેલું છે. જેમાં બેસીને વિદ્યાર્થીઓ પોતાના ઘરેથી લઈ આવેલ પૌષ્ટીક આહારને આરોગ્યો. ત્યારબાદ અમે ત્યાંથી ધોરડો જવા માટે બપોરના ૨ વાગ્યે નીકળ્યા. રસ્તામાં આવતું વિશ્વવિખ્યાત એવું બન્નીનું મેદાન અને ઘાસ જોતા જોતા અમે ૩:૩૦ વાગ્યે પહોંચ્યા.

ધોરડો પહોચતાં જ શાળાનાં વિદ્યાર્થીઓ ધોરડોમાં ચાલતા રણોત્સવને જોઈ ખૂબ જ ખુશ થઈ ગયા. ત્યાંથી આગળ જતા અમે સફેદરણમાં પ્રવેશ કર્યો. ત્યાં શાળાના વિદ્યાર્થીઓને ભારતીય સૈનિક દ્વારા એમનાં હાથમાં રહેલી બંદૂક વિશે માર્ગદર્શન આપવામાં આવેલ. ત્યારબાદ ત્યાંથી આગળ અમે સફેદરણમાં પ્રવેશ કર્યો. ત્યાં કચ્છીજનો તેમજ કચ્છી પહેરવેશની ઝાંખી થઈ. સફેદરણની અંદર શાળાના શિક્ષકો સાથે વિદ્યાર્થીઓ દૂર-દૂર સુધી ફર્યા અને સફેદરણના કુદરતી સૌંદર્યની ખૂબ જ મજા માણી. ત્યાંથી અમે ૫:૩૦ કલાકે પરત આવવા નિકળી ગયા. રસ્તામાં બસની અંદર જ અંતાક્ષરીની મજા માણતા અમે અમારા એક દિવસીય પ્રવાસની ખૂબ જ મજા માણીને સાંજના ૮ વાગ્યે અમે ઘરે પહોંચ્યા.

# ચેતનાની અટારીએથી

સર્વે મળ્યા કહેવાય. પછી તેમાં પૂર્ણકામ થઈને પ્રસન્નતાના સાધન કરતા રહીને મૂર્તિના નિત્યનવીન સુખમાં ગરકાવ રહેવાનું છે.

પ્રશ્નઃ ગુરુદેવ, સત્સંગમાં ક્યારેક એવું જોવા મળે છે કે કેટલાક એકાંતિક મુક્તોને અવરભાવમાં અતિશય આર્થિક ભીસ તથા વ્યવહારિક સંકટોનો સામનો કરવો પડતો હોય છે. એ જોઈને કોઈક સત્સંગીને એવા સંશય થાય છે કે જુઓને! આને કેવા પાપ કર્યા હશે કે આવા સત્સંગમાં આવ્યા પછી પણ આની તકલીફોનો અંત આવતો નથી...આવા સંશયાત્માઓને આપ શું સલાહ આપવા માંગો છો.

પ.પૂ.ગુરુવર્યઃ સાચો સત્સંગી એ કહેવાય કે જે અન્ય દુઃખી સત્સંગીની વહારે આવી તેને સંકટોનો સામનો કરવામાં મદદરૂપ થાય. નિયમ, નિશ્ચય અને પક્ષ એ આપણા સંપ્રદાયનો પાયાનો સિદ્ધાંત છે. નરસિંહ મહેતા જેવાએ પણ લખી નાખ્યું કે, વૈષ્ણવજન તો એણે રે કહીએ જે પીડ પરાઈ જાણે રે.. દરેક ધર્મમાં દયા અને કરુણાને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ઈશુ ખ્રિસ્તે પણ કહ્યું કે Help thy naghbour જે સત્સંગી બીજા દુઃખી સત્સંગીને જોઈને તેની મદદે દોડી જવાને બદલે તેની ટીકા કરે તેને હું સત્સંગી માનતો જ નથી. ગીતામાં પણ કહ્યું છે કે, संशयात्मा विनश्यति ।સંશય કરનાર વહેલો મોડો કલ્યાણના માર્ગમાંથી પડે જ છે.

એકાતિક મુક્તના જીવનમાં જે કાંઈ તકલીફો આવે છે તે તો શ્રીજીમહારાજનો કૃપાપ્રસાદ હોય છે! એવે ટાણે જે જે મુમુક્ષુઓ એ મુક્તની તન,મન,ધનથી સેવા કરે તેના ઉપર શ્રીજીમહારાજની અપરંપાર કૃપા થાય છે. બાપાશ્રી જ્યારે મંદવાડ ગ્રહણ કરતા ત્યારે કહેતા કે,'આ મંદવાડ સહુ હેતવાળા સંત હરિભક્તોના સમાસ અર્થે છે. આ સેવા અનંત જન્મોના ખોટના ખાતા વાળી નાખે એવી અમૂલ્ય છે.' આ વાત આપણે સામાન્યમાં સામાન્ય સત્સંગીની બાબતમાં પણ સાચી માનવાની છે. જેના મુખે ભગવાન સ્વામિનારાયણનું નામ છે તે બધાં જ દિવ્ય છે અને એ બધાં દાસોનો હું દાસ છું એવો દાસાનુદાસ ભાવ રાખીએ તો જ શ્રીજીમહારાજની પ્રસન્નતા આપણને પ્રાપ્ત થાય.!

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન આયોજીત
# અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ પ્રાગટ્યદિન નિમિત્તે સત્સંગ બ્રહ્મયજ્ઞ

અનાદિમુક્તરાજ પરમપૂજ્ય શ્રી નારાયણભાઈના પ્રાગટ્યદિન નિમિત્તે તા. ૧૬-૨-૨૦૧૫ને સોમવારના રોજ શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન દ્વારા મનોરમા પાર્ટી પ્લોટમાં એક દિવસીય સત્સંગ બ્રહ્મયજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

બ્રહ્મયજ્ઞની શરૂઆત મંગલમય ખુશનુમા વાતાવરણમાં સત્સંગના સુપ્રસિદ્ધ સંગીત કલાકાર પ.ભ. હસમુખભાઈ પાટડિયાએ પ્રાર્થના તથા કીર્તન આરાધના દ્વારા કરી.

ત્યારબાદ ધામ-ધામથી પધારેલ સંતોમાંથી સૌ પ્રથમ મૂળીધામથી પધારેલા સદ્. ગુ. શાસ્ત્રી શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામીએ સવિકલ્પ સમાધિ અને નિર્વિકલ્પ સમાધિ વિષે તથા સર્વોપરી ઉપાસના અને સ્વરૂપનિષ્ઠાની વાત કરી અને પૂ. નારાયણમામાનો ગુણાનુવાદ કરી રસપ્રદ પ્રવચન કર્યું.

છારોડી ગુરુકુળથી પધારેલા સત્સંગના મૂર્ધન્ય સંત સદ્. ગુ. શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ તત્વજ્ઞાનની સાથે સાથે બાળ સહજ નિર્દોષતાથી મામાશ્રી જેવા મુક્તોના કૃપારૂપી વરસાદમાં પલળવા આવ્યા છીએ. તેમના ચરણે જવાથી ભગવાનના સુખની પ્રાપ્તિમાં સુગમતા રહે છે. તે વિશેની સુંદર વાત કરી.

ત્યારબાદ ૧૦-૪૬ વાગ્યે પૂ. શ્રી નારાયણમામાના પ્રાગટ્યનો સમય થતાં આનંદ અને અનેરા ઉત્સાહ સાથે હાજર રહેલા સૌ હરિભક્તોએ મહાનિરાજનનો (આરતી) લાભ લઈ અલૌકિક આનંદમાં રસતરબોળ થયા.

બાદમાં સ્વામિનારાયણ ડિવાઈન મિશન દ્વારા નવ્ય-ભવ્ય પ્રકાશનો, તથા પુનઃમુદ્રિત પ્રકાશનો, વચનામૃત ઓડિયો એમપીથ્રી ડીવીડી, અમૃત સરિતા ઓડિયો એમપીથ્રી સીડી, યુએસબી પેનડ્રાઈવમાં મિશન દ્વારા પ્રકાશિત પુસ્તકોની ઓડિયો એમપીથ્રી સીડી, ડીવીડી, મિશન દ્વારા પ્રકાશિત પુસ્તકની ઈબુક પીડીએફ ફાઈલ વગેરે મુકવામાં આવેલ છે. વચનામૃત રહસ્યાર્થની એનરોઈડ એપ્લિકેશન વગેરેનું વિમોચન શરૂઆત નાના બાળમુક્તો દ્વારા કરવામાં આવી. ત્યારબાદ અગ્રગણ્ય સંતો અને સ્વામિનારાયણ ડિવાઈન મિશનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મુકેશભાઈ અને છતેડી સ્થાનના પ્રમુખ શ્રી ગોવિંદભાઈ વગેરે દ્વારા વિમોચન સંપન્ન થયું.

ત્યારબાદ સદ્.ગુ.શાસ્ત્રી શ્રી અક્ષરવિહારીદાસજી સ્વામી વેજલપુર પંચમહાલ, સદ્. ગુ.શ્રી મહાત્મા સ્વામી સુરેન્દ્રનગર, સદ્.ગુ.શ્રી પુરુષોત્તમચરણદાસજી સ્વામી જોરાવરનગર, સદ્. ગુ.શ્રી શ્રીરંગદાસજી સ્વામી વડોદરા, સદ્. ગુ. શ્રી વિવેક સ્વામી ધ્રાંગધ્રા વગેરે ધામોથી પધારેલા વિદ્વાન સંતોએ પૂ. નારાયણમામાની સ્થિતિ અને દિવ્ય કલ્યાણકારી ગુણોનું સુંદર વર્ણન કરી મનનીય પ્રવચનો કર્યા.

છતેડી સ્થાનથી પધારેલા શ્રી ગોવિંદભાઈએ જણાવ્યું કે છતેડીધામ અને મિશન સંસ્થા બંને એક જ છે અને દરેક કાર્યો સાથે મળી કરે છે. તેમણે કૃપાવર્ષા મહોત્સવ પ્રસંગે છતેડી ધામમાં પધારવાનું સર્વેને ભાવભીનું આમંત્રણ આપી વિરમ્યા.

પ.ભ.શ્રી જીતુભાઈ વ્યાસે પૂ. નારાયણમામાના અલૌકિક પ્રતાપને બિરદાવી અનાદિમુક્તની સ્થિતિનું આધ્યાત્મિક રહસ્ય સંક્ષિપ્તમાં સમજાવ્યું. સવારના સત્રના અંતમાં પ.ભ. શ્રી યુનુસભાઈએ મહારાજના જ્ઞાનની સાચી સમજણ આપણે સૌએ કેળવીને ભગવાનમાં જોડાવાની વાત કરી. આમ થોડીવાર ધૂન્ય અને કીર્તન કર્યા બાદ સવારનું સત્ર પૂર્ણ થયું.

પ.ભ.શ્રી હસમુખભાઈ પાટડિયાની કીર્તન-આરાધના દ્વારા બપોરના સત્રની ૩ઃ૩૦ વાગ્યે શુભ શરૂઆત થઈ.

ત્યારબાદ ગઢડાથી પધારેલા સદ્.ગુ. શાસ્ત્રી શ્રી ભક્તિપ્રિયદાસજીએ પૂ. નારાયણમામાની ધ્યાનની સ્થિતિને બિરદાવી. તથા રાજકોટથી પધારેલા સદ્. ગુ.શ્રી હરિપ્રિયદાસજી સ્વામીએ પ્રાસંગિક ઉદ્બોધનમાં કહ્યું કે ગુરૂદેવ કહેતા કે શાસ્ત્રી સ્વામી જો કોઈ ગૃહસ્થ હરિભક્તના જાહેરમાં વખાણ કરતા હોય તો તે નારાયણમામાના વખાણ કરતા. મામાશ્રી ગૃહસ્થમાં રહ્યા થકા સંત જ છે. તેવી મામાશ્રીની સ્થિતિને બિરદાવી.

સુરત ગુરૂકુળથી પધારેલા સદ્. ગુ. શાસ્ત્રી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીએ ધ્યાનના પ્રકારો વિશે સુક્ષ્મ સમજણ આપી. નારાયણમામા તો જીવનભર મહારાજના સ્વરૂપમાં વિલિન રહ્યા પણ આ જે માર્ગો એમણે કંડાર્યા એમાં મહારાજના સ્વરૂપનો જે સર્વોપરી ભાવ, દિવ્યભાવ તેમણે કરી બતાવ્યો. અને સ્વામિનારાયણ ડિવાઈન મિશનનો ધ્યેય જે ધ્યાન તેની વ્યવસ્થા માટે સુરત ગુરૂકુળમાં ધ્યાનખંડ બનાવ્યો તેમાં શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન દ્વારા ધ્યાનની મૂર્તિ પધરાવવામાં આવી છે. અને ડિવાઈન મિશનની વિવિધ પ્રવૃત્તિઓ અને ધ્યાન-ધારણાની આ પરંપરા પૂ. નારાયણમામાએ ચલાવી છે તેનો વિકાસ થતો રહે એટલું કહીને નારાયણમામાના ચરણોમાં મારા હૃદયની પુષ્પની માળાઓ અર્પણ કરીને કોટી કોટી વંદન કરૂં છું.

વડતાલ ટેમ્પલ બોર્ડના મુખ્ય કોઠારી સદ્. ગુ. શાસ્ત્રી શ્રી નીલકંઠચરણદાસજીએ 'તામારી મૂર્તિ વિના મારા નાથ રે.' પ્રેમાનંદ સ્વામિ રચિત કીર્તન પર પોતાની સંગીતમય આગવી વિશિષ્ટ શૈલીમાં સમજૂતી આપી પૂ.નારાયણમામાનો ગુણાનુવાદ કર્યો.

વડતાલ ટેમ્પલબોર્ડના ચેરમનશ્રી સદ્. ગુ. શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાદશદાસજી સ્વામીએ તેમની વાણીમાં કહ્યું કે ભગવાન અને ભગવાનના અનાદિમુક્તો સ્વતંત્ર છે. તેમને આવવા-જવાનું

નથી હોતું. જે ભગવાનના ચરિત્રો આપણને જે સુખ આપે છે એટલું જ સુખ એમના જે અનાદિમુક્તોના ચરિત્રો પણ આપે છે. મહારાજે અનેક મુક્તોને આ લોકમાં મોકલ્યા, તેમાંના એક પૂ. મામા છે. જેવા મહારાજે પરચા પૂર્યા એવા જ મોટા સંતોએ પરચા પૂર્યા, એવા જ બાપાશ્રીએ પરચા પૂર્યા અને એવા જ મામાશ્રીએ પણ પરચા પૂર્યા. મોટાના ચરિત્રો કલ્યાણકારી છે જેમ ભગવાનની સમગ્ર ક્રિયાઓ જીવોના કલ્યાણ માટે છે તેમ મહામુક્તોની ક્રિયા પણ જીવોના કલ્યાણને માટે હોય છે. અને પોતાને પૂ.જાદવજીબાપાએ તથા પૂ. નારાયણમામાએ હાર પહેરાવી આશીર્વાદ આપી ઉપકૃત કર્યા હતા તેની યાદ તાજી કરી.

ત્યારબાદ સુરત રૂસ્તમબાગથી પધારેલા સદ્. ગુ. શાસ્ત્રી શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામીએ કહ્યું કે પૂ. નારાયણમામાનો એક જ ધ્યેય હતો કે જીવ વધારે ને વધારે મૂર્તિનું સુખ ભોગવે. મામાશ્રી જેવા સત્પુરૂષના યોગમાં આવે તે આત્મા-પરમાત્મામાં જોડી દે. પૂ. મામાશ્રી માટે સારો શબ્દ તો મૂર્તિધારક હોવો જોઈએ. જેમ કોઈ બુદ્ધિવાળો હોય તેને બુદ્ધિમાન કહેવાય તેમ મામાની પાસે મૂર્તિ અખંડ હતી તેથી મામા મૂર્તિમાન હતા. આજે પૂ. મામાશ્રીનો પ્રાગટ્યદિન, અને જન્મદિન તો નહીં જ કારણકે જેમ ભગવાનનું પ્રાગટ્ય થાયછે તેમ અનાદિમુક્તોનું પણ પ્રાગટ્ય થાય છે. તેઓ અનંત જીવોના કલ્યાણ માટે અહીં આવે છે. રમુજી દ્રષ્ટાંત દ્વારા એક શ્રીહરિજીની જ ઉપાસના દઢ કરવાની હિમાયત કરી. પૂ.નારાયણમામાની સ્થિતિની પ્રશંસા કરી વિરમ્યા.

વડતાલ ધામના સદ્. ગુ. શાસ્ત્રી શ્રી નૌતમપ્રકાશદાસજી સ્વામીએ પોતાની હાજરીની અસમર્થતાને કારણે પત્ર દ્વારા સંદેશ પાઠવ્યો કે સ્વામિનારાયણ ડિવાઈન મિશનના ઉપક્રમે મુક્તરાજ શ્રી નારાયણભાઈના પ્રાગટ્ય નિમિત્તે સત્સંગ બ્રહ્મયજ્ઞનું આપ સર્વએ ભાવથી આમંત્રણ આપ્યું હતું, તે પત્ર દ્વારા મારા મનની વાત કહી રહ્યો છું. તમે જે આ સભાઓ કરો છો તે સભા અક્ષરધામની, શ્રીજીમહારાજની જ સભા છે. અમે વાચ્યું-સાંભળ્યું છે તે મહામુક્ત શ્રી અબજીબાપા નિરાવરણ દૃષ્ટિ, સમાધિનિષ્ઠ, આખો સત્સંગ ખોળતાં ન મળે તેવા હતા. મોટા તો શ્રીજીમહારાજના અંગમાં રહ્યા હોય છે, આપણે બધાએ એમના થયા પછી આપણી ફિકર એમણે કરવાની છે. આવા બ્રહ્મયજ્ઞો કરી બીજાને સર્વોપરી ઉપાસનાનો માર્ગ બતાવો છો, તે શ્રીહરિના રાજીપાનું કેન્દ્ર છે. સૌને ભાવથી જય સ્વામિનારાયણ. તે પત્રનું પઠન પ.ભ.શ્રી ભાનુભાઈએ કર્યું.

ત્યારબાદ પ.ભ. શ્રી છગનભાઈ પટેલે ભાવાત્મક શૈલીણાં પૂ. મામા તથા માસીની સ્મૃતિ વાગોળી પ્રાસંગિક ઉદ્બોધન કર્યું.

ત્યારબાદ ચાંદલોડિયાથી પધારેલા સદ્. ગુ. શાસ્ત્રી શ્રી શ્રીજી સ્વામીએ અ.મુ.બાપાશ્રી, પૂ. મામાશ્રી અને પૂ. સોમચંદબાપા, મુનિસ્વામી વગેરે મુક્તોની સ્મૃતિ કરી અને સ્વામિનારાયણ ડિવાઈન મિશનની પ્રવૃત્તિને બિરદાવી પ્રસંગોચિત્ત ઉદ્બોધન કર્યું.

મૂળી ધામના સદ્. ગુ. શાસ્ત્રી શ્રી સ્વયં પ્રકાશદાસજી સ્વામીએ સૌ ઉપર મહારાજની, બાપાશ્રીની ને અ.મુ. શ્રી નારાયણમામા વગેરે મુક્તોની કૃપાવર્ષા થાય એવી પ્રાર્થના સહ રૂડા આશીવર્ચન કહ્યા. અંતમાં અ.મુ.શ્રી નારાયણમામાનું સમાપન હૃદયસ્પર્શી વકતવ્ય સૌને મંત્રમુગ્ધ કરી ગયું.

આ પ્રસંગનું સભા સંચાલન પ.ભ.શ્રી ભાનુભાઈ પટેલે પોતાની આગવી શૈલીમાં કુશળતાપૂર્વક કર્યું હતું. તેમજ મિશનના સંનિષ્ઠ નવયુવાન કાર્યકર્તાઓએ ધામ-ધામથી પધારેલા સંતોનું વખતોવખત ભાવપૂર્વક પૂજન કર્યું હતું.

બંને સત્રોના સમાપન બાદ સૌએ મહાપ્રસાદનો આનંદપૂર્વક લાભ લઈ પોતાને ધન્યભાગી બનાવ્યા હતા.

**ચંદ્રગ્રહણ**

સંવત ૨૦૭૧ના ચૈત્ર સુદ ૧૫ શનિવાર તા.૪/૪/૨૦૧૫ના રોજ કન્યારાશિમાં થનાર ખગ્રાસ ચંદ્રગ્રહણ છે, તે ભારતમાં ગ્રસ્તોદિત દેખાશે તેથી પાળવાનું છે, તેનો સ્પર્શ શનિવાર તા. ૪/૪/૨૦૧૫ના રોજ ૩:૪૦ મિનિટે થશે અને મોક્ષ સાંજે ૭:૨૦ મિનિટે થશે તેનો વેધ શનિવારે સવારે ૬:૦૦ વાગ્યાથી થશે, ત્યારપછી ભોજન કરવું નહિ. બાળકો, રોગી, અતિ અશક્ત, અતિ વૃદ્ધોએ બપોરના ૧૧:૧૦ થી વેધ પાળવો.

| ગ્રહણનો સમય | સ્પર્શ | મધ્ય | મોક્ષ | પર્વકાળ |
|---|---|---|---|---|
| શનિવારે સાંજે | ક-મી | ક.મી | ક.મી | ક.મી |
| તા. ૪-૪-૨૦૧૫ | ૩:૪૦ | ૫:૩૦ | ૭:૨૦ | ૪:૩૧ |

## મૂર્તિ સુખે સુખિયા

ગામ ગોડપરના કારા કુંટુંબના કેસરબાઈ કરસન કારા ઉ.વ.૯૪, તા. ૮/૧૨/'૧૫ ના રોજ મૂર્તિ સુખે સુખિયા થયા છે.

બાપાશ્રીના હેતવાળા સુઝલોન કુ.ના મેનેજર આશિષભાઈ રાણાના કાકાશ્રી ડો.હરેશભાઈ રાણા (સ્વાતંત્ર્ય સેનાની) ઉ.વ.૭૯ મૂર્તિ સુખે સુખિયા થયા છે.

ગામ બળદિયાના અને છતેડીધામના માજી ટ્રસ્ટી અને સેક્રેટરી શ્રી મનજીભાઈ ખીમજીભાઈ વેકરીયા લંડન મુકામે તા.૧૬/૧/૧૫ ના રોજ ૮૬ વર્ષની ઉંમરે મૂર્તિ સુખે સુખીયા થયા છે.

ગામ બળદિયાના રતનબાઈ આસાણી ૮૦ વર્ષની ઉંમરે તા.૩/૨/૨૦૧૫ ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે.

મુંબઈ નિવાસી પ.ભ.શૈલેષભાઈના માતુશ્રી નીલાબેન ચીમનલાલ પારેખ ઉ.વ.૮૧, ૮/૨/'૧૫ ના રોજ મૂર્તિ સુખે સુખિયા થયા છે.

# સેવા સરવાણી

| | | |
|---|---|---|
| ૧. | રાજેશ રામજી વેકરીયા | બળદિયા |
| ૨. | ભાઈલાલભાઈ રામાભાઈ પટેલ | ઝુંડાલવાળા |
| ૩. | રાકેશભાઈ વશરામભાઈ પટેલ | સુરત |
| ૪. | મનજી વિરજી ખેતાણી | કોડકી |
| ૫. | હરજી રામજી જેશાણી | દહિંસરા |
| ૬. | ભરત મનજી હિરાણી | બળદિયા |
| ૭. | રૂપેશ મનજી હિરાણી | બળદિયા |
| ૮. | કુંવરજી લાલજી વેકરીયા | નારણપર (વેકરીયા પરિવાર) |
| ૯. | માવજી રામજી વેકરીયા | નારણપર |
| ૧૦. | અ.નિ.હિરેન લાલજી મુરજી ગામી | કેરા (બોમ્બે) |
| ૧૧. | ગીરીશ દેપાલા | લંડન |
| ૧૨. | કૃપાલ નીલેશભાઈ વિઠ્ઠલાણી | અમદાવાદ |
| ૧૩. | ડીવાઈન મિશન મહિલા મંડળ | અમદાવાદ |
| ૧૪. | માવજી સામજી રાઘવાણી, કરશન ગોવિંદ રાઘવાણી | બળદિયા |
| ૧૫. | શ્યામભાઈ | ભુજ |
| ૧૬. | રવજીભાઈ હિરાણી | ભારાસર |
| ૧૭. | રવજીભાઈ કાનજીભાઈ વેકરીયા | બળદિયા |
| ૧૮. | એન.એમ.ગાંધી | દિલ્હી |
| ૧૯. | આશાબેન મહેતા | આદિપુર |
| ૨૦. | અ.મુ.શ્રી લીલાબેન નારાયણભાઈ ઠક્કર<br>હ.સ્વામિનારાયમ ડિવાઈન મહિલા મંડળ | અમદાવાદ |
| ૨૧. | નારણભાઈ કાનજીભાઈ રાઘવાણી | બળદિયા |
| ૨૨. | રાધાબેન વિજય કેરાઈ | ભારાસર |
| ૨૩. | હિતેશભાઈ સોની | ભુજ |
| ૨૪. | વેલજી કરશન માવજી વેકરીયા | બળદિયા |
| ૨૫. | પરબત મનજી ભુડીયા ધ.પ.કેશરબાઈ એન્ડ સન્સ કિશોરભાઈ | |
| ૨૬. | મનજી નાથા રાઘવાણી અમરબાઈ મનજી | નારણપર |
| ૨૭. | નટવરભાઈ શંકરભાઈ પટેલ | અમદાવાદ |
| ૨૮. | શામબાઈ રતનાભાઈ હ.શૈલેષભાઈ | ભારાસર |
| ૨૯. | લાલભાઈ કલ્યાણભાઈ જેશાણી ધ.પ.સામબાઈ<br>પુત્રી-કાંતાબેન, પ્રિતિબેન, પ્રવિણાબેન, નિકુલબેન, લાલજીભાઈ | બળદિયા |
| ૩૦. | મૂ.નિ. કરશનભાઈ કુંવરજીભાઈ વરસાણી હ. વિનોદભાઈ રવજીભાઈ | કેરા |
| ૩૧. | અ.મુ.પ.પુ.જાદવજીબાપા કાનજીબાપા અબજીબાપાશ્રીની પૂણ્યતિથિ<br>નિમિતે હ.ગોવિંદભાઈ કલ્યાણભાઈ બાપાવાળા સહપરિવાર | બળદિયા |
| ૩૨. | મૂ.નિ.લાલજીભાઈ રામજીભાઈ વરસાણી<br>મૂ.નિ. રતનબેન લાલજી હ.પુત્ર મૂ.નિ. હરજીભાઈ, દેવરાજભાઈ, ગોવિંદભાઈ,<br>પુત્રી પ્રેમીલાબેન | ભારાસર |
| ૩૩. | જ્યોતિબેન પ્રતાપરાય મહેર ચંદાણી | ગાંધીધામ |
| ૩૪. | મૂ.નિ. શામજીભાઈ ત્રિભોવનદાસ હાલાણી હ.પુત્ર જગજીવનભાઈ<br>અચરતભાઈ કેશવલાલ | |
| ૩૫. | હસમુખભાઈ પ્રભુભાઈ સબાપરા | મોરબી |
| ૩૬. | દિપેનભાઈ અનિલભાઈ પટેલ હ. શિવાભાઈ કેવળભાઈ પટેલ | નારણપુરા |
| ૩૭. | વાસુદેવભાઈ નાગરદાસ પટેલ | મેમનગર |
| ૩૮. | બચુભાઈ ગણેશભાઈ જાકાસણીયા | જેતપર |
| ૩૯. | કુમારભાઈ રામકૃષ્ણભાઈ સોમૈયા | મુંબઈ |
| ૪૦. | ભાણજીભાઈ વનમાળીદાસ પરીખ એન્ડ સન્સ | અમરેલી |
| ૪૧. | મનન ભાવેશ જેશાણી હ. ગોવિંદભાઈ ખીમજીભાઈ જેશાણી | બળદિયા |
| ૪૨. | દિપકભાઈ વિનોદભાઈ કેરાઈ એચ.ડી.કે.ગીફ્ટસ | મીરજાપર |
| ૪૩. | જસવંતભાઈ મોહનભાઈ ઠક્કર | પાલડી |
| ૪૪. | મેઘબાઈ માવજીભાઈ વરસાણી<br>હ.માવજીભાઈ ધનજીભાઈ વરસાણી | કેરા |
| ૪૫. | કાવ્યાબેન કશ્યપભાઈ પટેલ | મેમનગર |
| ૪૬. | મૂ.નિ.ચંદુભાઈ છગનભાઈ હ.છગનભાઈ ગોગજીભાઈ પટેલ | અમદાવાદ |
| ૪૭. | જીવરાજભાઈ તળશીભાઈ ભુવા | ભરાડા |
| ૪૮. | મૂ.નિ. નારાયણગર ભીમગર ગુંસાઈ સમસ્ત પિતૃના આત્માના મોક્ષશાર્થે હ.શંભુગર | ભુજ |
| ૪૯. | મૂ.નિ. અમરબાઈ માવજીભાઈ લીંબાણી હ. માવજીભાઈ ખીમજીભાઈ | દહિંસરા |
| ૫૦. | મનજીભાઈ વેલજીભાઈ હાલાઈ | નારણપર |
| ૫૧. | ભગવાનભાઈ પિતાંબરભાઈ માલવણીયા | ધોળી |
| ૫૨. | જાદવજીભાઈ હરજીભાઈ પટેલ | વલ્લભવિદ્યાનગર |
| ૫૩. | હરીવદન કેશવલાલ ઈનામદાર | કાલોલ |
| ૫૪. | ઝાલાવાડ એગ્રો | સુરેન્દ્રનગર |
| ૫૫. | શ્રી સ્વામિનારાયણ મંદિર (બાઈઓનું છતેડીવાળું) હ.સાં.યો.જસુબાઈ | બળદિયા |
| ૫૬. | ત્રિભોવનદાસ ગોરધનભાઈ પટેલ | ધોળી |
| ૫૭. | મોહનભાઈ કેશરાભાઈ વરસાણી | ભારાસર |
| ૫૮. | નારાયણભાઈ કરશનભાઈ માલવાણીયા | ધોળી |
| ૫૯. | મનજીભાઈ લાલજીભાઈ વરસાણી | કેરા |
| ૬૦. | કાનજીભાઈ કરશનભાઈ જેશાણી | દહિંસરા |
| ૬૧. | હેતલબેન ચંદ્રેશભાઈ પટેલ | મેમનગર |
| ૬૨. | હેમંતભાઈ પ્રવીણભાઈ પરીખ | નારણપુરા |
| ૬૩. | વિરલભાઈ પ્રવીણભાઈ પરીખ | નારણપુરા |
| ૬૪. | ધનબાઈ કલ્યાણભાઈ વેકરીયા | બળદિયા |
| ૬૫. | નાનજીભાઈ કલ્યાણભાઈ વેકરીયા | બળદિયા |
| ૬૬. | ભાગવતભાઈ પ્રેમજીભાઈ પટેલ | મોટા અંકેવાડિયા |
| ૬૭. | મગનભાઈ પિતાંબરભાઈ પટેલ | ધોળી |
| ૬૮. | ઈશ્વરભાઈ હરજીભાઈ પરિજીયા | મોટા અંકેવાડિયા |
| ૬૯. | દિલીપભાઈ હીરજીભાઈ પટેલ | મોટા અંકેવાડિયા |
| ૭૦. | ભુદરભાઈ જસમતભાઈ પટેલ | ગુજરવદી |
| ૭૧. | દયાળજીભાઈ પરસોતમભાઈ પટેલ | ગુજરવદી |
| ૭૨. | નારયણભાઈ ત્રિભોવનદાસ માલવણીયા | સુરેન્દ્રનગર |
| ૭૩. | ચતુરભાઈ અમરશીભાઈ પટેલ | જસાપર |
| ૭૪. | મૂ.નિ.માવજીભાઈ હિરાણી હ. અમરબાઈ માવજીભાઈ હિરાણી | બળદિયા |
| ૭૫. | અ.મુ.જાદવજીબાપા કાનજીબાપા હ.આશાબેન મુકુન્દરાય મહેતા | આદિપુર |
| ૭૬. | જાદવજીબાપા કાનજીબાપાની દિવ્ય પ્રેરણાથી હ.વિશ્વેશભાઈ એમ મહેતા | આદિપુર |
| ૭૭. | રતારામભાઈ ધીરારામભાઈ મેવાડા | આમલીયા(રાજસ્થાન) |
| ૭૮. | જ્યોતિન્દ્રભાઈ આદેશરા | નારણપુરા, અમદાવાદ |
| ૭૯. | સુજય જ્યોતિન્દ્રભાઈ આદેશરા | નારણપુરા, અમદાવાદ |
| ૮૦. | ધીર્ય નીલેશભાઈ ગાંધી | મુંબઈ |
| ૮૧. | શીલ્પાબેન સંજયભાઈ દેસાઈ | મુંબઈ |
| ૮૨. | કાંતિલાલ શીવજીભાઈ કેરાઈ | બળદિયા |
| ૮૩. | મુ.નિ.રતનબેન જાદવાભાઈ હિરાણી ધનબાઈ કાનજીભાઈ ચોથાણી | બળદિયા |
| ૮૪. | અશ્વિનભાઈ રવજીભાઈ પટેલ | સભાનપુરા |
| ૮૫. | ધીરૂભાઈ ભોજાણી હ.નીલેશભાઈ ધીરૂભાઈ ભોજાણી | પુણે |
| ૮૬. | તેજસભાઈ મહેન્દ્રભાઈ ઠક્કર | ભુજ |
| ૮૭. | પ.પુ.સાંખ્યયોગી શ્રી વાલીબા | સરસપુર |
| ૮૮. | મંજુબેન રાકેશભાઈ ભુડિયા | (હાલે લંડન) સુખપર રોહા |
| ૮૯. | જાદવજીભાઈ પરબતભાઈ ભુડિયા | (હાલે લંડન) સુખપર રોહા |
| ૯૦. | શારદાબેન ભાઈલાલભાઈ પટેલ | અમદાવાદ |
| ૯૧. | મૂ.નિ.મંજુલાબેન આશારામભાઈ ઠક્કર હ.સુરેશભાઈ આશારામભાઈ | અમદાવાદ |
| ૯૨. | પ્રકાશભાઈ જેઠાભાઈ ભાદાણી | સુરત |
| ૯૩. | કાનજીભાઈ ભવાનભાઈ રૂપાણી | વલ્લભ વિદ્યાનગર |
| ૯૪. | કાનબાઈ કાનજીભાઈ મુરજીભાઈ વરસાણી | યુ.કે |
| ૯૫. | વિમલભાઈ કાંતિભાઈ પટેલ | અમદાવાદ |

# આગામી માસના તહેવારો

| | | |
|---|---|---|
| તા. ૧/૪/'૧૫ | ચૈત્ર સુદ ૧૨ | શ્રી હરિને પારણેથી ઉતારવા |
| તા. ૩/૪/'૧૫ | ચૈત્ર સુદ ૧૪ | ગુડ ફ્રાઈડે (U.K) |
| તા. ૪/૪/'૧૫ | ચૈત્ર સુદ ૧૫ | જોરાવરનગર સ્વા.મંદિરનો પાટોત્સવ, ચંદ્રગ્રહણ |
| તા. ૬/૪/'૧૫ | ચૈત્ર વદ ૨ | ઈસ્ટર મન્ડે (U.K) |
| તા. ૮/૪/'૧૫ | ચૈત્ર વદ ૪ | સ.ગુ.શ્રી શ્વેતવૈકુંઠદાસજી, સ્વામીની અંતર્ધાનતિથિ. |
| તા. ૯/૪/'૧૫ | ચૈત્ર વદ ૫ | સ.ગુ.શ્રી નારાયણસેવકદાસ<br>લીમડાવાળાની અંતર્ધાનતિથિ. |
| તા. ૧૧/૪/'૧૫ | ચૈત્ર વદ ૯ | ભુજ રાધાકૃષ્ણદેવનો પાટોત્સવ |
| તા. ૧૫/૪/'૧૫ | ચૈત્ર વદ ૧૧ | વરૂથિની એકાદશી ઉપવાસ |
| તા. ૧૮/૪/'૧૫ | ચૈત્ર વદ ૩૦ | દર્શ અમાવસ્યા |
| તા. ૨૦/૪/'૧૫ | વૈશાખ સુદ ૨ | ગીષ્મઋતુ પ્રારંભ |
| તા. ૨૩/૪/'૧૫ | વૈશાખ સુદ ૫ | ભુજ શ્રી સ્વામિ તથા છપૈયા શ્રી ઘનશ્યામ મહા.નો પાટોત્સવ |
| તા. ૨૫/૪/'૧૫ | વૈશાખ સુદ ૭ | સ.ગુ.ભૂમાનંદ સ્વામીની પ્રાગટ્યતિથિ |
| તા. ૨૭/૪/'૧૫ | વૈશાખ સુદ ૯ | શ્રી હરિજયંતિ |
| તા. ૨૯/૪/'૧૫ | વૈશાખ સુદ ૧૧ | કૃપાવર્ષા મહોત્સવ પ્રારંભ એકાદશી |
| **તા. ૫/૫/'૧૫** | **વૈશાખ વદ ૧** | **કૃપાવર્ષા મહોત્સવ પૂર્ણાહુતિ** |